દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 82 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ -૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 8 April 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૮ એપ્રિલ ૨૦૨૬, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાન પર કયામત બની ત્રાટકશે ટ્રમ્પ

SCAN FOR TODAY'S GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## આખી 'સભ્યતાને' નેસ્તનાબૂદ કરવાની અમેરિકી પ્રમુખની ધમકી

- વધુ ૧.૪ કરોડ લડવૈયા યુદ્ધ માટે તૈયારઃ તહેરાન
- ખાર્ગ ટાપુ પર ફરી હુમલા
- ઈરાનમાં બે પુલ, ટ્રેન સ્ટેશન ઉડાડ્યા
- વીજ પ્લાન્ટને ફરતે માનવ-સાંકળ રચવા આદેશ
- ઈઝરાયલ, સઉદીમાંના પુલનો નાશ

તહેરાનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે ધમકી આપી હતી કે ઇરાન જો હોર્મુઝ સામુદ્રધુની ખોલવા સહિતના કરાર માટે સહમત નહિ થાય, તો ઇરાનમાં આજે બધાને મોતને ઘાટ ઉતારીશ અને સર્વનાશ કરીશું. ઇરાનની આખી 'સંસ્કૃતિ', એક આખી 'સભ્યતા'નો આજે નાશ કરીશ.

દરમિયાન, ઇરાનના પ્રમુખે દાવો કર્યો હતો કે દુશ્મનો સામે લડવા હું અને અન્ય ૧.૪ કરોડ લડવૈયા તૈયાર છીએ.

ઇરાન પર મંગળવારે કરાયેલા હુમલામાં બે પુલ અને ટ્રેન સ્ટેશન ઉડાડી દેવાયા હતા.

તહેરાને જનતાને દેશના વીજ મથકોના રક્ષણ માટે વીજ પ્લાન્ટને ફરતે માનવ-સાંકળ રચવા હાકલ કરાઇ હતી.

ઇરાનના ખાર્ગ ટાપુ પર પણ ફરી હુમલા કરાયા હતા.

ઇરાને કરેલા વળતા હુમલામાં ઇઝરાયલ અને સઉદી અરેબિયાના અમુક પુલને ભારે નુકસાન થયું હતું.

એક અહેવાલ મુજબ ઇરાને ટ્રમ્પની યુદ્ધવિરામ માટેના સોદાને લગતી દરખાસ્ત ફગાવી દીધી છે.

ઇરાનના ઉચ્ચ અધિકારી અલીરેઝા રહિમીએ વીડિયો સંદેશામાં બધા યુવાનો, ઍથ્લીટ્સ, કલાકારો, વિદ્યાર્થીઓ, યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ અને પ્રાધ્યાપકોને ઊર્જા મથકને ફરતે માનવ-સાંકળ રચીને તેઓનું રક્ષણ કરવા અપીલ કરી હતી.

ઇરાનના અર્ધલશ્કરી દળ - રિવૉલ્યુશનરી ગાર્ડે બાળકોને દેશની રક્ષા માટે મોકલવા વાલીઓને હાકલ કરી હતી. દુનિયાના અનેક દેશના નેતાઓ અને

(જુઓ પાનું ૨) ▶▶

## 'મુંબઈ સમાચાર'ના મંચ પર ધર્મસત્તા અને રાજસત્તાનું મિલન







એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહના મંચને મંગળવારના છઠ્ઠા દિવસને અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજે પાવન કર્યો હતો. તેમણે અને અતિથિવિશેષ તરીકે પધારેલા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસે પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રીની આધ્યાત્મમાં તરબોળ કરી દેતી ભાગવત કથાનું રસપાન કર્યું હતું. જગદ્‌ગુરુ શંકરાચાર્ય અને શ્રી ફડણવીસ બંનેએ 'મુંબઈ સમાચાર'ની માતૃભાષાને ધબકતી રાખવાની પહેલને બિરદાવી હતી. (અમય ખરાડે)

- વધુ અહેવાલ - તસવીરો ૬

વધુ અહેવાલ ૬

## પશ્ચિમ બંગાળમાં ૯૧ લાખ મતદારોની બાદબાકી કરાઈ

કોલકાતાઃ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, પશ્ચિમ બંગાળમાં સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પ્રક્રિયા બાદ મતદારયાદીમાંથી આશરે ૯૧ લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યાં છે. મતદારયાદી સુધારણા પ્રક્રિયા પૂર્ણ થયા પછી રાજ્ય માટે મતદારોના અંતિમ આંકડાઓ હજુ જાહેર કરવામાં આવ્યા નથી. ૨૮ ફેબ્રુઆરીના રોજ જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ગયા વર્ષે નવેમ્બરમાં એસઆઈઆર પ્રક્રિયા શરૂ થયા પછી ૬૩.૬૬ લાખ નામો (કુલ મતદારોના આશરે ૮.૩ ટકા) દૂર કરવામાં આવ્યાં હતાં, જેના કારણે મતદારોની સંખ્યા આશરે ૭.૬૬ કરોડથી ઘટીને ૭.૦૪ કરોડ થઈ ગઈ હતી.

આ ૭.૦૪ કરોડ મતદારોમાં ૬૦.૦૬ લાખ મતદારોનો સમાવેશ થાય છે જેમને ''વિચારણા હેઠળ'' શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. ચૂંટણી પંચના આંકડા મુજબ, ન્યાયિક અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ બાદ આ ૬૦.૦૬ લાખ ''વિચારણા હેઠળ'' મતદારોમાંથી ૨૭.૧૬ લાખના નામ દૂર કરવામાં

(જુઓ પાનું ૨) ▶▶

## ઇંધણની ભયંકર અછતઃ પાકિસ્તાનમાં લૉકડાઉન

લાહોરઃ ઈરાને હોર્મુઝની ખાડીમાંથી જહાજો પસાર થવા પર લગાવેલા પ્રતિબંધથી અનેક દેશોમાં પેટ્રોલ-ડીઝલની અછત ઊભી થઈ છે. આની અસર ભારતના પડોશી દેશ પાકિસ્તાન પર પણ થઈ છે. પાકિસ્તાને સ્માર્ટ લોકડાઉન લગાવ્યું છે. વડાપ્રધાન શહબાઝ શરીફે મુખ્યપ્રધાનો સાથેની બેઠક બાદ આ નિર્ણય જાહેર કર્યો હતો.

શાહબાઝ સરકારી પંજાબ, ખૈબર પખ્તૂનખ્વા, બલૂચિસ્તાન, ઈસ્લામાબાદ, ગિલગિટ-બાલ્ટિસ્તાન તથા પીઓકેમાં માર્કેટ, શોપિંગ મોલ અને બિઝનેસ એકમોને રાત્રે આઠ કલાકથી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય ઈસ્લામાબાદમાં શાહબાઝ શરીફની અધ્યક્ષતામાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં લેવામાં આવ્યો હતો. આ બેઠકમાં પેટ્રોલિયમ ઉત્પાદન સંબંધિત ઊર્જા બચત અને ઓછામાં ઓછા ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

(જુઓ પાનું ૨) ▶▶

## એ ત્રણ દિવસ કોઈ મહિલાને અસ્પૃશ્ય ગણવી એ તદ્દન અયોગ્યઃ સુપ્રીમ કૉર્ટ

### આ સાથે 'રજસ્વલા' મહિલા પણ મંદિરમાં પૂજા કરવા હકદાર હોવાનું સબરીમાલા કેસમાં સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશનું મહત્ત્વનું નિવેદન

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતનાં ન્યાયાધીશ બી. વી. નાગરત્નએ કેરલમના સબરીમાલા મંદિર સહિતના ધાર્મિક સ્થળે (દસથી પચાસ વર્ષના વયજૂથની રજસ્વલા) મહિલાઓના પ્રવેશના કેસમાં મંગળવારે જણાવ્યું હતું કે ઘણી જગ્યાએ દસથી પચાસ વર્ષના વયજૂથની (રજસ્વલા) મહિલાને દર મહિને (માસિકસ્રાવના) ત્રણ દિવસ 'અસ્પૃશ્ય'ની જેમ ગણ્યા બાદ ચોથા દિવસથી જ તેઓને મંદિરમાં પૂજા કરવા દેવામાં આવે છે. આ બાબત અયોગ્ય, ગેરકાયદે અને ગેરબંધારણીય છે. 'રજસ્વલા' મહિલાઓને પણ મંદિરમાં પ્રવેશવાનો અને ધાર્મિક વિધિ કરવાનો અધિકાર મળવો જ જોઇએ.

કેરલમમાંના સબરીમાલા મંદિર સહિતના અનેક ધાર્મિક સ્થળે 'રજસ્વલા' મહિલાઓની સાથે રખાતા ભેદભાવને પડકારતી અરજીઓની સુનાવણી નવ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચ કરી રહી છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ બી. વી. નાગરત્ન, ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ, ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ, ન્યાયાધીશ અરવિંદકુમાર, ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યોર્જ માસિહ, ન્યાયાધીશ પ્રસન્ના બી. વારલે, ન્યાયાધીશ આર. મહાદેવન અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીનો સમાવેશ કરતી નવ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે.

કેન્દ્ર સરકાર વતી સર્વોચ્ચ અદાલતમાં દલીલ કરતા સૉલિસિટર તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સબરીમાલા કેસમાં ૨૦૧૮માં અપાયેલા ચુકાદામાં કહેવાયું હતું કે દસથી પચાસ વર્ષના વયજૂથની મહિલાઓને 'અસ્પૃશ્ય' જેવી ગણીને તેઓને મંદિરમાં પ્રવેશ નહિ આપવાથી

(જુઓ પાનું ૨) ▶▶

### સબરીમાલામાં મહિલાઓનાં પ્રવેશ પરની બંધીને કેન્દ્રનો ટેકો

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટમાં સબરીમાલામાં ૧૦ વર્ષથી ૫૦ વર્ષની મહિલાઓના પ્રવેશ પરથી બંધીનું સમર્થન કરતા કહ્યું હતું કે આ બાબત ધાર્મિક સ્વતંત્રતાના અને ધાર્મિક જૂથની સ્વાયત્તાના કાર્યક્ષેત્રમાં આવે છે અને આમાં ન્યાયી સમીક્ષાનો અવકાશ નથી.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની

(જુઓ પાનું ૨) ▶▶

## આસામમાં ચૂંટણી પ્રચારનો અંત, આવતી કાલે મતદાન

ગુવાહાટીઃ ૧૨૬ સભ્યોની આસામ વિધાનસભાની ચૂંટણી માટેના પ્રચારના પડઘમ મંગળવારે સાંજે ૫ વાગ્યે શાંત થઈ ગયા હતા. આ ચૂંટણીમાં ૯ એપ્રિલના રોજ મતદાન થશે. ચૂંટણીમાં ૭૨૨ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સહિત ભાજપના નેતાઓએ વિપક્ષ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેઓએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ ઘૂસણખોરોને આસામની જમીન પર કાયમી રહેવા માટે

(જુઓ પાનું ૨) ▶▶

## કાશ્મીરમાં એલઈટીના મોડ્યૂલનો પર્દાફાશ

### ૧૬ વર્ષે પકડાયો પાકિસ્તાની આતંકવાદી

શ્રીનગરઃ શ્રીનગર પોલીસે લશ્કર-એ-તોઈબા (એલઈટી)ના મોડ્યૂલનો પર્દાફાશ કરી પાંચ જણની ધરપકડ કરી હોવાનું અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું.

ધરપકડ કરાયેલી પાંચ વ્યક્તિમાં પાકિસ્તાની આતંકવાદી અબ્દુલ્લા ઉર્ફે અબુ હૂરેરાનો પણ સમાવેશ થતો હોવાનું તેમણે કહ્યું હતું.

અબુ છેલ્લાં ૧૬ વર્ષથી નાસતોફરતો હતો અને કેન્દ્રશાસિત પ્રદેશની બહાર બેઝ સ્થાપવામાં સફળ રહ્યો હતો.

ફરીદાબાદસ્થિત અલ ફલાહ યુનિવર્સિટીમાં મુખ્ય કેન્દ્ર ધરાવતા તેમ જ

(જુઓ પાનું ૨) ▶▶

મુંબઈ સમાચાર
જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 98923 43106.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ
In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 98923 43106.
Email: dygm.samachar@gmail.com
We value your readership and are committed to your daily connection.

## ગૌહત્યા બંધ કરાવવા રામમંદિર જેવી જનચેતના જરૂરીઃ મોહન ભાગવત

મથુરાઃ આરએસએસના વડા મોહન ભાગવતે મંગળવારે કહ્યું કે ભારતમાં ગૌહત્યા બંધ કરવામાં જનજાગૃતિ મદદ કરી શકે છે, અને આ હેતુ માટે રામ મંદિર શૈલીનો ઉત્સાહ જરૂરી છે.

ગાય પ્રત્યે સમર્પિત સમાજ બનાવો, અને ગૌહત્યા તાત્કાલિક બંધ થશે. આપણે જનતાને જાગૃત કરવી પડશે; બાકીનું બધું અનુસરશે, તેવું ભાગવતે કહ્યું.

તેમણે શહેરોમાં ગાય રાખવાની મર્યાદાઓને સ્વીકારી, અને લોકોને તેના બદલે ગૌશાળાઓને ટેકો આપવાનું સૂચન કર્યું.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ગુજરાતી ડોક્ટર સામેના ફ્રોડના કેસમાં સમાધાનઃ ૧.૪ કરોડ ડૉલર ચૂકવશે

વોશિંગ્ટનઃ અમેરિકામાં ભારતીય મૂળના ડોક્ટર જિતેશ પટેલ અને તેમની યુરોલોજી સંસ્થા એડવાન્સ યુરોલોજી પર દર્દીઓ પર બિનજરૂરી મેડિકલ પ્રક્રિયા કરીને સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાનો આરોપ લાગ્યો છે. આ કેસમાં સમાધાન કરીને તેમણે ૧.૪ કરોડ ડોલરની ચૂકવણી કરવા સહમતિ પણ આપી છે.

અમેરિકાના ન્યાય વિભાગ અનુસાર એટલાન્ટાસ્થિત એડવાન્સ્ડ યુરોલોજી અને ડો. પટેલ આ રકમ ફોલ્સ ક્લેમ્સ એક્ટ અને જોર્જિયા મેડિકેડ ક્લેમ્સ એક્ટના ઉલ્લંઘન સાથે જોડાયેલા દાવાનો નિકાલ લાવવા માટે કરશે.

સંસ્થાએ મેડિકેર, ટ્રાઈકેર તથા અન્ય સરકારી સ્વાસ્થ્ય કાર્યક્રમોમાં યુરોલોજિકલ અને ડાયગ્નોસ્ટિક પ્રક્રિયા માટે બિલ વસૂલ્યું હતું. જોકે કેટલાક

(જુઓ પાનું ૨) ▶▶

## આસામનાં સીએમની પત્નીની પાછળ લાગેલા કૉંગ્રેસી નેતાની પાછળ લાગી આસામની પોલીસ

### પવન ખેડાના દિલ્હીના ઘરમાંથી 'વાંધાજનક સામગ્રી' મળી

નવી દિલ્હીઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે આસામ પોલીસની એક ટીમ મંગળવારે કોંગ્રેસના નેતા પવન ખેડાના દિલ્હી નિવાસસ્થાને પૂછપરછ માટે પહોંચી હતી અને આસામના મુખ્ય પ્રધાન હિમંત બિસ્વ સરમા અને તેમના પરિવાર સામે લગાવવામાં આવેલા આરોપો સાથે જોડાયેલા કેસના સંદર્ભમાં શોધખોળ હાથ ધરી હતી.

ખેડાના ઘરની બહાર પત્રકારો સાથે વાત કરતા, આસામ પોલીસના ડીસીપી દેબોજીત નાથે જણાવ્યું હતું કે ખેડા તેમના નિવાસસ્થાને ન મળ્યા.

તેમણે કહ્યું કે જોકે, શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને ઇલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા હતા. કેટલીક ''વાંધાજનક સામગ્રી'' મળી આવી હતી પરંતુ આ તબક્કે તેની વિગતો જાહેર કરી શકાતી નથી.

ડીસીપીએ જણાવ્યું હતું કે ગુવાહાટીના ક્રાઇમ બ્રાન્ચ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે. ખેરાનું ઠેકાણું હાલમાં અજાણ છે, પરંતુ

(જુઓ પાનું ૨) ▶▶

SUMMER 2026 GUARANTEED GROUP DEPARTURES
પેકેજમાં સમાવિષ્ટ
એરફેર-સ્ટે-સાઈટ સીઈંગ-ટ્રાન્સફર -વિઝા
પ્યોર વેજ અને આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
8N 9D GREECE ₹ 2,85,000* PP SOLD OUT
LIMITED SEAT 8N 9D SOUTH KOREA ₹ 2,80,000* PP
10N 11D SOUTH AFRICA ₹ 2,60,000* PP LIMITED SEAT
LIMITED SEAT 10N 11D BAKU & GEORGIA ₹ 1,95,000* PP
6N 7D VIETNAM ₹ 1,75,000* PP SOLD OUT
LIMITED SEAT 8N 9D BAKU ₹ 1,20,000* PP
CLASSIC HOLIDAYS CLASSIC TRAVEL SHOPPE PVT. LTD. 022 40 888 888 +91 99309 44453
H.O.: Lower Parel (Branches-Borivali, Surat, Ahmedabad)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતના પરમાણુ કાર્યક્રમના પિતામહ ડૉ. ભાભા ભુલાયા

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઊર્જાના કકળાટ વચ્ચે હમણાં ભારતે એક મહત્ત્વની સિદ્ધિ મેળવી તેની બહુ નોંધ નથી લેવાઈ. બે દિવસ પહેલાં તમિળનાડુના કલપક્કમ ખાતે આવેલા 'પ્રોટોટાઇપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર' પીએફબીઆર એ ક્રિટિકાલિટી પ્રાપ્ત કરીને ઇતિહાસ રચી દીધો. સામાન્ય માણસને આ ટેકનિકલ ભાષામાં સમજ પડે એટલા માટે તેને થોડીક સરળ ભાષામાં સમજાવી દઈએ. રિએક્ટરનું કામ પરમાણુ ઊર્જા પેદા કરવાનું છે કે જેનો ઉપયોગ વીજળી પેદા કરવા માટે કરી શકાય છે.

કલપક્કમમાં આવેલા ૫૦૦ મેગાવોટના રિએક્ટરે ક્રિટિકાલિટી હાંસલ કરી તેનો અર્થ એ થયો કે, આ રિએક્ટરમાં પરમાણુ ચેઈનમાં રીએક્શન્સ આપમેળે અને નિયંત્રિત રીતે શરૂ થઈ ગયાં છે. તેના કારણે રિએક્ટર બહાર ઉપયોગમાં લઈ શકાય એવી ઉર્જા તો પેદા કરશે જ પણ પોતાના માટે જરૂરી ઊર્જા પણ પેદા કરશે. મતલબ કે, રિએક્ટરને ચલાવવા માટે બહારથી કોઈ ફ્યુઅલની જરૂર નથી. મતલબ કે, રિએક્ટર જેટલી ઊર્જા ખાશે તેના કરતાં વધારે ઊર્જા ઉત્પન્ન કરશે. ભારત સિવાય રશિયાનાં રિએક્ટર્સ આ રીતે કામ કરે છે તેથી ભારતની આ સિદ્ધિ બહુ મોટી છે.

આ સિદ્ધિ માટે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિજ્ઞાનીઓ અને એન્જિનિયર્સને અભિનંદન આપ્યા પણ કમનસીબે આ સિદ્ધિના મૂળમાં જે માણસ છે એ ડૉ. હોમી જહાંગીર ભાભાને યાદ ના કર્યા. ડૉ. હોમી ભાભા ભારતના ફરગોટન હીરો છે. ભારત પરમાણુ મહાસત્તા બન્યું તેની વાત નિકળે ત્યારે ડૉ. અબ્દુલ કલામ જેવા બહુ પાછળથી આવેલા અને નગણ્ય યોગદાન આપનારા લોકોને શ્રેય આપી દેવાય છે કેમ કે લોકોને ઈતિહાસનું જ્ઞાન નથી. આ કારણે ડૉ. ભાભા પણ ભુલાઈ ગયા પણ વાસ્તવમાં ભારતીય પરમાણુ વિજ્ઞાનના દાદા ડો. હોમી ભાભાના પ્રતાપે ભારતમાં ન્યુક્લિયર રિસર્ચ શરૂ થયું, બાકી આપણે તો હજુય આત્મા ને પરમાત્માની વાતોમાંથી ઉંચા ના આવતા હોત. ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ ટીઆઇએફઆર અને એટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ, ટ્રોમ્બે (હવે બીએઆરસી) ની સ્થાપના કરીને ભારતમાં પરમાણુ સંશોધનના સુવર્ણ પ્રકરણની શરૂઆત કરી હતી.

ભારતે પરમાણુ મહાસત્તા બનીને પાકિસ્તાન ને ચીન જેવાં હલકટ પાડોશીઓની બોલતી બંધ કરી દીધી ને તેમનામાં ડર પેદા કર્યો તેનો યશ ડૉ. ભાભાને જાય છે. ડો. ભાભા પરમાણુ ઊર્જાના શાંતિપૂર્ણ ઉપયોગના હિમાયતી હતા તેથી ભારત પરમાણુ ઊર્જાનો ઉપયોગ કરીને વીજળી પેદા કરી શકે છે તેનું શ્રેય પણ ડૉ. ભાભાને જાય છે. ડો. ભાભા પરમાણુ ઊર્જાનો દેશની રક્ષા કરવામાં ઉપયોગ કરવામાં પણ માનતા તેથી તેમણે પરમાણુ બોમ્બ બનાવવા માટેનું સંશોધન પણ શરૂ કરાવેલું. અમેરિકા સહિતના દેશો ડૉ. ભાભાની તાકાતને જાણતા તેથી તેમણે ડૉ. ભાભાની હત્યા કરાવી દીધી હોવાનું કહેવાય છે.

ડૉ. ભાભાનું ૨૪ જાન્યુઆરી ૧૯૬૬ના રોજ, વિમાની દુર્ઘટનામાં મોત થયેલું. ડૉ. ભાભા એર ઇન્ડિયા ફ્લાઇટ ૧૦૧માં જિનીવા જઈ રહ્યા હતા. જિનીવા એરપોર્ટ પર ઉતરવાનો પ્રયત્ન કરતી વખતે આલ્પ્સની પર્વતમાળામાં મોન્ટબ્લેન્ક નજીક પ્લેન ક્રેશ થયું તેમાં ભાભા સહિત તમામ ૧૦૬ મુસાફરો અને ૧૧ ક્રૂ સભ્યોનાં મોત થયેલાં. જિનીવા એરપોર્ટના એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) અને પાઇલટ્સ વચ્ચે પર્વત પાસે પ્લેનની સ્થિતિ અંગેની ગેરસમજને કારણે વિમાન તૂટી પડ્યું એવું સત્તાવાર કારણ આપવામાં આવ્યું હતું પણ વાસ્તવમાં ભાભાની હત્યા અમેરિકાની જાસૂસી સંસ્થા સીઆઈએએ કરાવી હોવાનું કહેવાય છે.

યોગાનુયોગ ડૉ. ભાભા અને લાલ બહાદુર શાસ્ત્રીના મોત વચ્ચે ૧૩ દિવસનો જ ગાળો હતો અને બંનેના મોતનાં રહસ્ય કદી બહાર ના આવ્યાં. ૧૯૯૩માં પત્રકાર ગ્રેગરી ડગ્લાસે સીઆઈએના ભૂતપૂર્વ એજન્ટ રોબર્ટ ક્રોલી સાથે વાત કરી હોવાનો દાવો કરીને ધડાકો કરેલો કે, ડૉ. ભાભાની હત્યા સીઆઈએએ કરાવી હતી. ડગ્લાસે ૨૦૧૩માં કન્વર્ઝેશન્સ વિથ ધ ક્રો નામનું પુસ્તક પ્રકાશિત કર્યું તેમાં ક્રોલીએ દાવો કર્યો હતો કે ભારતના પરમાણુ કાર્યક્રમને નિષ્ફળ બનાવવા માટે ૧૯૬૬માં ૧૩ દિવસના અંતરે હોમી ભાભા અને વડા પ્રધાન શાસ્ત્રીની હત્યા સીઆઈએએ કરાવી હોવાનું ક્રોલીએ સ્વીકાર્યું હતું. ક્રોલીએ ડગ્લાસને સાફ શબ્દોમાં કે વિમાનના કાર્ગો સેક્શનમાં મૂકેલા બૉમ્બથી ડૉ. ભાભાની હત્યા કરાઈ હતી.

સીઆઈએને એમ હતું કે, ભારતને બેવડો ફટકો મારવાથી પરમાણુ કાર્યક્રમ પડી ભાંગશે પણ શાસ્ત્રી પછી આવેલાં ઈન્દિરા ગાંધી વધારે આક્રમક સાબિત થયાં. ઈન્દિરાએ ડૉ. ભાભા અને શાસ્ત્રીના મોતના ૭ જ વર્ષમાં પોખરણમાં પરમાણુ પરીક્ષણ કરાવીને અમેરિકાનું નાક વાઢી લીધેલું કેમ કે આ પરમાણુ પરીક્ષણની તૈયારીની અમેરિકાને ગંધ સુધ્ધાં નહોતી આવી.

ડૉ. ભાભાનું નિધન ભારત માટે મોટો ફટકો હતો પણ ભાભા એવા વિઝનરી હતા કે, પોતે ના રહે તો પણ ભારતના પરમાણુ કાર્યક્રમને આંચ ના આવે એટલા માટે તેઓ રોડમેપ બનાવીને ગયા હતા. ડૉ. હોમી ભાભાએ દેશની આઝાદી પહેલાં ૧૯૪૫માં તાતા ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરેલી ને ૧૯૫૦માં તો ભારત માટે ત્રણ તબક્કાનો પરમાણુ રોડમેપ તૈયાર કરીને ભારત સરકારને આપી દીધેલો. ભારત સરકારે આ રોડમેપનો અમલ કરવા સિવાય કશું કરવાનું ના રહે એવી ગોઠવણ તેમણે કરી દીધી હતી. ડો. ભાભાએ ૭૦ વર્ષમાં એટલે કે ૨૦૨૦ સુધીમાં ત્રણ તબક્કા પૂરું કરવાનું લક્ષ્ય નક્કી કરેલું પણ ભારતને સાયન્સ અને ટેકનોલોજીને સમજે એવા શાસકો ના મળ્યા તેમાં આપણે હજુ બીજા તબક્કા લગી જ પહોંચ્યા છીએ. હોમી ભાભા જેવો દૂરંદેશી ધરાવતો વિજ્ઞાની હોવા છતાં આપણે નબળા શાસકોના કારણે તેમના વિઝનને સમયસર સાકાર ના કરી શક્યા એ આ દેશની કમનસીબી કહેવાય.

ડૉ. ભાભાના ત્રણ તબક્કાના પહેલા તબક્કામાં યુરેનિયમ આધારિત પરંપરાગત પરમાણુ રિએક્ટર બનાવવાનો સમાવેશ થતો હતો. ભારતે ગુજરાતના કાકરાપાર સહિતનાં સ્થળે યુરેનિયમ આધારિત પરમાણુ રિએક્ટર્સ સફળતાપૂર્વક સ્થાપી દીધાં છે. બીજા તબક્કામાં ફાસ્ટ બ્રીડર ટેકનોલોજી વિકસાવીને થોરિયમનો ઉપયોગ કરીને રિએક્ટર્સ બનાવવાનાં છે અને ત્રીજા તબક્કામાં આ રિએક્ટર્સને કામ કરતાં કરીને વીજળી પેદા કરવાની છે.

દુનિયાના વિકસિત દેશો આ ટેકનોલોજી પર કામ કરતા નથી કેમ કે તેમાં જોખમ છે પણ ભારત આ ટેકનોલોજીમાં આગળ વધ્યું કેમ કે ભારત પાસે બીજા વિકલ્પ નથી. યુરેનિયમ આધારિત રિએક્ટર્સ માટે અમેરિકા સહિતના પશ્ચિમના દેશો પર નિર્ભર રહેવું પડે જ્યારે ફાસ્ટ બ્રીડર ટેકનોલોજીમાં થોરિયમ અને પ્લુટોનિયમનો ઉપયોગ થાય છે. ભારત પાસે આ બંને મોટા પ્રમાણમાં છે તેથી ભારત માટે જોખમી હોવા છતાં આ ટેકનોલોજી વધારે કારગત છે. આશા રાખીએ કે, ત્રીજા તબક્કા સુધી પહોંચવામાં બહુ મોડું ના થાય ને ઊર્જા ક્ષેત્રે ભારત આત્મનિર્ભર બને. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

- ઉત્તરાયણ – સૌર વસંતઋતુ,
- બુધવાર, તા. ૮-૪-૨૦૨૬, વિંછુડો સમાપ્તિ
- ભારતીય દિનાંક ૧૮, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર મૂળ
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતી : બપોરે ક. ૧૫-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૦ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૮-૫૦ રાત્રે ક. ૨૧-૩૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - ષષ્ઠી. વિંછુડો સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૩.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બુધ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મિલકત લેવડદેવડ, બી વાવવું, ખેતીવાડી, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ. ચંદ્ર વિષુવવૃત્તથી દક્ષિણે મહત્તમ ૨૮ અંશ ૧૭ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

- પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા.

## સરકારે મહિલાઓના સશક્તીકરણને પ્રાથમિકતા આપીઃ મોદી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે મારી સરકારે મહિલાના સશક્તીકણના દરેક રૂપમાં અગ્રતાક્રમ આપ્યો છે અને મહિલા અનામત ધારો મહિલાની આગેવાની હેઠળના પ્રશાસન તરફ આગળ વધી રહ્યો છે.

મોદી કેન્દ્રીય પ્રધાન અન્નપૂર્ણા દેવીના 'મહિલાના ધારાસભાના નેતૃત્વને મજબૂત બનાવવા'ના મથાળાવાળા લેખ પર ટિપ્પણી કરી રહ્યા હતા. આ લેખમાં એ વાત પર ભાર મુકાયો છે કે મહિલાઓને વધારે પ્રતિનિધિત્વ એ મજબૂત અને સમાવેશક વહીવટ તથા વિકસિત ભારતની ચાવી છે.

મોદીએ એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું કે પ્રતિનિધિત્વનું સાચા પ્રભાવમાં રૂપાંતર થવું જ જોઈએ. સરકારે નારીશક્તીને દરેક રૂપમાં અગ્રતાક્રમ આપ્યો છે. નારીશક્તી અધિનિયમે આનો પાયો નાખ્યો છે. ભારત મહિલાઓના પ્રશાસનમાં વધુ સહભાગ તરફ આગળ વધી રહ્યું છે. આ વિકસિત ભારતનો મુખ્ય પાયો છે. નારીશક્તી વંદન અધિનિયમ જે મહિલા અનામત કાયદા તરીકે વધુ ઓળખાય છે તેને સંસદે ૨૦૨૩માં મંજૂર કર્યો હતો. આ કાયદા હેઠળ લોકસભા અને રાજ્ય વિધાનસભામાં મહિલાને ૩૩ ટકા અનામત દેવામાં આવશે. બંધારણમાં સુધારો કરીને આ કાયદો મંજૂર કરવામાં આવ્યો છે. મતદારક્ષેત્રના નવા સીમાંકનની કવાયત પતી ગયા પછી આ કાયદો અમલમાં આવશે. (એજન્સી) ■

## ઈસ્તંબુલમાં ઈઝરાયલની એલચી કચેરી પર હુમલો

ઈસ્તંબુલઃ ઈસ્તંબુલમાં ઈઝરાયલની એલચી કચેરી ધરાવતી એક બહુમાળી ઈમારત પર ત્રણ અજાણ્યા બંદૂકધારીઓએ મંગળવારે હુમલો કર્યો હતો. પોલીસ સાથે થયેલા સામસામા ગોળીબારમાં એક હુમલાખોર ઠાર મરાયો હોવાનું તૂર્કી અધિકારીઓએ કહ્યું હતું.

હુમલો થયો તે સમયે ઈઝરાયલની એલચી કચેરીમાં કોઈ રાજદૂતો હાજર નહોતા.

(એજન્સી) ■

## ૧૦,૦૦૦થી વધુ ભારતની આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ રદ

નવી દિલ્હીઃ ઈઝરાયલ-અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયું ત્યારથી એટલે કે ૨૮ ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં ભારતની ઍરલાઈન્સોએ ૧૦,૦૦૦ કરતાં વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ રદ કરી હોવાનું એક વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું હતું.

ખાસ કરીને યુરોપ અને ઉત્તર અમેરિકા પહોંચવા માટેના રૂટ પરની ફ્લાઈટો રદ કરવામાં આવી છે. ઈઝરાયલ અને અમેરિકાએ સંયુક્ત રીતે હુમલા કર્યા બાદ ઈરાને જવાબી કાર્યવાહીમાં ઈઝરાયલ તેમ જ અન્ય ખાડી દેશો પર હુમલો કરતાં નિર્માણ પામેલી તણાવપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં રાખીને ઈઝરાયલ, જોર્ડન, લેબેનોન. કુવૈત, કતાર, બાહરિન અને યુએઈ સહિતના પશ્ચિમ એશિયાના દેશોએ પોતાના ઍરસ્પેસ બંધ કરી દીધો છે કે પછી કડક નિયંત્રણો લાદી દીધાં હોવાની ગ્લોબલ એવિયેશન નેટવર્ક અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટી પર અસાધારણ અસર પડી છે અને વિમાનસેવા ખોરવાઈ ગઈ છે. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### ઈરાન પર કયામત

નિષ્ણાતોએ ટ્રમ્પની ધમકીને 'યુદ્ધ વખતનો ગુનો' ગણાવીને ચિંતા વ્યક્ત કરી હતી.

ફ્રાંસના વિદેશ પ્રધાન, સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી સહિતના અનેક નેતાએ અમેરિકા દ્વારા ઇરાનમાંના પુલ, વીજ મથક, રેલવે સ્ટેશન સહિતના આંતરિક માળખા પર કરવામાં આવતા હુમલાની સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

લડાઇમાં મંગળવારે ઇરાનમાં અનેક રહેઠાણ વિસ્તારને ભારે નુકસાન થયું હતું.

પશ્ચિમ ઇરાનના ખોર્રમાબાદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર પણ હુમલો કરાયો હતો.

તહેરાનની વાયવ્યમાં અલબોર્ઝ પ્રાંતમાં કરાયેલા હુમલામાં ૧૮ જણ માર્યા ગયા હતા.

ઇરાને ઇઝરાયલના તેલ અવીવ અને ઇલાત પર મિસાઇલ્સ છોડી હતી.

ઇરાનના શિરાઝમાં પેટ્રૉકૅમિકલ પ્લાન્ટ પર ફરી હુમલા થયા હતા.

અખાતના યુદ્ધને લીધે ખનિજ તેલ, ગૅસ અને અન્ય જીવનાવશ્યક ચીજો વધુ ને વધુ મોંઘી થઇ રહી છે.

ઇજિપ્ત, પાકિસ્તાન, તુર્કી સહિતના અનેક દેશ યુદ્ધવિરામ માટે પ્રયાસ કરી રહ્યા છે. (એજન્સી)

### ઈરાનમાંના ભારતીયોને સરકારે ચેતવ્યા

ઈરાનસ્થિત ભારતીય એલચી કચેરીએ ઈરાનમાં વસતા ભારતીયો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે અને આગામી ૪૮ કલાક તેઓ જ્યાં છે ત્યાં જ રહેવા જણાવ્યું છે.

ભારતીયોને ઘરની બહાર ન નીકળવા તેમ જ ઈલેક્ટ્રિક તેમ જ મિલિટરી સંસ્થાનોથી દૂર રહેવાનું અને બહુમાળી ઈમારતના ઉપરના માળે રહેવાનું ટાળવાનું જણાવ્યું છે.

એલચી કચેરી દ્વારા ભાડે રાખવામાં આવેલી હૉટલમાં રહેતા લોકોને બહાર ન નીકળવાની અને એલચી કચેરીના સંપર્કમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. હોર્મુઝ સામુદ્રધુની ફરી ખોલવાની ટ્રમ્પે આપેલી સમયમર્યાદા પૂરી થવાના ગણતરીના કલાક અગાઉ આ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ઈરાનને ગંભીર ચેતવણી આપતાં જણાવ્યું છે કે 'આજે રાત્રે સંપૂર્ણ સભ્યતાનો નાશ થશે'.

ટ્રમ્પે કહ્યું હતું કે હું નથી ઈચ્છતો કે એમ થાય, પરંતુ સંભવત એમ થવાની શક્યતા છે. (એજન્સી)

### પશ્ચિમ બંગાળમાં ૯૧ લાખ

આવ્યા હતા. આ શ્રેણીના ૩૨.૬૮ લાખથી વધુ મતદારોના નામ રાખવામાં આવ્યાં છે અને અંતિમ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. આંકડાઓ અનુસાર, એસઆઈઆર પ્રક્રિયાની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ મળીને લગભગ ૯૦.૮૩ લાખ નામ હટાવવામાં આવ્યાં છે.

ચૂંટણી પંચના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''સુધારણા પ્રક્રિયા તબક્કાવાર અને પારદર્શક રીતે હાથ ધરવામાં આવી છે. સંપૂર્ણ જવાબદારી સુનિશ્ચિત કરવા માટે જિલ્લા પ્રમાણે ડેટા હવે જાહેર કરવામાં આવ્યો છે.'' તેમણે જણાવ્યું હતું કે ૬૦.૦૬ લાખ ''વિચારણા હેઠળ'' મતદારોમાંથી ૫૯.૮૪ લાખનો ડેટા જાહેર કરવામાં આવ્યો છે.''

### ઈંધણની ભયંકર અછતઃ

શાહબાઝ સરકારે પ્રાંતીય સરકારની સલાહથી એવો પણ નિર્ણય લીધો છે કે ખૈબર પખ્તૂનખ્વાના ડિવિઝનલ હેડક્વાર્ટરમાં બજારો અને શોપિંગ મોલ રાત્રે ૯ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. તેવી જ રીતે, તમામ જનરલ સ્ટોર, ડિપાર્ટમેન્ટલ સ્ટોર અને તમામ પ્રકારના મોલ રાત્રે ૮ વાગ્યા સુધીમાં બંધ થઈ જશે.

આ ઉપરાંત, બેકરી, રેસ્ટોરાં અને ખાણીપીણીની અન્ય દુકાનો, મેરેજ હોલ, ટેન્ટ અને અન્ય વ્યવસાયિક સ્થળો, જ્યાં લગ્ન અને અન્ય સમારોહનું આયોજન થાય છે, તે રાત્રે દસ વાગ્યા પછી બંધ કરી દેવામાં આવશે. બેઠકમાં ખાનગી મિલકતો અને ઘરોમાં પણ રાત્રે દસ વાગ્યા પછી લગ્ન સમારોહ યોજવા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જોકે, આ પ્રતિબંધોમાંથી મેડિકલ સ્ટોર અને ફાર્મસીને મુક્ત રાખવામાં આવ્યા છે. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ પ્રતિબંધો મંગળવારથી જ લાગુ કરી દેવામાં આવશે, એટલે કે ગઈ કાલે રાત્રે આઠ વાગ્યાથી પાકિસ્તાનમાં સ્માર્ટ લોકડાઉન અમલી બની ગયો હતો.

શહબાઝ શરીફે જાહેરાત કરી છે કે ગિલગિટ અને મુઝફ્ફરાબાદ શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ એક મહિના સુધી મફત રહેશે અને તેનો સંપૂર્ણ ખર્ચ શાહબાઝ સરકાર ઉઠાવશે.

### આસામમાં ચૂંટણી પ્રચારનો

પ્રોત્સાહિત કરે છે જેથી તેઓ વોટ બેન્ક બનાવી શકે અને કોંગ્રેસ પોતાના શાસનમાં ઉગ્રવાદને નિયંત્રિત કરવા અને વિકાસ રોજગાર લાવવામાં નિષ્ફળ રહી હતી.

મુખ્યપ્રધાન હિમંતા બિસ્વ સરમાના બંગાળી બોલનારા મુસ્લિમ પ્રવાસીઓ પર સીધો હુમલો કરવાના કારણે રાજકીય માહોલ વધુ ઉગ્ર બની ગયો હતો. તેમણે દાવો કર્યો હતો કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન તેમણે તેમના (મુસ્લિમ પ્રવાસીઓ) હાથ-પગ તોડી નાખ્યા છે અને આગામી પાંચ વર્ષમાં ''તેમની કરોડરજ્જુ તોડી નાખશે.

રાજ્યના શાસક પક્ષે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમણે ચાના બગીચાના કામદારોને જમીન માલિકીના અધિકારો આપ્યા, મહિલાઓ માટે સશક્તીકરણ યોજનાઓ લાગુ કરી, વિદ્યાર્થીનીઓ માટે નાણાકીય સહાય અને બાળ લગ્નમાં ૮૪ ટકાનો ઘટાડો કર્યો છે. ભાજપના નેતાઓએ દાવો કર્યો હતો કે બહુપત્નીત્વ અટકાવવા માટે રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (યુસીસી) લાગુ કરવામાં આવશે અને વચન આપ્યું હતું કે વિકાસની આ સફર યથાવત રહેશે.

વિપક્ષ કોંગ્રેસ અને તેના ગઠબંધન ભાગીદારોએ ભાજપ પર 'નફરતની રાજનીતિ' કરવાનો, ખાસ કરીને મુખ્યપ્રધાન અને તેમના પરિવારના સભ્યો વ્યાપક ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાનો આરોપ લગાવ્યો હતો. ગયા વર્ષે ૧૯ સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં મૃત્યુ પામેલા લોકપ્રિય સિંગર ઝુબીન ગર્ગને ન્યાય સુનિશ્ચિત કરવા માટે ગંભીર ન હોવાનો આરોપ લગાવ્યો છે.

કોંગ્રેસે કહ્યું કે જો તે સત્તામાં આવશે તો તે ગર્ગને ન્યાય, મહિલાઓને રોકડ સહાય, લોકોને આરોગ્ય વીમા યોજના, આદિવાસી લોકો માટે જમીન અધિકાર આપશે. આસામના મુખ્યપ્રધાને રાજ્ય કોંગ્રેસના પ્રમુખ ગૌરવ ગોગોઈ અને તેમની પત્ની પર પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ સાથે સંબંધો હોવાનો આરોપ લગાવ્યો હતો.

બીજી તરફ, કોંગ્રેસે મુખ્યપ્રધાન સરમાની પત્ની રિંકી ભૂઈયામ સરમા પર અનેક પાસપોર્ટ રાખવા, દુબઈમાં મિલકતો હોવાનો અને શેલ કંપનીઓમાં રોકાણ હોવાનો આરોપ લગાવ્યો હતો. આ જાણકારી તેમના પતિએ તેમના ચૂંટણી સોગંદનામામાં જણાવી નથી.

### કાશ્મીરમાં એલઈટીના મોડ્યૂલ

કાશ્મીર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં કડી ધરાવતા 'વ્હાઈટ કોલર' આતંકવાદી મોડ્યૂલને જમ્મુ-કાશ્મીર પોલીસે તોડી પાડ્યાના છ મહિના બાદ અન્ય એક પાકિસ્તાની આતંકવાદી ઉસ્માન ઉર્ફે ખૂબેબની સોમવારે ધરપકડ કરવામાં આવી હતી.

છેલ્લા થોડાક દિવસમાં તપાસ એજન્સીઓએ જમ્મુ-કાશ્મીર, રાજસ્થાન અને હરિયાણાના ૧૯ સ્થળે કાર્યવાહી કરી એકે-૪૭ રાઈફલ સહિત મોટા પ્રમાણમાં વાંધાજનક સામગ્રી, શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કર્યા હતા.

કાર્યવાહી દરમિયાન એલઈટીના આતંકવાદીઓને શસ્ત્રસરંજામ અને આર્થિક ટેકો પૂરા પાડતા મોટો નેટવર્કનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

ધરપકડ કરાયેલા પાંચ જણમાંથી ત્રણ શ્રીનગરના રહેવાસી છે. આતંકવાદીઓને આશરો, ખોરાક અને સાધનસરંજામ પૂરા પાડવાને મામલે મોહમંદ નકિબ ભાટ, આદિલ રશિદ ભાટ અને ગુલામ મોહંમદ મીર ઉર્ફે મામાની ધરપકડ કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

જમ્મુ-કાશ્મીરના ડીજીપી નલિન પ્રભાત વ્યક્તિગત રીતે આ કાર્યવાહી પર દેખરેખ રાખી રહ્યા છે. (એજન્સી)

### ત્રણ દિવસ કોઈ પણ

બંધારણની કલમ ૧૭નો ભંગ થાય છે. મારો આ બાબતમાં વાંધો છે.

ન્યાયાધીશ નાગરત્નએ જણાવ્યું હતું કે હું મહિલા છું અને સબરીમાલાના કેસના સંદર્ભમાં આ અંગે કઇ રીતે દલીલ કરાય છે, તે મને ખબર નથી પડતી. દર મહિને મહિલાઓને (રજસ્રાવના) ત્રણ દિવસ 'અસ્પૃશ્ય' માનવામાં આવે છે અને ચોથા દિવસથી તેને મંદિરમાં પૂજા અને અન્ય ધાર્મિક કાર્ય કરવા દેવામાં આવે છે. આમ કેમ?

મહેતાએ દલીલ કરી હતી કે હું અહીં માસિક ધર્મની વાત નથી કરતો. સબરીમાલા મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ તેઓના માસિકસ્રાવના સમય સાથે સંબંધિત નથી. આ પ્રતિબંધ માત્ર વયજૂથના આધારે છે. હું અહીં સ્પષ્ટતા કરવા માગું છું કે સબરીમાલાના મંદિરમાં પ્રવેશની બાબત ચોક્કસ વયજૂથની મહિલાઓ માટે જ નથી. આ અંગે કોઇના મનમાં ગૂંચવણ હોવી ન જોઇએ. આ કદાચ એક મંદિરમાં જ ચોક્કસ વયજૂથની મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ છે. આ કેસ અદ્વિતીય છે.

અગાઉ, સદીઓ જૂના સબરીમાલાના મંદિરમાં દસથી પચાસ વર્ષની વયજૂથની મહિલાઓના પ્રવેશ પર મુકાયેલા પ્રતિબંધને ૨૦૧૮ના સપ્ટેમ્બરમાં પાંચ ન્યાયાધીશની બંધારણીય બૅન્ચે ચાર વિરુદ્ધ એક જજના ચુકાદાને આધારે ગેરકાયદે અને ગેરબંધારણીય જાહેર કર્યો હતો.

બાદમાં, વિવિધ ધાર્મિક સ્થળે મહિલાઓ સાથે રખાતા ભેદભાવના કેસની સુનાવણી કરતી દેશના મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઇના નેતૃત્વ હેઠળની પાંચ ન્યાયાધીશની અન્ય બૅન્ચે ૨૦૧૯ની ૧૪ નવેમ્બરે આ કેસમાં નિર્ણય લેવાનું કામ મોટી બૅન્ચને સોંપ્યું હતું. (એજન્સી)

### સબરીમાલામાં

આગેવાની હેઠળની નવ ન્યાયમૂર્તિની બેન્ચે વિવિધ વિસ્તારોમાં ધર્મસ્થળોમાં મહિલા સામેના ભેદભાવને અંગેની અરજીઓ સાંભળવાનું શરૂ કર્યું હતું. આ સુનાવણી સબરીમાલા મંદિર જ્યાં છે એ કેરળમાં ચૂંટણી છે ત્યારે શરૂ થઈ છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બંધારણની કલમ ૨૫ હેઠળના ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે જો ધાર્મિક પ્રણાલી જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્યનો ભંગ કરે તો જ અદાલતો દરમિયાનગીરી કરી શકે.

અદાલતે નિરીક્ષણ કર્યું હતું કે જો સામાજિક ખરાબીને ધાર્મિક રૂઢીનું નામ દેવાય તો અદાલતો એ તપાસી શકે કે આ આવશ્યક ધાર્મિક પ્રણાલી છે કે સામાજિક દૂષણ છે. મહેતાએ બેન્ચને કહ્યું હતું કે જો એમાં કશું અવૈજ્ઞાનિક હોય તો ધારાસભા જ તેનો ઉપાય છે. (એજન્સી)

### અમેરિકામાં ગુજરાતી ડૉક્ટર

કિસ્સામાં આ ટેસ્ટ કરવામાં આવ્યા નહોતા. તેમજ અમુક કિસ્સામાં તેની તબીબી રીતે જરૂર નહોતી.

વ્હીસલબ્લોઅર્સે એડવાન્સ્ડ યુરોલોજીના પૂર્વ કર્મચારી અને આ સુવિધાના પૂર્વ ડોક્ટર હિમાંશુ અગ્રવાલ સામેલ હોવાનું પણ જણાવ્યું હતું. આ યુરોલોજીનું એકમનું સમગ્ર નેટવર્ક પટેલ તથા અન્ય લોકો માટે મહત્તમ નફો કમાવવાના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવ્યું હતું.

ડોક્ટર જિતેશ પટેલ પર અનેક આરોપો લગાવવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં બિનજરૂરી સિસ્ટોસ્કોપ અને રેટ્રોગ્રેડ પાયલોગ્રામ પ્રક્રિયા કરવીનો સમાવેશ થાય છે. આમાં દર્દીને એનેસ્થેસિયા આપીને મૂત્રમાર્ગ દ્વારા બ્લેડર સુધી સ્કોપ નાંખવામાં આવે છે. આ ઉપરાંત દરેક દર્દીનો ઈલેક્ટ્રોમાયોગ્રાફી ટેસ્ટ કરાવાયો હતો. સામાન્ય યુરોલોજી પ્રેક્ટિસમાં આ ટેસ્ટ ખૂબ ઓછો કરવામાં આવે છે.

### ગૌહત્યા બંધ કરાવવા

(આરએસએસ) ના વડા વૃંદાવનના મલૂક પીઠ ખાતે મલોક દાસજી મહારાજની ૪૫૨મી જન્મજયંતિ પર બોલી રહ્યા હતા. તેમણે કહ્યું જો જનભાવના હોય, તો તંત્રએ તેને સ્વીકારવી પડશે.

ભાગવતે અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો કરનાર સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે રામ મંદિર ૨૦૧૪ અને ૨૦૧૯ની વચ્ચે ન કારણ સુપ્રીમ કોર્ટ કહેતી હતી કે તેની પાસે અન્ય ખૂબ જ મહત્વપૂર્ણ બાબતો છે, તેણે સર્વસંમતિથી ૨૦૧૯ પછી ચુકાદો આપ્યો, શા માટે? સર્વોચ્ચ અદાલતે દેશભરની લાગણીઓને કારણે ચુકાદો આપ્યો .

તે જ રીતે, ગાયો માટે પણ આવી જ લાગણી દેખાવી જોઈએ. તમે પણ પ્રયાસ કરી રહ્યા છો, અમે પણ પ્રયાસ કરી રહ્યા છીએ.

### આસામનાં સીએમની પત્ની

તેમને શોધી કાઢવામાં આવશે.

ટીમે પહોંચ્યા પછી ઔપચારિક રીતે દિલ્હી પોલીસને જાણ કરી હતી, ત્યારબાદ સ્થાનિક પોલીસ ટીમ કાર્યવાહીમાં મદદ કરવા જોડાઈ, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

રવિવારે ખેડાએ આરોપ લગાવ્યો હતો કે સરમાની પત્ની પાસે ત્રણ પાસપોર્ટ છે અને તેમણે તેમના ચૂંટણી સોગંદનામામાં તેમની સંપત્તિ વિશેની માહિતી છુપાવી છે, ત્યારબાદ રાજકીય ઘર્ષણ વચ્ચે આ વિકાસ થયો છે.

# મલાડના રહેણાક વિસ્તારમાં દીપડો ઘૂસ્યો: રહેવાસીઓમાં ગભરાટ

મુંબઈ: પશ્ચિમ ઉપનગરના મલાડ (પૂર્વ)માં આઈટી પાર્ક નજીક એક રહેણાંક સોસાયટીમાં મંગળવારે વહેલી સવારના એક દીપડો જોવા મળ્યો હતો, તેને પગલે સ્થાનિક રહેવાસીઓમાં ગભરાટ વ્યાપી ગયો હતો.



ફોરેસ્ટ ઓફિસરને જણાવ્યા મુજબ મલાડની રહેજા હાઈટ્સના સીસીટીવી કેમેરામાં રાતના ત્રણથી ચાર વાગ્યાની વચ્ચે પાર્કિંગ એરિયા દીપડો ફરી રહ્યો હોવાની ઘટના કેદ થઈ ગઈ હતી. આ ઘટનાનો વિડિયો વાયરલ થઈ ગયો હતો, તેને કારણે સ્થાનિક રહેવાસીઓની ચિંતા વધી ગઈ છે.

સ્થાનિક રહેવાસીઓના દાવા મુજબ અહીં દીપડો જોવા મળવો એ કોઈ નવી વાત નથી અને ભૂતકાળમાં પણ અનેક આસપાસના વિસ્તારોમાં દીપડા ફરતા હોવાનું જણાઈ આવ્યું છે. જોકે રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાવાને કારણે સ્થાનિક રહેવાસીઓએ તેમની સુરક્ષાને લઈને વન વિભાગ અને સત્તાધીશ સાથે જાહેર સલામતી સુનિશ્ચિત કરવા અને કોઈ પણ સંભવિત માનવ-વન્યજીવનો સંઘર્ષ ટાળવા માટે તાત્કાલિક નિવારક પગલા લેવાની વિનંતી કરી છે.

આ દરમ્યાન વન વિભાગે નાગરિકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. ખાસ કરીને મોડી રાતના અને વહેલી સવારના સમયે વન્ય જીવોની હિલચાલ વધુ હોય છે. (પીટીઆઈ)■

# ત્રણ પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ માટે માર્ગ મોકળો: મ્હાડાએ ટેન્ડર બહાર પાડયા

મુંબઈ: મુંબઈના ત્રણ મહત્વના એવા આદર્શ નગર, બાન્દ્રા રિક્લેમેશન અને સરદાર વલ્લભભાઈ પટેલ નગર પુનઃવિકાસ પ્રોજેક્ટ્સનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય સરકારની ઉચ્ચ સ્તરીય સમિતિએ આ ત્રણેય પુનઃવિકાસ પ્રોજેક્ટ્સને લીલી ઝંડી આપ્યા બાદ, હવે મ્હાડાના મુંબઈ બોર્ડે આ ત્રણેય પ્રોજેક્ટ્સના બાંધકામ માટે મંગળવારે ત્રણ અલગ-અલગ ટેન્ડર જાહેર કર્યા છે.

વરલીમાં આદર્શ નગર, બાન્દ્રા રિક્લેમેશન અને અંધેરી પશ્ચિમમાં સરદાર વલ્લભભાઈ પટેલ નગર, આ ત્રણ પ્રોજેક્ટ્સના પુનઃવિકાસ માટે ખાનગી ડેવલપર્સની નિમણૂક કરીને પુનઃવિકાસ કાર્ય પાર પાડવામાં આવશે. આ ત્રણ પુનઃવિકાસ પ્રોજેક્ટ્સ અંતર્ગત ૧૦,૦૦૦થી વધુ ફ્લેટ ધારકોનું પુનઃવસન કરવામાં આવશે. આ પુનઃવિકાસ દ્વારા મુંબઈ બોર્ડને લોટરી માટે નવા ઘરો ઉપલબ્ધ થશે અને પાંચ હજાર કરોડથી વધુની આવક પણ મળશે.

આ ત્રણેય પુનઃવિકાસના પ્રસ્તાવો રાજ્ય સરકાર પાસે મંજૂરી માટે મોકલવામાં આવ્યા હતા. રાજ્ય સરકારની ઉચ્ચ સ્તરીય સમિતિએ આ પ્રોજેક્ટ્સના પ્રસ્તાવોને મંજૂરી આપી દીધી છે. મંજૂરી મળ્યા બાદ હવે મુંબઈ બોર્ડે આ પુનઃવિકાસ કાર્ય માટે ખાનગી ડેવલપરની નિમણૂક કરવા માટે મંગળવારે ત્રણ અલગ-અલગ ટેન્ડર પ્રસિદ્ધ કર્યા છે, એવી માહિતી મુંબઈ બોર્ડના વરિષ્ઠ અધિકારીઓએ આપી હતી.

ટેન્ડર મુજબ ૮ એપ્રિલથી ટેન્ડર સબમિટ કરવાની શરૂઆત થશે અને તેની અંતિમ મુદત ૧૧ મે સુધી છે. આ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી ડેવલપરની નિમણૂક કરવામાં આવશે. ત્યારબાદ નિયુક્ત ડેવલપર દ્વારા પ્રોજેક્ટનો વિગતવાર પ્લાન તૈયાર કરવામાં આવશે. આ પ્લાનને મંજૂરી મળ્યા પછી જ પ્રત્યક્ષ પુનઃવિકાસ કાર્ય શરૂ થશે, તેમ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું. ■

# નાગપુરના ગાર્ડનમાંથી ૫૮ ડિટોનેટર્સ, પંદર જિલેટીન સ્ટિક્સ મળી આવ્યાં

નાગપુર: નાગપુરના દોસાર ભવન સ્કવૅર વિસ્તારમાં આવેલા ગાર્ડનમાંથી ડિટોનેટર્સ અને જિલેટીન સ્ટિક્સ સહિતના વિસ્ફોટકો મળી આવતાં આસપાસના વિસ્તારના રહેવાસીઓમાં ગભરાટ ફેલાઇ ગયો હતો. દોસાર ભવન સ્કવૅર વિસ્તારના એક રહેવાસીએ મંગળવારે સવારે પોલીસને કૉલ કરીને તેના ઘર નજીક આવેલા ગાર્ડનમાં પડેલા વિસ્ફોટકો અંગે જાણ કરી હતી. દરમિયાન સ્થાનિક પોલીસ સ્ટેશનના અધિકારીઓ તથા બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવૉડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને વિસ્તારને કોર્ડન કર્યા બાદ ગાર્ડનમાંથી ૫૮ ડિટોનેટર્સ અને પંદર જિલેટીન સ્ટિક્સ જપ્ત કર્યાં હતાં. આ અંગે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી તેમ જ પેટ્રોલિયમ એન્ડ એક્સપ્લોઝીવ સેફ્ટી ઓર્ગેનાઇઝેશન તપાસ કરી રહી હોઇ આ વિસ્તારના સીસીટીવી કૅમેરાના ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે. (પીટીઆઇ)■


**શ્રી મુંબઈના હાલાઇ ભાટિયા મહાજન**

398, Kalbadevi Road, Mumbai - 400 002,
Tel No.: 2205 2002 / 22095911,
Web: www.bombayhalaibhatia.org,
E-mail: shribhbm@gmail.com
**Trust Regn. No.: A-0001341 (GBR) of B.P.T. Act 1950**

સર્વે ભાટિયા જ્ઞાતિજનોને જણાવવાનું કે સંસ્થા તરફથી નિયમિતપણે જરૂરિયાતમંદ સભ્યોને અનાજ વિતરણ કરવામાં આવેલ છે, તે માટેના ફોર્મ મહાજનશ્રીની ઓફિસમાંથી તારીખ ૮-૪-૨૦૨૬ થી તારીખ ૨૦-૪-૨૦૨૬ સુધી ભરીને આપવાના રહેશે.

લી.
મેનેજીંગ ટ્રસ્ટી


# નવી મુંબઈમાં મોટરસાઇકલસવારે કરેલા ગોળીબારમાં યુવક ઘાયલ

થાણે: નવી મુંબઈમાં અજાણ્યા મોટરસાઇકલસવારે બે જણ પર ગોળીબાર કર્યો હતો, જેમાં યુવકને ઇજા પહોંચી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

નવી મુંબઈના ઐરોલી વિસ્તારમાં છત્રપતિ શિવાજી રહેવાસી ચાલમાં સોમવારે રાતે ૧૧.૫૦ વાગ્યે આ ઘટના બની હતી.

રબાળે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે રાતે અજાણ્યો શખસ મોટરસાઇકલ પર આવ્યો હતો અને તેણે અમિત મૌર્ય તથા સંદીપ ગવસ પર ગોળીબાર કર્યો હતો. સિનિયર ઇન્સ્પેક્ટર બાળકૃષ્ણ સાવંતે કહ્યું હતું કે સંદીપ ગવસ બચી ગયો હતો, જ્યારે અમિતના ગળામાં ગોળી વાગતાં તે ઘાયલ થયો હતો. અમિતને તાત્કાલિક સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો અને બાદમાં તેને મુંબઈની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન બનાવની જાણ થતાં રબાળે પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે આવી પહોંચ્યો હતો. પોલીસે વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં અજાણ્યો શખસ મોટરસાઇકલ પર આવતો અને ગોળીબાર કર્યા બાદ ત્યાંથી ફરાર થતો નજરે પડ્યો હતો. પોલીસે આ પ્રકરણે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને આરોપીની શોધ આદરી હતી. (પીટીઆઇ)■

# નવી મુંબઈમાં જીએસટી ઓફિસર સહિત બે જણની લાંચના કેસમાં ધરપકડ

થાણે: નવી મુંબઈ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ની ટીમે સોફ્ટવેર ડેવલપર પાસેથી નવ હજાર રૂપિયાની કથિત લાંચ માગવા બદલ ગૂડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ના ઓફિસર અને તેની મહિલા સાથીદારની ધરપકડ કરી હતી. આ પ્રકરણે નોંધાવાયેલી ફરિયાદને આધારે એસીબીના અધિકારીઓએ કોંકણ ભવનમાં કાર્યરત ક્લાસ-૨ ઓફિસર અમિત ભાનુદાસ ગિરિ (૪૫) અને તેની સાથીદાર વૈશાલી વસંત કદમ (૩૯)ને સોમવારે લાંચ સ્વીકારતાં પકડી પાડવામાં આવ્યાં હતાં.

નવી મુંબઈના ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ (એસીબી) ધર્મરાજ સોન્કેએ કહ્યું હતું કે ફરિયાદીને પીટીઇસી (પ્રોફેશન ટેક્સ એન્રોલમેન્ટ સર્ટિફિકેટ) અને પીટીઆરસી (પ્રોફેશન ટેક્સ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ) અંગે ડિજિટલ હસ્તાક્ષર સાથેની કારણદર્શક નોટિસો મળી હતી. જ્યારે ફરિયાદી મામલાના ઉકેલ માટે જીએસટી ઓફિસમાં આરોપી અધિકારીને મળ્યો ત્યારે તેણે નોટિસોનો નિકાલ લાવવા ૧૦ હજાર રૂપિયાની લાંચ માગી હતી.

આ અંગે ફરિયાદીએ એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આથી એસીબીના અધિકારીઓએ સોમવારે છટકું ગોઠવીને અમિત ગિરિને તેની કેબિનમાં નવ હજાર રૂપિયાની લાંચ સ્વીકારતાં રંગેહાથ પકડી પાડ્યો હતો, જ્યાં કાવતરામાં સામેલ તેની સાથીદારની પણ ત્યાર બાદ ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■


**Prahladrai Dalmia Lions College of Commerce & Economics**
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)

NAAC Accredited with 'A' Grade,
ISO 21001 : 2018 Certified, SQAAF with 'A+' Grade
Tel: 022- 35112985/ 35115316
Website : www.dalmialionscollege.ac.in
55 years of sterling performance in education

Applications are invited for the post of

**ADMINISTRATIVE OFFICER**

Candidate should have a Master's or equivalent degree in Management with minimum 3 years' experience in an Educational Institute, College Administration. Worked in Educational Institutions having knowledge of various Government & University rules and regulations with respect to functioning of an educational institute with experience in MS Office, fluency in written and spoken English, Hindi & Marathi is a must. Should be proficient with daily operations of the institute.
Candidate residing in western suburbs will be preferred.

**Application should reach within 10 days from the date of advertisement, To The Hon. Secretary (G.C.), Prahladrai Dalmia Lions College of Comm. & Eco., Sunder Nagar, S. V. Road, Malad (W), Mumbai – 400 064, with complete resume, Xerox copies of all marks sheets of examination & qualifications passed & experience certificate.**

**Resume can additionally be forwarded by email to dalmialionscollege@gmail.com**

(For Further details scan QR code)

Sd/-
Hon. Secretary



**Prahladrai Dalmia Lions College of Commerce & Economics**
(Government Aided & Affiliated to University of Mumbai & AICTE)

NAAC Accredited with 'A' Grade,
ISO 21001 : 2018 Certified, SQAAF with 'A+' Grade
Tel: 022- 35112985/ 35115316
Website : www.dalmialionscollege.ac.in
55 years of sterling performance in education

Applications are invited for the post of Clerk & Peon Full Time on Contractual Basis

**Junior Clerk/Account Clerk:**

Graduate in any Stream, well versed in Computers, Tally ERP & proficient in English, Hindi, & Marathi language having MS-CIT Certificate. Candidate having Knowledge of College Administration work & proficient with daily operations of the college work will be given preference. Having excellent communication skills via Mobile.

**Peon:**

Minimum qualification 12th Pass. Candidate having knowledge of College work will be given preference, can read & write in English, Hindi & Marathi.
Candidate residing in western suburbs will be preferred.

**Application should reach within 10 days from the date of advertisement, To The Hon. Secretary (G.C.), Prahladrai Dalmia Lions College of Comm. & Eco., Sunder Nagar, S. V. Road, Malad (W), Mumbai – 400 064, with complete resume, Xerox copies of all marks sheets of examination & qualifications passed & experience certificate.**
**Resume can additionally be forwarded by email to dalmialionscollege@gmail.com**

(For Further details scan QR code)

Sd/-
Hon. Secretary


# વિશેષ કોર્ટે ૨૦૨૩ના ભ્રષ્ટાચારના કેસમાં કસ્ટમ્સના ભૂતપૂર્વ અધિકારીને મુક્ત કર્યા

થાણે: થાણેની વિશેષ કોર્ટે ૨૦૨૩ના ભ્રષ્ટાચારના કેસમાં કસ્ટમ્સ વિભાના ડેપ્યુટી કમિશનરને મુક્ત કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે આ કેસમાં સક્ષમ અધિકારી પાસેથી જરૂરી મંજૂરી વિના ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. સીબીઆઇ કોર્ટના વિશેષ જજ ડી. એસ. દેશમુખે કસ્ટમ્સના ભૂતપૂર્વ અધિકારી દિનેશ ફુલડિયાની મુક્તિ માટેની અરજીને મંજૂરી આપતાં સ્પષ્ટ કર્યું હતું કે યોગ્ય મંજૂરી મળ્યા બાદ ફરિયાદ પક્ષ નવી ચાર્જશીટ દાખલ કરી શકે છે.

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ) દ્વારા ૬ જૂન, ૨૦૨૩ના રોજ માલની ગેરકાયદે આયાતને મંજૂરી આપવા માટે વચેટિયા પાસેથી કથિત લાંચ લેવા બદલ ન્હાવા શેવામાં જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ ખાતે કાર્યરત દિનેશ ફુલડિયા તથા અન્ય અધિકારીની ધરપકડ કરી હતી.

કેસની વિગત મુજબ ફુલડિયા અને અન્ય અધિકારીએ વચેટિયા મારફત કસ્ટમ્સ હાઉસ એજન્ટોને વિદેશમાં બે વર્ષથી વધુ સમય સુધી રહેલી વ્યક્તિને વપરાયેલી ઘરગથ્થુ જણસોની આયાત પર પાંચ લાખ રૂપિયા સુધીની કરમુક્તિ માટે કસ્ટમ્સ એક્ટની 'રહેઠાણની બદલી'ની કલમનો ઉપયોગ કરવામાં મદદ કરી હતી.

ફુલડિયા સામે ભારતીય ન્યાય સંહિતા અને પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)




# માટુંગા કારશેડમાં રેલવેનો નવો સ્લીપર કોચ બળીને રાખ

મુંબઈ: માટુંગા રેલવે કારશેડમાં અચાનક એક ટ્રેનના ડબ્બામાં આગ લાગી ગઈ હતી. રેલવે કારશેડમાં એક નવા નક્કોર ટ્રેનના ડબ્બામાં અચાનક આગ લાગી અને જોતજોતામાં આખો ડબ્બો આગની લપેટમાં આવી ગયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. મળતી માહિતી મુજબ માટુંગા રેલવે કારશેડમાં બપોરે ૩.૧૦ વાગ્યે નવા તૈયાર કરવામાં આવેલા રેલવે ડબ્બામાં આગ લાગી હતી. આ ડબ્બો એલએચબી સ્લીપર કોચનો હતો. અચાનક આગ લાગવાને કારણે અફરાતફરી મચી ગઈ હતી. આગમાં આ કોચનો ઉપરનો ૭૦ ટકા ભાગ બળી ગયો હતો.

સીએસએમટી તરફના શૌચાલયમાં વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું. વેલ્ડિંગના તણખાને કારણે નજીકની વસ્તુમાં આગ લાગી અને જોરદાર પવન અને કોચ નોન-એસી હોવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. જોતજોતામાં આખો ડબ્બો આગની લપેટમાં આવી ગયો હતો. રેલવે કારશેડમાં કામ કરતા કર્મચારીઓએ કોચને તાત્કાલિક ખુલ્લી જગ્યામાં બહાર ધકેલી દીધો હતો, જેના કારણે અન્ય કોઈ કોચ કે વર્કશોપના માળખાકીય સુવિધાઓને નુકસાન થયું નહોતું. આ ઘટનાની જાણ થતા ફાયર બ્રિગેડને તાત્કાલિક બોલાવવામાં આવ્યું હતું. સાંજે ચાર વાગે તેમને આગને કાબૂમાં લાવવામાં સફળતા મળી હતી.

# એર ઈન્ડિયાના સીઈઓ કેમ્પબેલ વિલ્સને રાજીનામું આપ્યુંઃ નવા સીઈઓની શોધ તેજ

મુંબઈ : દેશમાં છેલ્લા અનેક મહિનાઓથી સતત નુકસાનનો સામનો કરી રહેલી એર ઈન્ડિયા માટે માઠા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. એર ઇન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર( સીઇઓ) કેમ્પબેલ વિલ્સને તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમજ તેની બાદ હવે કંપનીએ નવા સીઇઓ માટેની તપાસ પણ તેજ કરી દીધી છે. આ અંગે એર ઈન્ડિયાએ તેમને નવા સીઈઓની નિમણૂક થાય ત્યાં સુધી તેમના પદ પર રહેવા કહ્યું છે. સામાન્ય રીતે તેમનો કાર્યકાળ આવતા વર્ષના સપ્ટેમ્બર સુધી રહેવાનો હતો, પરંતુ તેમણે પહેલાથી જ સંકેત આપી દીધા હતા કે તેઓ તેમનો કાર્યકાળ લંબાવવા માગતા નથી. આ કારણોસર કંપનીએ જાન્યુઆરી ૨૦૨૬ માં જ નવા સીઈઓની શોધ શરૂ કરી દીધી હતી. આ પ્રક્રિયા હવે ઝડપી બનાવવામાં આવી છે. તેમજ આ બાબત અંગે એક મહત્વપૂર્ણ બેઠક આગામી અઠવાડિયે યોજાવાની છે. અમદાવાદ વિમાન દુર્ઘટના બાદ એર ઇન્ડિયા હાલમાં અનેક મોટા પડકારોનો સામનો કરી રહી છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે એરસ્પેસ પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. જેના કારણે વિમાનોને લાંબા રૂટ પર ઉડાન ભરવાની ફરજ પડી છે. આના કારણે ઇંધણનો વપરાશ વધ્યો છે અને સંચાલન ખર્ચમાં વધારો થયો છે. તેમજ નવા વિમાનોની ડિલિવરીમાં વિલંબ અને વધતા ખર્ચ કંપની માટે મુશ્કેલીઓ ઉભી કરી રહ્યા છે. આ ઉપરાંત અહેવાલો અનુસાર એર ઇન્ડિયાને નાણાકીય વર્ષ ૨૦૨૬માં આશરે ₹૨૦,૦૦૦ કરોડ સુધીનું નુકસાન થઈ શકે છ જે તેની અત્યાર સુધીની સૌથી મોટી ખોટ હશે. નિષ્ણાતો માને છે કે નવા સીઈઓના પદ માટે કંપની એવી વ્યક્તિની શોધ કરી રહી છે જેની પાસે આંતરરાષ્ટ્રીય એરલાઇનનું સંચાલન કરવાનો અનુભવ હોય, પૂર્ણ-સેવા અને ઓછા ખર્ચે બિઝનેસ મૉડેલ બંનેની સમજ હોય અને પડકારજનક પરિસ્થિતિઓમાં કંપનીને ચલાવવાની ક્ષમતા હોય.

# ચારકોપમાં માર્ગ ઓળંગતી વખતે ડમ્પરે અડફેટે લેતાં સાત વર્ષની બાળકીનું મોત

## રોષે ભરાયેલા નાગરિકો રસ્તા પર ઊતરી આવ્યાઃ કર્યું વિરોધ પ્રદર્શન

મુંબઈ: કાંદિવલી પશ્ચિમના ચારકોપ વિસ્તારમાં માર્ગ ઓળંગતી વખતે ડમ્પરે અડફેટમાં લેતાં સાત વર્ષની બાળકીનું મોત થયું હતું. આ અકસ્માત બાદ ઉશ્કેરાયેલા નાગરિકો રસ્તા પર ઊતરી આવ્યા હતા અને તેમણે વિરોધ પ્રદર્શન કર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ચારકોપમાં મંગળવારે બપોરે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી બાળકીની ઓળખ રિતિકા ચવાણ તરીકે થઇ હતી, જે ગણેશનગરમાં પરિવાર સાથે રહેતી હતી અને પાલિકાની શાળામાં બીજા ધોરણમાં ભણતી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર રિતિકા તેના પડોશી સાથે મંગળવારે બપોરે માર્ગ ઓળંગી રહી હતી ત્યારે પૂરપાટ વેગે આવેલા ડમ્પરે તેને અડફેટમાં લીધી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી રિતિકાને બાદમાં મોત થયું હતું.

અકસ્માત બાદ નાગરિકોએ ડમ્પરચાલકને પકડી પાડ્યો હતો અને તેને બાદમાં ચારકોપ પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. પોલીસે ડમ્પરચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યા બાદ તેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અકસ્માતને કારણે રોષે ભરાયેલા નાગરિકો રસ્તા પર ઊતરી આવ્યા હતા. તેમણે રસ્તો બ્લૉક કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને અકસ્માત માટે જવાબદાર ડમ્પરચાલક સામે કાર્યવાહીની માગણી કરી હતી. લોકોએ કરેલા વિરોધ પ્રદર્શનને કારણે વાતાવારણ તંગ બન્યું હતું. પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ નિર્માણ ન થાય એ માટે ઉપરોક્ત વિસ્તારમાં વધારાનો બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર રિતિકા ચવાણ તેના ત્રણ-ભાઇ બહેનમાં સૌથી મોટી હતી.

# શિર્ડીમાં 'ગૉડમૅન' અશોક ખરાતનું આરટીઓ કનેક્શન!: બે અધિકારીનાં નામ સામે આવ્યાં

અહિલ્યાનગર: શિર્ડીમાં છેતરપિંડીના ચકચારી કેસમાં દરરોજ નવા નવા અને ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યા છે. સ્વઘોષિત ગૉડમૅન અશોક ખરાતના માધ્યમથી ચાલી રહેલી સમતા ક્રેડિટ સોસાયટીમાંની ગેરરીતિનો રેલો હવે છેક સરકારી યંત્રણા સુધી પહોંચ્યો છે. આ પ્રકરણમાં પરિવહન વિભાગના બે મોટા અધિકારીનાં નામ સામે આવ્યાં હોવાથી હવે શિર્ડી પોલીસ દ્વારા તેમની આકરી પૂછપરછ કરવામાં આવશે, એવું જાણવા મળ્યું છે.

સમતા ક્રેડિટ સોસાયટીમાં ખોલવામાં આવેલા ૧૦૦થી વધુ શંકાસ્પદ ખાતાંની તપાસ કરતી વખતે પોલીસને ઉપરોક્ત બંને અધિકારી અને તેમના પરિવારજનોના દસ્તાવેજો મળી આવ્યા હોવાથી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉપરોક્ત બંને અધિકારીઓના નામે ક્રેડિટ સોસાયટીમાં ખાતાં ખોલવામાં આવ્યાં છે. જોકે એ ખાતાં તેમણે પોતે ખોલાવ્યાં છે કે તેમના દસ્તાવેજોનો ઉપયોગ કરીને અશોક ખરાતે બોગસ ખાતાં ખોલ્યાં છે તે શોધી કાઢવું પોલીસ માટે મોટો પડકાર છે. જો એ ખાતાં બોગસ છે, તો ઉપરોક્ત અધિકારીઓના દસ્તાવેજો અશોક ખરાત સુધી કેવી રીતે પહોંચ્યા? એવો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવી રહ્યો છે.

# 'અલ નીનો'ની અસરને કારણે આ વર્ષે ચોમાસામાં વરસાદ ઓછો પડશે

મુંબઈ: કેટલાક દિવસોથી ઉત્તર ભારતના રાજ્યો સહિત મહારાષ્ટ્ર પર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થઈ રહી છે. તેના કારણે નાગરિકોને આ વર્ષે ચોમાસું કેવું રહેશે તેની ચિંતા સતાવવા લાગી છે. ખાનગી હવામાન સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલા વરસાદના અહેવાલ મુજબ આ વર્ષે ચોમાસું સરેરાશ કરતા ઓછું રહેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાનગી હવામાન સંસ્થા 'સ્કાયમેટ' દ્વારા હાલમાં ચોમાસાનો અહેવાલ જાહેર કરવામાં આવ્યો હતો. 'સ્કાયમેટ'ના અહેવાલ મુજબ આ વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ 'અલ નીનો' સક્રિય થવાની શક્યતા છે અને તે શરદ ઋતુમાં વધુ તીવ્ર બને તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તેની અસર ચોમાસા પર પડશે. મધ્ય અને પશ્ચિમ ભારતના મુખ્યત્વે પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં ખાસ કરીને ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં વરસાદનું પ્રમાણ ઓછું રહેવાની સંભાવના છે, જ્યારે ભારતના પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભાગોમાં પ્રમાણમાં સારો વરસાદ થશે તેવી શક્યતા વર્તવામાં આવી રહી છે.

# ઈરાન યુદ્ધમાં મૃત્યુ પામેલા ભારતીયના મૃતદેહની ડીએનએ ટેસ્ટ કરાવવાની હાઈ કોર્ટની મંજૂરી

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે મંગળવારે ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ઓફ શિપિંગ (ડીડીજી)ને પશ્ચિમ એશિયા સંઘર્ષમાં માર્યા ગયેલા ૨૫ વર્ષીય ભારતીય નાવિકના મૃતદેહનું અવશેષોને ડીએનએ પરીક્ષણ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંખડની બેન્ચે જણાવ્યું હતું કે પરિવારના સભ્યોની હાજરીમાં ડીડીજી શિપિંગ દ્વારા અવશેષો એકત્રિત કરવામાં આવશે.

પહેલી માર્ચના રોજ ઓમાન કિનારે વિસ્ફોટકોથી ભરેલી ડ્રોન બોટ ઓઇલ ટેન્કક એમટી એમકેડી વ્યોમ સાથે અથડાયા બાદ ચાર માર્ચના રોજ દીક્ષિત સોલંકીનું મોત થયું હતું. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન પર યુએસ-ઇઝરાયલના સંયુક્ત હુમલા બાદ ફાટી નીકળેલા સંઘર્ષમાં તે પ્રથમ ભારતીય હોવાનું કહેવાય છે. તેમના પિતા અમૃતલાલ અને બહેન મિતાલીએ ગયા અઠવાડિયે હાઈ કોર્ટમાં અરજી કરી હતી અને કેન્દ્ર સરકારને તેમના પાર્થિવ શરીરને ભારત લાવવા માટે નિર્દેશ આપવાની માગ કરી હતી. રવિવારે અવશેષો ભારત મોકલવામાં આવ્યા હતા, પરંતુ તેમાં ફક્ત બળી ગયેલા અવશેષો હોવાથી પરિવારે ઓળખ માટે ડીએનએ ટેસ્ટની માગ કરી હતી, જેના પછી તેઓ અંતિમ સંસ્કાર પૂર્ણ કરી શકે. મંગળવારે કેન્દ્ર સરકાર ડીજી શિપિંગ અને ડીડીજી શિપિંગ વતી હાજર રહેલા એડવોકેટ રુઈ રોડ્રિગ્સે કોર્ટને જણાવ્યું હતું કે ડીજી શિપિંગ દ્વારા સોમવારે રાત્રે મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક, મુંબઈ પોલીસ કમિશનર અને એફએસએલ હૈદરાબાદ અને મુંબઈને આગળની કાર્યવાહી માટે કહેવામાં આવ્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### સરકારી કંપની

સંશોધકો માટે શૈક્ષણિક કાર્યક્રમો અમલમાં મૂકી શકશે.

૪) મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની - મહાવિતરણના નાણાકીય બાબતોનું પુનર્ગઠન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૩૨,૬૭૯ કરોડ રૂપિયાની સરકારી ગેરંટીવાળી લોન માટે મૂડી બજારમાં સરકારી બોન્ડ જારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત કૃષિ વિતરણ વ્યવસાયને ડિમર્જ (એગ્રી ડિમર્જર) કરવામાં આવશે. ઉપરાંત મહાવિતરણને શેર બજારમાં લિસ્ટેડ કરવામાં આવશે.

૫) મહારાષ્ટ્ર રિસ્પોન્સિવ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (એમઆરડીપી) લાગુ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપનમાં ખાનગી મૂડીની મદદથી ભંડોળ એકત્ર કરવામાં આવશે. તેને વિશ્વ બેંક તરફથી ૧૬૫ કરોડ રૂપિયાનું ભંડોળ મળશે. આપત્તિગ્રસ્ત નાગરિકોને ગૃહ લોનમાં છૂટછાટ અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે લોન તેમજ વીમા કવચ પૂરું પાડવામાં આવશે. પૂરના પાણીના નિકાલ માટે કોલ્હાપુર, સાંગલી, ઇચલકરંજી શહેરો સહિત કૃષ્ણા ખીણ માં પૂરનું જોખમ ઘટાડવા માટે નિવારણ યોજનાઓ તૈયાર કરવામાં આવશે.

### થાણે-બોરીવલી

થાણે શહેરનું અંતર ઘટી જશે અને આ પ્રોજેક્ટ મે, ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા હોવાનું જણાવ્યું હતું.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે આ એક ગ્રીન પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ માટે અનેક વૃક્ષોને કાપવામાં આવવાના છે પણ તેની સામે ૧૧,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવવાનું છે. ટ્વિન ટલનનું માળખું સંપૂર્ણપણે અંડરગ્રાઉન્ડ હોવાથી સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની જૈવવિવિધતા સુરક્ષિત રહેશે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પ્રોજેક્ટ પર વ્યક્તિગત રીતે ધ્યાન આપશે એવુ પણ ફડણવીસે કહ્યું હતું.

આ પ્રોજેક્ટ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. એમએમઆરડીએના અધિકારીના જણાવ્યા મુજબ 'નાયક' અને 'અર્જુન' સહિત ચાર વિશાળ હાર્ડ રોક ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)નો ઉપયોગ આ કામ માટે કરવામાં આવવાનો છે, જેમાં ૧૩.૩૪ મીટર વ્યાસના કટરહેડ સાથે ૨,૫૦૦ ટન વજનના છે.

છ લેનનો અંડરગ્રાઉન્ડ રોડ થાણે અને બોરીવલી વચ્ચેનું અંતર ૨૩ કિલોમીટરથી ઘટાડીને ૧૨ કિલોમીટર પર લાવશે અને મુસાફરીનો સમય પણ ૯૦ મિનિટથી ઘટાડીને માત્ર ૧૫ મિનિટ કરી નાખશે. આ રોડ નાશિક, કલ્યાણ અને નવી મુંબઈથી આવતા વાહનો માટે બાયપાસનું કામ કરશે, જેનાથી ઘોડબંદર રોડની ભીડ ઓછી થશે.

હાલ થાણે શહેરથી બોરીવલી જવા માટે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનને લાગીને આવેલા ઘોડબંદર રોડથી ઘોડબંદર ઘાટ, ફાઉન્ટન રોડથી પ્રવાસ કરવો પડે છે. ઘોડબંદર રોડથી થાણે-બોરીવલી બસ અને એસટીનો પણ વધુ ટ્રાફિક હોય છે. તેથી અહીં મોટા પ્રમાણમાં ટ્રાફિક રહેતો હોય છે.

### ઘાટકોપરમાં શુક્રવારથી

ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી છે. તેમ જ પાણી સંભાળીને વાપરવાની સલાહ પણ આપવામાં આવી છે.

પાણીપુરવઠા વિસ્તારમાં નારાયણ નગર અને ઝોન નંબર એએનએક્સ -૦૩થી સંબંધિત ચિરાગનગર, આઝાદ નગર, ગણેશ મેદાન, પારસીવાડી, ન્યૂ માણિકલાલ ઈસ્ટેટ રોડ, એનએમએસ રોડ, મહિન્દ્રા પાર્ક, ડી.એસ. રોડ, ખાલાઈ વિલેજ, કિરોલ વિલેજ, વિદ્યાવિહાર પશ્ચિમ, હંસોટી લેન, ખોત ગલી, મહાત્માગાંધી રોડ, નવરોજી ગલી, એચ.આર.દેસાઈ રોડ, કામાગલી, શ્રધ્ધાનંદ રોડ, જે.વી. રોડ, ધ્રુવરાજસિંહ ગલી, ગોપાલ ગલી, જીવદયા ગલી, ગીગાવાડી પરિસરમાં સમારકામ દરમ્યાન પાણીપુરવઠાનો સમય બપોરના ૨.૩૦ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા અને રાતના ૧૦.૪૫ વાગ્યાથી ૧૧.૩૦ વાગ્યા સુધીનો હતો. સમારકામ બાદ આ પરિસરમાં સુધારિત પાણી પુરવઠાનો સમય હવે બપોરના ૩.૧૫ વાગ્યાથી સાંજના ૭.૧૫ વાગ્યા સુધીનો રહેશે.

પાણીપુરવઠા વિસ્તાર પંતનગર આઉટલેટ અને ઝોન નંબર કેએનએક્સ-૦૬થી સંબંધિત ભીમનગર, પવાર ચાલ, લોઅર ભીમનગર, ક્રાઈમ બ્રાન્ચ પરિસર, વૈતાગવાડી, નિત્યાનંદ નગર, સી.જી.એસ. કોલોની, ધ્રુવરાજસિંહ ગલી, મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ ગલી પરિસર જેવા વિસ્તારમાં સમારકામ દરમ્યાન પાણીપુરવઠાનો સમય સાંજના ૬.૧૫ વાગ્યાથી રાતના ૧૦.૩૦ વાગ્યા સુધીનો હતો. સમારકામ બાદ આ પરિસરમાં સુધારિત પાણીપુરવઠાનો સમય સાંજના ૬.૪૫ વાગ્યાથી રાતના ૧૧.૦૦ વાગ્યા સુધીનો રહેશે.

પાણીપુરવઠા વિસ્તાર સર્વોદય બુસ્ટીંગ અને ઝોન નંબર એનએક્સ-૦૬ સંબંધિત સૅનિટોરિયમ ગલી, એચ.આર. દેસાઈ રોડ, કામાગલી, શ્રધ્ધાનંદ રોડ, જે.વી. રોડ, ગોપાલ ગલી, એલ.બી.એસ રોડ,ને લાગીને ઘાટકોપર પશ્ચિમ, ગાંધી નગર પરિસરમાં સમારકામ દરમ્યાન પાણીપુરવઠાનો સમય સાંજના ૭.૧૫ વાગ્યાથી રાતના ૯.૧૫ વાગ્યા સુધીનો હતો.

સમારકામ બાદ આ પરિસરમાં સુધારિત પાણીપુરવઠાનો સમય સાંજના ૭.૧૫ વાગ્યાથી રાતના ૯.૧૫ વાગ્યા સુધીનો રહેશે.

### આ વિસ્તારોમાં પાણી

કૈલાસનગર, શાંતી નગર, શ્રીનગર, ભટ્ટવાડી, કિસનનગર, કાંદબરી સોસાયટી, લોકદર્શન સોસાયટી, પરેરાનગર, સુદર્શન કોલોની પરિસર, જરીમરી, વૃંદાવન, વિકાસ કૉમ્પ્લેક્સ, આંબેડકર નગર, ગાંધી નગર, સુભાષ નગર, વસંત વિહાર, લોકઉપવન, દેવદયાનગર, કોકણીપાડા, વરાડવાડી, શિવાઈ નગર, વિહંગપાર્ક, મૈત્રીપાક, સિદ્ધાંચલ કૉમ્પ્લેક્સ, માજિવાડા, માનપાડા, ઢોકાળી, મનોરમા નગર, વિજયનગર, વિજયપાર્ક, વાઘબીળ, આનંદનગર, કાસારવડવલી, વર્તક નગર પરિસર, દોસ્તી કૉમ્પ્લેક્સ, કોરસ નક્ષત્ર, મોરેવાડી, સમતા નગર,વર્તક નગર, ભાસ્કર કોલોની, બ્રાહ્મણ સોસાયટી, વાગલે એમઆઈડીસી પરિસર, કેણીનગર, નહેરુનગર, કિસનનગર-બે જેવા વિસ્તારનો સમાવેશ થાય છે.

### સમીર વાનખેડે

કોર્ટમાં દાખલ કરેલા સોગંધનામામાં દાવો કરાયો છે કે ૨૦૨૧માં ડ્રગ્સ-ઑન-ક્રૂઝ કેસમાં અભિનેતા શાહરુખ ખાનના પુત્ર આર્યન ખાનની ધરપકડ બાદ પોતે ઘણા બધા કેસનો સામનો કરી રહ્યા છે અને ભૂતપૂર્વ પ્રધાન મલિકના જમાઇ સમીર ખાનની ડ્રગ્સ કેસમાં ધરપકડ બાદ મલિક મારી વિરુદ્ધ વેરવૃત્તિ ધરાવતા હતા.

એનસીબીએ મંગળવારે જસ્ટિસ એ.એસ. ગડકરી અને કમલ ખાટાને જણાવ્યું હતું કે બે ફરિયાદમાં સમાવિષ્ટ આરોપોની તપાસ અને ખરાઇ કરવાની પોતાની ફરજ અને અધિકાર છે. તપાસ ખરાઇના તબક્કામાં છે અને વાનખેડે ૨૦૨૪થી અરજીઓ તેમ જ અન્ય કાનૂની કાર્યવાહીઓ થતી પ્રક્રિયા વિલંબમાં મૂકી રહ્યા છે. વાનખેડેને ન્યાયી તક મળે તે માટે પૂછપરછ કરવા બોલાવવામાં આવ્યા હતા. વાનખેડેના વકીલે સોગંધનામાનું પરીક્ષણ કરવા કોર્ટ પાસે સમય માગ્યો છે, જેથી સુનાવણી કોર્ટે બે સપ્તાહ મોકૂફ રાખી છે. (પીટીઆઇ)

### મુંબઈમાં કુલ

જવાનો છે. આ પ્રોજેક્ટનો ખર્ચ ૬,૬૦૭ કરોડ રૂપિયા છે.

આજથી શરૂ થઈ રહેલી મેટ્રો લાઈન-નવના પહેલા તબક્કામાં ૫.૬ કિલોમીટરનો એલિવેટેડ સ્ટ્રેચ છે, જેમાં ચાર સ્ટેશન દહિસર પૂર્વ, પાંડુરંગવાડી, મીરાગાંવ અને કાશીગાંવનો સમાવેશ થાય છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મીરા-ભાયંદરમાં સાંઈબાબા નગર અને સુભાષચંદ્ર બોઝ મેદાન વચ્ચેના બીજા તબક્કાનું કામ ૯૬ ટકા પૂર્ણ થઈ ગયું છે અને ચાર વધારાના સ્ટેશન સાતે ૪.૩ કિલોમીટરનો પટ્ટો આ વર્ષના અંતમાં ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

મુખ્ય પ્રધાને ઉદ્‌ઘાટન સમયે કહ્યું હતું કે મીરા-ભાયંદરથી નાગરિકો મેટ્રોને કારણે સીધા દક્ષિણ મુંબઈ સુધી ઝડપથી પહોંચી શકશે. મેટ્રો લાઈન-નવ મીરા-ભાયંદરથી દક્ષિણ મુંબઈમાં કોલાબા સુધી મેટ્રો લાઈન -સાત અને ભવિષ્યમાં મેટ્રો લાઈન સાત-એ અને મેટ્રો લાઈન-૩ સાથે ઈન્ટરલિંક કરીને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે.

#### મેટ્રોમાં દિલ્હી બાદ મુંબઈ બીજા નંબર

મેટ્રો રેલના ઉદ્‌ઘાટન સમયે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં સરળ અને સુલભ પરિવહન વ્યવસ્થા વિકસાવવામાં આવી રહી છે, જેમાં મેટ્રો, ઈ-બસ અને વોટર ટ્રાન્સપોર્ટને એકીકૃત કરીને શહેરને દેશમાં સૌથી વધુ સુલભ બનાવવામાં આવ્યું છે. ૧૦૦ કિલોમીટરથી વધુ કાર્યરત મેટ્રો લાઈન સાથે જ મેટ્રો નેટવર્કની દૃષ્ટિએ મુંબઈ હવે દિલ્હી પછી દેશમાં બીજા ક્રમે છે. બાકીના અન્ય પ્રોજેક્ટ પણ આગામી બે વર્ષમાં પૂરા કરવામાં આવશે.

# હિન્દુ મરણ

સ્વ.કિરીટભાઇ માંડલીયા (ઉં.વ. ૬૮) તે સ્વ.ગીરધરલાલ નરસીભાઇ માંડલીયા પુત્ર હિરેન તથા અજયના પિતા. તે સ્વ.કરસનદાસ, સ્વ.કીશોરભાઇ શશીભાઇના ભાઇ. તે સ્વ. સોની નંદલાલ મોહનલાલ પાટડીયાના જમાઇ. તે બળવંતભાઇ, દિનેશભાઇ, પરેશભાઇના બનેવી તા.૬-૪-૨૬, સોમવારે શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૯-૪-૨૬, ગુરુવારે બપોરે ૩ થી સાંજે ૫ - કોઠારીયા નાકા, ખીજડાવાડી-૧/ બંને પક્ષનું બેસણું સાથે રાખેલ છે.

**રાજ્ય પુરોહિત બ્રાહ્મણ**

મૂળ જામનગર હાલ મુંબઇ ઘાટકોપર ગં. સ્વ. રંજનબેન જિતેન્દ્રભાઇ ભટ્ટ (ઉં. વ. ૭૦) તા. ૪-૪-૨૬ના કૈલાસવાસી થયેલ છે. તે જિતેન્દ્રભાઇ કુંદનલાલ ભટ્ટના પત્ની. રચનાબેન ભટ્ટના માતુશ્રી. સ્વ. ભોગીલાલભાઇ પરષોતમભાઇ ભટ્ટ, ગં. સ્વ. ઉમીયાબેન ભોગીલાલ ભટ્ટના પુત્રી. તથા મનસુખભાઇ, કિશોરભાઇ, હસમુખભાઇ, દિનેશભાઇ ભટ્ટ, રોહિતભાઇના બેન. પ્રાર્થનાસભા તા. ૯-૪-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૬. ઠે. વિરેશ્વર મહાદેવ મંદિર, સિંધુવાડીની બાજુમાં, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (પૂર્વ).

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. બાલકૃષ્ણભાઈ જયંતીલાલ સંઘવીના ધર્મપત્ની કપિલાબેન (ઉં. વ. ૮૪) તે હિતેન, સ્વ. ભાવના રમેશકુમાર મહેતા, ભામીની રાજેશકુમાર દોશીના માતુશ્રી, ધારશીભાઈ માધવજી વોરાના દીકરી, પ્રિતીના સાસુ, ફેનિલ, હિરલ, મિતુલ, ઈશા, સ્વાતિ કરણના બા. ૨/૪/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા સોરઠીયા વણિક**

મૂળગામ રાણપુર નિવાસી હાલ વસઈ, ચારુબેન (ઉં. વ. ૭૩) તે સ્વ. તારામતી ચુનીલાલ આણંદજીના દીકરી, પ્રવિણચંદ્ર વિઠ્ઠલદાસના ધર્મપત્ની, પિંકી, જીજ્ઞેશ, કમલેશના માતુશ્રી, સુજીતા, નિલેશના સાસુ, ઉષા તથા વાસંતીના મોટાબેન, ધનલક્ષ્મી લીલાધરના ભત્રીજી. તા. ૪/૪/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી પરિજયા પટ્ટણી સોની**

મૂળગામ માંડવી હાલ બોરીવલી, સ્વ. લાલજી જેઠાલાલ સાગના ધર્મપત્ની ગં.સ્વ રૂક્ષ્મણીબેન (ઉં. વ. ૮૦) ૫/૪/૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. હંસરાજ જીવરાજ ચલ્લાના દીકરી. સ્વ. પાર્વતીબેન લાલજી થડેશ્વર, સ્વ. સરસ્વતી મોરારજી છટપોખ્યાના બહેન, બીના અશ્વિન બંધનધકાણ, રિટા પ્રશાંત છટ્ટપોખ્યા, જોશના પ્રકાશ છટ્ટપોખ્યા, મમતા ચેતનભાઈ ચલ્લા, ફાલ્ગુની નિલેશ ધકાણ, બંસરી ભાવેશ વાયા,વિનોદ-વિશાખાના માતુશ્રી, મગન, ભરત, કીર્તિ, કમલેશ, મીના, રાજેશ, કલ્પનાના કાકી. તેમની પ્રાર્થનાસભા ૮/૪/૨૬ના રોજ ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**મેઘવાળ**

ગામ અયાવેજ હાલ મુંબઈ, સ્વ. પાલુબેન ખોડાભાઈ વણેલ તા. ૩/૪/૨૬ના રોજ અવસાન થયું છે. તે સ્વ. ખોડાભાઈ વણેલના ધર્મપત્ની, હરીશભાઇ, રમેશભાઇ, અમૃતભાઈ, ચંપાબેન, જયાબેનના માતાશ્રી, શાંતા, ગંગા, હંસાઈ કેશવ બોરીચાના સાસુમાં, નરેશ, રાજેશ, રજની, મોહન, ઉષા, હિતેશ, દીપક, સંગીતા દિવ્યા કમલેશના દાદી. બારમાની વિધિ ૮/૪/૨૬, બુધવારના રોજ. સ્થાનઃ શ્રમિક એક્તા એચ બિલ્ડિંગ, જે આર બોરીચા માર્ગ સાતરસ્તા.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ વરાડિયા હાલે ડોમ્બિવલી, અ.સૌ.અરૂણા અરવિંદ દનાણી (ઠક્કર) (ઉં. વ.૬૬) તે ચિંતન, સન્ની અને સ્વ. મહેકના માતુશ્રી. શીતલના સાસુ, અક્ષ ને જીયાના દાદી, ગં.સ્વ. સ્વ.કાશીબેન પ્રેમજી લક્ષ્મીદાસ દનાણી ગામના પુત્રવધૂ. ગં.સ્વ. સ્વ.લક્ષ્મીબેન શામજી નાનજી મડિયાર ગામ કચ્છ નલિયાના પુત્રી. તા. ૬ એપ્રિલ ૨૦૨૬ સોમવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ છે. રહેઠાણઃ અરવિંદ પ્રેમજી ઠક્કર ૪૦૪/૪થો માળ, માધવાશ્રમ બિલ્ડીંગ નં. ૧, શિવમંદિર નજીક, શિવમંદિર રોડ, રામનગર, ડોમ્બિવલી ઈસ્ટ.

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**ઝાલાવાડ શ્વે. મુ. જૈન**

ધાંધલપુર નિવાસી હાલ મુંબઇ બોરીવલી રાજેશભાઇ અમૃતલાલ બગડીયા (ઉં. વ. ૬૬) તા. ૭-૪-૨૬ મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે. સ્વ. સમતાબેન અમૃતલાલ નારણદાસ બગડીયાના પુત્ર. દિપ્તીબેનના પતિ. દિગંત, કિંજલના પિતાશ્રી. અમી, નીખીલકુમારના સસરા. પિયર પક્ષ ઇન્દુબેન શાંતીભાઇ દોશીના જમાઇ. યશવંતભાઇ, રમેશભાઇ, સુરેશભાઇ, સ્વ. કોકીલાબેન, સ્વ. ચંદ્રીકાબેન, રેખાબેન, અનીતાબેનના ભાઇ. ભાવયાત્રા તા. ૯-૪-૨૬ના ગુરુવારના સવારે ૯થી ૧૨. ઠે. દામોદર વાડી,અશોક ચક્રવતી રોડ, કાંદિવલી (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

હાલ બોરીવલી સ્વ. છોટાલાલ કપૂરચંદ સંઘાણીના ધર્મપત્ની ગુલાબબેન (ઉં. વ. ૮૮) તા. ૬-૪-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે મીના, રાજેશ, હરેશના માતા. ભરતભાઇ પારેખ, પારુલ, હર્ષાના સાસુજી. ગોપાલગ્રામ વાસી પ્રભાબેન, લલિતભાઇ, ચંપાબેન, મહેશભાઇ, ચંપકભાઇ, દિલીપભાઇના બેન. ધરા, જલ્પા, હીરાલી, દેવાંશી, હર્ષલ, સ્મીતના બા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જોરાવર નગર નિવાસી હાલ અંધેરી સ્વ. પ્રવીણચંદ્ર હરિલાલ શાહ (ખાડિયાવાળા)ના ધર્મપત્ની જશવંતીબેન (ઉં. વ. ૮૬) તે શિલ્પા રાજેશ શાહ, પ્રિતી પ્રવીણચંદ્ર શાહ, ધર્મેશ પ્રવીણચંદ્ર શાહ, સ્વ. ચૈતાલી શાહ, જલ્પા મીતલ પારેખ, કિંજલ વિકાસ ગાંધીના માતા. ફાલ્ગુનીના સાસુ. સ્વ. શારદાબેન, સ્વ. મંજુબેન, વિરબાળાબેન, સ્વ. કુમુદબેન, સ્વ. ધર્મિષ્ઠાબેન, સ્વ. ઇન્દુભાઇના ભાભી. પિયર પક્ષે સ્વ. ગજરાબેન કેશવલાલ પોપટલાલ શાહના દીકરી. ઋતુ, મૌસમ, ફલક, દિવિજ, હેતવી, યુગમના દાદી-નાની તા. ૭-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા સાદડી - પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભંડારીયા (કામળીયા) નિવાસી હાલ મુલુંડ સ્વ. જયંતીલાલ રાયચંદ શાહના સુપુત્ર હર્ષદભાઇ (ઉં. વ. ૭૫) સ્વર્ગવાસ પામેલ છે. તેમની સાદડી ગુરુવારના તા. ૯-૪-૨૬ના બપોરના ૩થી ૫. સ્વ. વાસંતીબેનના પતિ. કાકુભાઇ, શૈલેશ, હર્ષાબેનના ભાઇ. હિરેન, ચિંતન, સારીકા મેહુલકુમારના પિતાશ્રી. જીનલબેનના સસરા. શ્વસુર પક્ષે રતિલાલ કેશવજી દોશી (દેવળીયાવાળા)ના જમાઇ. બન્ને પક્ષની સાદડી રાખેલ છે. ઠે. સારથી બેન્કવેટ (બાવાજીની ઝોંપડી) ગણેશ ગાવડે રોડ, બીજે માળે, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રી માળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ બોરીવલી, સ્વ. રસીકલાલ મૂળજીભાઈ શાહના ધર્મપત્ની સુશીલાબેન. (ઉં. વ. ૭૮) તા. ૫/૪/૨૬ રવિવાર અવસાન પામેલ છે. તે હીના, પ્રજ્ઞા, હેમા, છાયા, દેવી, જતિન, નિમેષના માતુશ્રી, પંકજકુમાર, સ્વ. શૈલેષકુમાર, કમલેશકુમાર, મનિષકુમાર, વિપુલકુમાર તથા કિજલ અને અમીષાના સાસુ, જયસુખભાઈ મૂળજીભાઈ શાહ, સ્વ. તારાબેન મનસુખલાલ શેઠ, સ્વ. ઇન્દુબેન ચુનીલાલ દિયોરા, સ્વ. રંજનબેન મનહરલાલ મહેતાના ભાભી પિયરપક્ષે સ્વ. નેમચંદ ફુલચંદ શાહ (રાળગોન) ની દિકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસ સ્થાનઃ બી-૯, મુલજીનગર ૩, સાઈબાબા નગર રોડ, બોરીવલી પશ્ચિમ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના ઝવેરચંદ હિરજી શાહ / ગડા (ઉં. વ. ૭૧) તા. ૫-૪-૨૬ ના અવસાન પામેલ છે. સાકરબેન હિરજીના પુત્ર. રમાના પતિ. ડો. ઝરા, ડો. જુહીના પિતા. જીતેન્દ્ર, જયંત, રસિક, કુસુમ કિશોરના ભાઈ. મોટી ફુકાવાવના લલિતા બાબુલાલ સંઘાણીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમા ઝવેરચંદ શાહ ૬૦૩, બી વિંગ, હેતલ આર્ચ, એસ. વી. રોડ, મલાડ વે.

રતાડીયા ગણેશના શ્રી તલકશી રાઘવજી હંસરાજ છેડા (ઉં. વ. ૮૨) તા. ૪-૪-૨૬ ના અવસાન પામેલ છે. અમૃતબેનના પતિ. જેતબાઈ રાઘવજીના પુત્ર. કલ્પેશ, રામીનના પિતા. ચુનીલાલ, જાદવજી, ટોકરશી, મેઘેશ, શાંતિલાલ, મુકેશ, ઝવેર ના ભાઇ. ગુંદાલાના શાંતાબેન કાંતિલાલ દેઢિયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રામીન છેડા, બી/૩૦૨, પુષ્પ હેરીટેજ, મહાવીર નગર, કાંદિવલી (વે).

પ્રાગપુરના સાકરબેન માવજી દેઢિયા (ઉં. વ. ૮૪) સોમવાર, તા. ૬-૪-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. માતુશ્રી વેલબાઈ લખમશી દેઢિયાના પુત્રવધૂ. સ્વ. માવજીના પત્ની. સંદીપ, ફાલ્ગુની, સોનલના માતા. દેશલપરના માતુશ્રી લઘીબાઈ પ્રેમજી તેજશીના પુત્રી. પોપટ, નાગજી, હિંમત, ગુણવંતી પ્રવીણ, મંજુલા ચુનીલાલના બેન. પ્રા. બુધવાર, તા. ૮-૪-૨૬ - જય મંગલ હોલ, ઋષભ અજીત જિનાલય, રામ મારુતિ ક્રોસ રોડ, થાણે (વે), સાંજે ૩ થી ૪.૩૦. નિ. સંદિપ દેઢિયા, ૩૦૧, શ્રી વૃંદા સોસાયટી, એમ.જી. રોડ, નૌપાડા, થાણે (વે).

પત્રીના ધીરજલાલ કાનજી ધરોડ (ઉં. વ. ૮૫) તા. ૫.૪.૨૬ ના ચેમ્બુરમાં અવસાન પામ્યા છે. રતનબેન કાનજીના પુત્ર. કુસુમબેનના પતિ. દિનેશ, સંજય, નીતા, ભાવના ના પિતાશ્રી. ડેવિન, ધર્મીના મોટા નાના. દામજી, મગનલાલ, પોપટલાલ, નવિન, નેમજી, શાંતિલાલ, છોટાલાલ, કસ્તુરબેન, સરોજબેનના ભાઈ. ભુજપુર લાછબાઈ રતનશી લધા મોતાના જમાઈ.પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજલાલ કાનજી : ગુરુપ્રસાદ, બ્લોક-૨, લક્ષ્મી નારાયણ લેન, ઘાટકોપર-વેસ્ટ, મુંબઈ-૮૬.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મૈથિલીએ વૈષ્ણવોને માયા લગાડી રે

## 'મુંબઈ સમાચાર' માતૃભાષા ભાગવત સપ્તાહમાં બિહારી બેટીની બોલબાલા







મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ ૨ એપ્રિલથી ૮ એપ્રિલ

મુંબઈ: 'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'નો પાંચમો દિવસ સૂક્ષ્મ રૂપે અને સ્થૂળરૂપે 'ઉત્સવ દિવસ' બની રહ્યો. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ કથા શ્રવણના માહાત્મ્યથી શરૂ કરી સુપરકૂલ એસી ડોમમાં નંદ ઉત્સવના રસાળ વર્ણનથી વૈષ્ણવોને ઘેલા કર્યા બાદ મૈથિલી ઠાકુરના સ્વરૂપમાં એક સંગીત દીવો પ્રગટ્યો. એના સૂર - તાલ અને ગીત - ભજનની એવી રમઝટ બોલી કે ભાઇશ્રીએ કથાપાનથી બોરીવલીનું બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ સાંજે સાડા છએ ગોકુળ બનાવી દીધું હતું તો રાત્રે સાડા આઠ સુધીમાં તો મૈથિલી ઠાકુરે સંકુલને ગ્વાલિયરનું તાનસેન નગર બનાવી દીધું હતું.

સંગીતમાં પારંગત થઈ રહેલી અને દેશની સૌથી યુવા વિધાનસભ્ય ૨૬ વર્ષની બિહારની બેટીએ ગાયેલું એક ગીત 'દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે, એણે મને માયા લગાડી રે' ખરા અર્થમાં સોમવારની સાંજનું ઓળખ બની ગયું. માસૂમ અને ભાવવિભોર ચહેરો, ગળામાં ગજબની મીઠાશ અને પરફોર્મન્સના પાવરથી હાજર ભાવિકો 'મૈથિલીએ વૈષ્ણવોને માયા લગાડી રે' એમ જરૂર મનમાં ગણગણ્યા હશે. આ કાર્યક્રમમાં સાંજે આશીર્વચન આપી માતૃભાષા ભાગવત સપ્તાહને બિરદાવી ગયેલા શ્રી અનંત વિભૂષિત વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી ફરી ઉપસ્થિત થયા હતા. સિવાય ફિલ્મ અને ટેલિવિઝન અભિનેત્રી શ્વેતા તિવારીએ પણ હાજરી પુરાવી હતી.

માત્ર સાત વાજિંત્ર (મૈથિલીની સાથે દેશી હાર્મોનિયમ, બે અલગ અલગ ઢોલક, તબલા, પાવો, બેન્જો અને સામાન્ય - નાનકડું ઓર્ગન)ની સંગતમાં મૈથિલીએ જે રમઝટ બોલાવી, જે સૂરાલયનું નિર્માણ કર્યું એની સામે અદ્યતન વાજિંત્રો ધરાવતી ૭૦ પીસની ઓર્કેસ્ટ્રા પાણી ભરે. આ વિધાનમાં અતિશયોક્તિ લાગી શકે છે, પણ એ માહોલને અને એ વાતાવરણને સમજવા, ઓળખવા માટે તમારે 'મુંબઈ સમાચાર' આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'ના સોમવારના સંગીત જલસામાં હાજર રહેવું જોઈતું હતું. તમે જો એ મોકો ચુકી ગયા છો તમે અનોખી સૂરીલી સાંજથી વંચિત રહી ગયા છો એ દીવા જેવી સ્પષ્ટ વાત છે.

માસૂમ મૈથિલીનું મેજીક બીજા જ ગીતથી વરતાઈ આવ્યું. 'નાગર નંદજીના લાલ, રાસ રમતાં મારી નથડી ખોવાણી'થી જે સમા બંધાયો અને પછી લાગલગાટ ત્રણ ગુજરાતી ગીત 'દ્વારિકાનો નાથ મારો રાજા રણછોડ છે, એણે મને માયા લગાડી રે', 'કેસરિયો રંગ તને લાગ્યો ઓલ્યા ગરબા' અને 'ઢોલીડા ઢોલ રે વગાડ મારે હિંચ લેવી છે' થી બધા તાનમાં આવી ઝૂમી ઉઠ્યા, નાચી ઉઠ્યા.

આ સિવાય પોતાનું ફેવરિટ 'રાધિકા ગોરી સે બિરજ કી છોરી સે મૈયા કરાદે મેરો બ્યાહ' અને 'મેરી ઝોંપડી કે ભાગ આજ ખૂલ જાએંગે' સહિત અન્ય ગીતોથી વાતાવરણ સંગીતમય બનાવી દીધું. એમાંય જ્યારે રાષ્ટ્રસંત તુકડોજી મહારાજનું ભક્તિગીત 'મની નાહી ભાવ મ્હણે દેવા મલા પાવ, દેવ અશાનં ભેટાયચા નાહી રે, દેવ બાજારચા ભાજીપાલા નાહી રે' (મનમાં નથી ભાવ અને કહે છે દેવ મને દર્શન દે, ભગવાન આમ થોડા મળે, ભગવાન કંઈ બજારના શાકભાજી નથી) ગાયું ત્યારે ગુજરાતી, હિન્દી અને મરાઠી ગીતોની રજૂઆતથી માતૃભાષા ભાગવત સપ્તાહ એક અર્થમાં સાર્થક થઈ ગઈ. મૈથિલીના ગુજરાતી, મરાઠી, હિન્દી, વ્રજ અને મારવાડી ઉચ્ચારોની શુદ્ધતા કમાલની હતી. ■





# ગુજરાતમાં ઠેર ઠેર વરસાદ, અરવલ્લીમાં એક ઈંચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ઘણા ભાગોમાં મંગળવારે વરસાદ વરસ્યો હતો. અમદાવાદ સહિતના શહેરોમાં સાંજથી ભારે પવન અને ધૂળની ડમરીઓ ઊડી હતી. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ, સાંજે છ વાગ્યા સુધીમાં ૩૭ સ્થળોએ વરસાદે હાજરી આપી હતી, જેમાં અરવલ્લીમાં ૧.૧૮ ઈંચ વરસાદ નોંધાયો હતો.

અરવલ્લી જિલ્લાના સાતંબામાં સૌથી વધુ ૩૦ મિમી (૧.૧૮ ઇંચ) વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ ગાંધીનગર જિલ્લાના માણસામાં ૨૬ મિમી (૧.૦૨ ઇંચ) વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠાના હિંમતનગરમાં ૨૩ મીમી (૦.૯૧ ઇંચ) જ્યારે વિજાપુર (મહેસાણા) અને તલોદ (સાબરકાંઠા)માં ૧૮-૧૮ મિમી વરસાદ નોંધાયો હતો. ભાવનગર જિલ્લામાં ભાવનગર તાલુકામાં ૧૬ મિમી જ્યારે દાહોદના ફતેપુરામાં ૧૩ મિમી વરસાદ નોંધાયો હતો. મોડાસા અને બાયડ સહિત અરવલ્લીના કેટલાક તાલુકાઓમાં પણ ૧૩ મિમી વરસાદ નોંધાયો હતો. આ એવા સ્થળો હતા જ્યાં અડધા ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લાના વડાલીમાં (૧૦ મિમી), શહેરામાં (૯ મિમી), અને વિજયનગર અને પ્રાંતિજમાં (૮ મિમી) જેટલો વરસાદ નોંધાયો હતો. મહેસાણા જિલ્લાના કેટલાક ભાગોમાં જેવા કે વિસનગર (૭ મિમી), ઊંઝા, વડનગર અને બેચરાજી (૬ મિમી)માં પણ વરસાદ પડ્યો હતો. આણંદ જિલ્લાના ઉમરેઠમાં ૭ મિમી વરસાદ નોંધાયો છે. આણંદ, પાટણ, મહિસાગર, ખેડા અને ભરૂચ જિલ્લાના અનેક તાલુકાઓમાં પણ હળવા વરસાદની ગતિવિધિઓ નોંધાઈ છે, જેમાં ૧ મિમીથી ૫ મિમી સુધીનો વરસાદ પડ્યો છે. અમુક વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું. ઘણા વિસ્તારોમાં મોડી સાંજથી વરસાદ જામ્યો હતો. રસ્તા પર પાણી ભરાયા હતા અને જનજીવનને અસર થઈ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, મુખ્યત્વે બપોરના સમયે (૨:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી) વરસાદ પડ્યો હતો, જ્યારે મોટાભાગના વિસ્તારો દિવસની શરૂઆતમાં સૂકા રહ્યા હતા. ઊભા પાકના ખેડૂતો કમોસમી વરસાદને કારણે ચિંતામાં પડી ગયા હોવાનું સૂત્રો જણાવે છે. ■

# ગુજરાત એટીએસે પચીસ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિઝમ સ્કવૉડે (એટીએસ) રાજસ્થાન એટીએસ સાથે મળી પાંચ કિલો

મેથામફીટમિન (મેથ) જપ્ત કર્યું હતું. આ કેસમાં રાજસ્થાનથી બે જણની ધરપકડ કરવામાં આવી હતી. રૂ. ૨૫ કરોડની કિંમતનો પાંચ કિલોનો જથ્થો પકડવામાં આવ્યો હતો.

રાજસ્થાનના બાડમેર જિલ્લાના રહેવાસી આરોપી શંકરરામ રમેશરામ અને સલમાન લાલાખાનને છ એપ્રિલ, ૨૦૨૬ના રોજ, જેસલમેર (રાજસ્થાન) થી બનાસકાંઠા (ગુજરાત) ને જોડતા નેશનલ હાઈ વે ૬૮ પર નાકા-બંદી દરમિયાન અટકાવવામાં આવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુજરાત એટીએસને ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી કે આ બંને આંતરરાષ્ટ્રીય સરહદ વિસ્તારમાંથી પાકિસ્તાની દાણચોર દ્વારા મેળવેલા મેથામ્ફેટામાઇનના કન્સાઇનમેન્ટનું લાવી રહ્યા છે. આ કન્સાઇનમેન્ટ તેમના સહયોગીઓને ડિલિવરી માટે લાવવામાં આવી રહ્યો હોવાનો આરોપ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

માહિતીના આધારે, સંયુક્ત કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી અને સંકલિત દેખરેખ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સોમવારે સાંજે વાહન ચેકિંગ દરમિયાન, એક શંકાસ્પદ કારને રોકવામાં આવી હતી. તપાસ કર્યા પછી, બે આરોપીઓ કારમાંથી મળી આવ્યા હતા અને શંકાસ્પદ માદક દ્રવ્યોના પાંચ પારદર્શક પેકેટો ધરાવતી પીળી બેગ મળી આવી હતી. પ્રાથમિક ચકાસણીમાં પુષ્ટિ થઈ હતી કે આ પદાર્થ મેથામ્ફેટામાઇન છે. જપ્તી બાદ, રાજસ્થાનના બાડમેર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે, જેમાં કલમ ૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૮ અને ૨૯નો સમાવેશ થાય છે. આગળની કાનૂની કાર્યવાહી ચાલુ છે. ■


# અમદાવાદના ઓઢવમાં લવ જેહાદના વધુ એક કિસ્સાથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લવ જેહાદના કિસ્સા સતત વધી રહ્યા છે. અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં વિધર્મી યુવકે મોહિત પટેલ નામથી ખોટી ઓળખ આપી હિંદુ વિધવાને પ્રેમજાળમાં ફસાવી અનેક વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. જો કે આ મહિલાને તે યુવકની હકીકતની જાણ થતા મહિલાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પોલીસે આરોપી યુવકની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે. મોહસીન પઠાણ નામનો યુવક એએમટીએસ બસમાં મુસાફરી દરમિયાન હિન્દુ વિધવા મહિલાના સંપર્કમાં આવ્યો હતો. યુવકે તે મહિલા સાથે મુલાકાતો વધારીને તેને પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપીએ મોહિત પટેલ નામનું આધારકાર્ડ પણ બનાવ્યું હતું. આ મહિલાને આરોપી હોટેલમાં લઈ ગયો હતો અને ત્યાં લગ્નની લાલચ આપીને દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલાને જ્યારે આરોપી યુવક વિધર્મી હોવાની ખબર પડી ત્યારે તેણે સંબંધ તોડી નાંખ્યો હતો. ■

# 'તારક મહેતા..', ફેમ દિશા વાકાણીના પિતાનું નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ ખૂબ જ જાણીતા નાટ્યલેખક અને અભિનેતા ભીમ વાકાણીનું અમદાવાદ ખાતે ૮૪ વર્ષની ઉંમરે દુઃખદ નિધન થયું હતું. તેઓ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માથી જાણીતા થયેલા દિશા વાકાણી(દયાબહેન) અને મયૂર વાકાણી (સુંદર)ના પિતા હતા.

ભીમ વાકાણીનું અમદાવાદના શ્યામલ વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાને લાંબી બીમારી બાદ નિધન થયું હતું. પરિવારે-સંબંધીઓએ રડતી આંખે તેમને વિદાય આપી હતી.

ભીમ વાકાણી થિયેટર, ટેલિવિઝન અને સિનેમામાં તેમના યોગદાનથી જાણીતા હતા. વાકાણી થિયેટર્સ હેઠળ તેમણે ઘણા નાટકોનું નિર્માણ અને નિર્દેશન કર્યું હતું, જેમાં મંગળફેરા અને પહેલો સગોનો સમાવેશ થાય છે. આ સાથે તેમણે લગાન, સ્વદેશ, લજ્જા જેવી સફળ ફિલ્મોમાં અભિનય પણ આપ્યો હતો. તેમણે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં મહેમાન કલાકાર તરીકે પણ કામ કર્યું હતું. ■


# વડોદરામાં યુવકે જીવન ટૂંકાવ્યું

અમદાવાદઃ વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારની એક હોટેલમાં જયેન્દ્રકુમાર લુહાર નામના યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરતા ખળભળાટ મચી ગયો હતો. ઘટનાની જાણ થતા સયાજીગંજ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ ખસેડ્યો હતો અને મૃતકના પરિવારજનોને જાણ કરી હતી.

આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ હોટેલના સીસીટીવી ફૂટેજ અને યુવકના મોબાઈલ કોલ ડિટેલ્સની પણ તપાસ કરી રહી છે. ■

# બોગસ ડૉક્ટર ઝડપાયો

અમદાવાદઃ ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં સરકારી દવાખાનાના અભાવના કારણે ગરીબ પ્રજા ઝોલાછાપ નકલી તબીબો પાસે સારવાર કરાવવા મજબૂર બને છે. આ નકલી ડૉક્ટરો પાસે કોઈ માન્ય ડિગ્રી ન હોવા છતા સારવાર કરી તે ગરીબ લોકોના આરોગ્ય સાથે ચેડા કરે છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસની એસ.ઓ.જી. ટીમે ધોળકા તાલુકાના સરંડી ગામમાંથી એક બોગસ ડૉક્ટરને ઝડપી પાડ્યો હતો. આ નકલી તબીબની ઓખળ સુજીતરાય રતનરાય રોય તરીકે થઈ છે. તે મૂળ પશ્ચિમ બંગાળનો વતની છે. ■










# "I Hate Tears"



રાજેશ ખન્નાનો આ Iconic dialogનું નામ ધરાવતો સંગીતમય કાર્યક્રમ આપણા સૌના લાડીલા લાલુભાઇએ રાજેશ ખન્ના અને કિશોરકુમારને યાદ કરી ખાસ તૈયાર કરાવેલો અને આ કાર્યક્રમમાં આવેલા મહેમાનોની ખૂબ જ ચાહના મેળવી હતી. લાલુભાઇના પરમ મિત્ર એવા શૈલેશ શાહના ૭૦ વર્ષની ઉજવણી વખતે શૈલેશભાઇને કિશોરકુમારે ગાયેલા અને રાજેશ ખન્ના પર ફિલ્માએલા ગીતોના તેઓ ચાહક છે, તેને માટે આ કાર્યક્રમનું આયોજન લાલુભાઇએ કર્યું હતું. આ અનોખા કાર્યક્રમના Back dropમાં શૈલેષભાઇના ૭૦ વર્ષ દરમિયાનના ૭૦ ફોટાઓ જેમાં તેમની પત્ની જાગૃતિબેન તથા ઘરના સભ્યો, મિત્રો અને સગાંવ્હાલાના ફોટાઓનું colage બનાવ્યું હતું, એ સૌને ખૂબ જ પસંદ પડયું હતું.

આ સંગીતમય કાર્યક્રમમાં અદલોઅદલ કિશોરકુમારનો અવાજ ધરાવતા ગાયક રાજેશ ઐયર તેમ જ ખૂબ જ જાણીતી ગાયિકા સૌમ્ય વર્માએ તેમને સારો સાથ આપ્યો હતો. સંગીતની જવાબદારી પ્રતીક મહેતા તથા સંચાલનની જવાબદારી એ. ભીમસિંગે સારી રીતે નિભાવી હતી.

આ સુંદર સુરીલો કાર્યક્રમ જોવાનો લ્હાવો તમને ૯મી એપ્રિલે ગુરુવારે, રાતે ૮.૩૦ વાગે you tube ચેનલ yourslalubhai પર પ્રસારિત થશે તે જોવાનું ચૂકતા નહીં. ■

# બનાસકાંઠામાં પાંચમું સંતાન વેચવા નીકળ્યું દંપતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠામાં એક મજૂર દંપતીને પોલીસે તેમનું સંતાન વેચતા પકડી લીધા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

માત્ર દસ દિવસનું નવજાત દંપતીનું પાંચમું સંતાન હતું અને તેને ઉછેરી શકવાની કોઈ તાકાત દંપતીમાં ન હોવાથી તેઓ આમ કરવા જતા હોવાનું તેમણે પોલીસને જણાવ્યું હતું.

પોલીસે સોમવારે દંપતી અને બે શંકાસ્પદ તસ્કરોની ધરપકડ કરી હતી. આ ધરપકડ બાદ બાળ તસ્કરી કેસમાં ધરપકડનો આંકડો નવ થયો છે.

આ કેસ ત્રણ મહિના પહેલા ખુલ્લા પડેલા આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટનો એક ભાગ છે, તપાસકર્તાઓ તપાસ કરી રહ્યા છે કે બાળકને વેચવા માટે જન્મ આપ્યો હતો કે ગરીબીને કારણ દંપતી બાળક વેચવા મજબૂર થયા હતા.

આ રેકેટ ૨૯ જાન્યુઆરીના રોજ પ્રકાશમાં આવ્યું હતું, જ્યારે અમદાવાદ એરપોર્ટ નજીક ચાર આરોપીને ૧૫ દિવસના બાળકને વેચાણ માટે હૈદરાબાદ લઈ જતા કથિત રીતે અટકાવવામાં આવ્યા હતા. પોલીસને શંકા છે કે છેલ્લા બે વર્ષમાં ઓછામાં ઓછા ૨૦ આદિવાસી બાળકને હૈદરાબાદ લઈ જવામાં આવ્યાં છે. એજન્ટો ઉત્તર ગુજરાતના દૂરના વિસ્તારોમાં કામ કરે છે, જેમાં સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે, જે આર્થિક રીતે નબળા પરિવારોને નિશાન બનાવે છે.

પરિવારોને જાતિ, ઉંમર અને રંગના આધારે પ્રતિ બાળક ₹૫ લાખથી ₹૧૫ લાખ ચૂકવવામાં આવ્યા હોવાનું કહેવાય છે, જેમાં ગોરી ચામડીવાળા નવજાત છોકરાઓને સૌથી વધુ કિંમત મળે.

એજન્ટો અને આઈવીએફ કેન્દ્રો સાથે શંકાસ્પદ લિંક્સ સહિત ઘણા આરોપીઓ હજુ પણ ફરાર છે. નેટવર્કની હદ શોધવા માટે પોલીસ નાણાકીય અને હોસ્પિટલના રેકોર્ડની તપાસ કરી રહી છે. ■

પાલનપુરી જૈન



પ્રકાશભાઈ કીર્તિલાલ ભણસાલી
(ઉ. વર્ષ ૭૩) તા. ૦૭.૦૪.૨૦૨૬ ના રોજ અરિહંતશરણ પામેલ છે.
પત્નીઃ નલીનીબેન પ્રકાશભાઈ ભણસાલી
પિતા-માતાઃ સ્વ. કીર્તિલાલ કચરાભાઈ ભણસાલી
સ્વ. બાગુબેન કીર્તિલાલ ભણસાલી
સસરા-સાસુઃ સ્વ. ભોગીભાઈ વેલચંદ સંઘવી- મંજુબેન ભોગીભાઈ સંઘવી
પુત્ર-પુત્રવધુઃ સાહિલ- શ્રુષ્ટિ ભણસાલી
દીકરી-જમાઈઃ પાયલ સિદ્ધાર્થ શાહ
પૌત્ર-પૌત્રીઃ સમાયરા શયાન ઈશાન ઈવાન
તથા ભણસાલી એન્ડ કંપની
પ્રાર્થના સભા
બુધવાર, તા. ૦૮-૦૪-૨૦૨૬, સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
ફેલોશિપ ઓફ થ ફિઝિકલી હેન્ડિકેપ FPH બિલ્ડીંગ, પમે માળે, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ- ૩૪


# વૈષ્ણવોએ જાનૈયા બની રુક્મિણી વિવાહ માણ્યો

મુંબઈ સમાચાર

માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ





## સુખી થવાનો ઉપાય ભાગવત કથામાં છેઃ શંકરાચાર્ય

મુંબઈ સમાચાર આયોજિત 'માતૃભાષા ભાગવત સપ્તાહ'માં ભાવિકોને આશીર્વચન આપવા દ્વારકાથી પધારેલા અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજને મુંબઈ સમાચારની સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી. આજના કથા વિરામ પછી ભાઈશ્રી રમેશભાઈ ઓઝા પણ તેમની અમૃતવાણી સાંભળવા શ્રોતા બની ગયા હતા.

વ્યાસપીઠ પરથી શંકરાચાર્યજીએ ભાઇશ્રીને પ્રથમ પંક્તિના કથાકાર લેખાવી 'મુંબઈ સમાચાર' અને યજમાન પરિવારનો આદરથી ઉલ્લેખ કરી તેમની પ્રવૃત્તિને બિરદાવી હતી. સાથે સાથે સત્સંગનો લાભ લેતા ભાવિકોની પણ પ્રશંસા કરી હતી. મનુષ્ય હોવું એટલે શું એ પ્રશ્ન રજૂ કરી શંકરાચાર્યજીએ કહ્યું હતું કે 'દરેક જીવાત્મામાં પરમાત્માનો વાસ છે. આ તત્ત્વ જે સમજે છે એ જ તત્વજ્ઞાની છે. ભાગવતમાં આ જ તત્ત્વજ્ઞાનની વાત છે.'

વાતને ઉદાહરણથી સમજાવતા જગદગુરુએ કહ્યું કે 'રાજા પરીક્ષિતને જાણ થઈ કે સાતમા દિવસે સર્પદંશથી તેનું મૃત્યુ થશે ત્યારે તેણે શુકદેવજી મહારાજને પૂછ્યું કે 'મૃત્યુ નજીક હોય ત્યારે મારે શું કરવું જોઈએ?' શુકદેવજીએ ઉત્તર આપ્યો કે 'અમરત્વનું વરદાન કોઈને નથી અને આ સમયે તને જિજ્ઞાસા થઈ એ જ મહત્ત્વની છે. રાજન, તારી પાસે તો સાત દિવસ છે. સાધુનો એક ક્ષણનો સહવાસ સંસાર પાર કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ જિજ્ઞાસાએ જ તમારો ઉદ્ધાર કર્યો છે. હવે તમારું મૃત્યુ નહીં થાય. તમે બ્રહ્મમય થઈ જશો.'

જ્ઞાન પ્રાપ્ત કેવી રીતે થાય? સુખ કેવી રીતે મળે? એના જવાબમાં શંકરાચાર્યએ કહ્યું એ 'આ બધાનો જવાબ ભાગવતમાં છે. સુખી થવાનો ઉપાય ભાગવતમાં છે. 'મુંબઈ સમાચાર'એ માતૃભાષા ભાગવત સપ્તાહનું આયોજન કર્યું એ ઉત્તમ પ્રયાસ છે. સુખ કોને કહેવાય? જેને પ્રાપ્ત કર્યા પછી બીજા કશાની ઈચ્છા ન થાય એ જ સુખ. કીડીથી હાથી સુધી બધા આ સુખની રઝળપાટમાં હોય છતાં એ નથી મળતું, કારણ કે મારગ નથી જાણતા.'

અંતમાં શંકરાચાર્યજીએ ગૌરક્ષાનું મહત્ત્વ સમજાવી ગાય માતાને 'રાજ્યમાતા'નો દરજ્જો આપવા બદલ મહારાષ્ટ્ર સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## માતૃભાષાનું સન્માન એ તો માતાના સન્માનની સમકક્ષ છેઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જયશ્રી કૃષ્ણથી પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. મુખ્ય પ્રધાન ફડણવીસજીએ માતૃભાષા ભાગવત સપ્તાહ 'મુંબઈ




સમાચાર'ને બદ્દલ અભિનંદન આપતાં કહ્યું હતું કે એશિયાના સૌથી જૂના અખબાર મુંબઈ સમાચારે માતૃભાષા ભાગવત સપ્તાહનું આયોજન કરીને દેશની બધી જ ભાષાઓના સન્માનનું જે ભગીરથ કાર્ય કર્યું છે તે બિરદાવવા યોગ્ય છે. માતૃભાષાનું સન્માન એ તો માતાના સન્માનની સમકક્ષ છે. જે લોકો પોતાની માતૃભાષાનું સન્માન કરે છે એ જ તમામ ભાષાનું સન્માન કરી શકે છે.

માતૃભાષાના સન્માન અંગે કેન્દ્ર સરકારના પગલાં વિશે જાણકારી આપતાં તેમણે જણાવ્યું હતું કે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી જે નવી શિક્ષણ નીતિ લાવ્યા છે એમાં સૌથી વધુ ભાર માતૃભાષામાં શિક્ષણ પર આપવામાં આવ્યું છે અને આવું પહેલી વખત થયું છે કે હવે ડોક્ટર અને એન્જિનિયર પણ માતૃભાષામાં પોતાનું શિક્ષણ મેળવી શકશે. આ પગલાંને વિકસિત રાષ્ટ્ર તરફનું પગલું ગણાવતાં તેમણે કહ્યું હતું કે આ એટલા માટે પણ જરૂરી છે કારણ કે દુનિયામાં વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્ર છે. વિકસિત દેશોની શિક્ષણ વ્યવસ્થામાં માતૃભાષા પર ભાર મૂકવામાં આવે છે, જ્યારે વિકાસશીલ દેશોમાં કોઈ ફોરેન લેન્ગ્વેજમાં એજ્યુકેશન આપવામાં આવે છે. હવે આપણે માતૃભાષામાં સ્નાતક સુધીનું શિક્ષણ આપવા તરફ આગળ વધી રહ્યા છીએ. તેમણે એમ પણ કહ્યું હતું કે આપણા સાહિત્યકારોને સમર્પિત આ માતૃભાષા ભાગવત સપ્તાહ થઈ રહ્યો છે તો એવું કહી શકાય કે તમામ માતૃભાષાઓને સન્માન આપવાનો પ્રયાસ આ સપ્તાહમાં કરાયો છે.

તેમણે કહ્યું હતું કે કળિયુગમાં ભાગવત સપ્તાહ સાંભળો એટલે પાપનો નાશ થાય છે અને તેમાં પણ જ્યારે ભાઈશ્રીના મુખે ભાગવત સાંભળો ત્યારે તેનો એક અલગ જ પ્રભાવ જોવા મળે છે. વાતાવરણ પવિત્ર થઈ જાય છે. આજે તો ભાઈશ્રીની સાથે શંકરાચાર્ય પણ હાજર છે. વધુમાં અત્યારે રુકિમણી વિવાહનો મહામુલો પ્રસંગ પણ છે. અહીં હું લોકોને કહેવા માગું છું કે રુકિમણી વિદર્ભના હતા. (અહીં ઉલ્લેખનીય છે કે ફડણવીસ વિદર્ભ (નાગપુર)ના છે.) ભગવાને વિદર્ભથી રુકિમણીનું હરણ કર્યું હતું'.

મુંબઈઃ 'મુંબઈ સમાચાર' આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં છઠ્ઠા દિવસે પણ મુખ્ય મનોરથી મહેતા પરિવાર, સહ મનોરથી પારેખ પરિવાર, પોથી યજમાન અને ભાવિકોના હૈયા ઉત્સાહ, ઉમંગ અને આનંદથી હિલોળે ચડ્યાં હતાં. સાતમી એપ્રિલના રોજ બોરીવલી ચિકુવાડી ખાતે આવેલી સનાતન નગરીમાં ભાવિકો હજારોની સંખ્યામાં ઊમટી પડ્યા હતા. ચાલો નજર કરીએ આજના આ ખાસ રિપોર્ટ પર...

ભાઈશ્રીના મુખે 'કન્હૈયા મુરલીવાળા રે' ભજન અને 'હરે રામા હરે રામા, હરે કૃષ્ણા હરે કૃષ્ણા'ની ધૂન સાંભળીને સભામંડપમાં હાજર તમામ ભાવિકો એકદમ ભાવવિભોર થઈ



ગયા હતા અને પોતાની જાતને નૃત્ય કરતા અટકાવી શક્યા નહોતા. ભાવિકો પોતાના સ્થાન પર જ ઊભા થઈને ભાઈશ્રીના મુખે ગવાઈ રહેલાં ભજનના તાલ પર ડોલવા લાગ્યા હતા. કૃષ્ણ ગોવિંદ હરે... નારાયણ નારાયણની ધૂન વચ્ચે ધામધૂમથી રુક્મિણી વિવાહની ઝાંખી પણ મંચ પરથી કરવામાં આવી હતી.

કથા વાંચનનું મહત્ત્વ સમજાવી ભાઈશ્રીએ કહ્યું કે જીવનમાં સમસ્યાઓ શાશ્વત છે અને એના સમાધાન પણ શાશ્વત છે. માણસમાત્ર આનંદ ઝંખે છે. રસનો અનુભવ છે ત્યાં આનંદ છે. નીરસ જીવનને સરસ બનાવે એ કથા. ટૂંકમાં સંસારની વ્યથાને હરે એ હરિ કથા. પ્રભુના વરદાન વિશે ભાઈશ્રીએ સરસ વાત કરી કે જ્યારે ભગવાને પ્રહલાદને વરદાન માગવા કહ્યું ત્યારે પ્રહલાદ કહે છે તમારે આપવું હોય તો એવું વરદાન આપો કે હું કોઈ પાસે ક્યારેય કંઈ ન માંગું. છતાં ભગવાને આગ્રહ રાખતા પ્રહલાદ કહે છે કે 'મારા બાપુની સદગતિ થાય એવું કરો.' જે બાપએ પીડા આપી એની સદગતિ માગી. કથાનું આવું વાંચન જીવન ઉત્કર્ષનું નિમિત્ત બને છે. આવું કથા વાંચન નિત્ય કરવું જોઈએ.

રુક્મિણી વિવાહની ઝાંખીને કારણે આખું વાતાવરણ ખૂબ જ દિવ્ય થઈ ગયું હતું. ધામધૂમથી રુક્મિણી વિવાહના વરઘોડામાં ભાવિકો સામેલ થયા હતા અને નાચતાં ગાતાં આ વરઘોડો નીકળ્યો હતો અને માંડવે પહોંચ્યો હતો. માયરામાં શંખનાદ અને મંત્રોચ્ચાર વચ્ચે રુક્મિણી વિવાહ સંપન્ન થયો હતો. રુક્મિણી વિવાહના કન્યાપક્ષના મનોરથી શીતલ બિરેન સંઘવી અને વરપક્ષના મનોરથી તૃપ્તિ ધર્મેશ ગાંધી હતા.

પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્રજી ફડણવીસ અને અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજને મીઠડો આવકાર આપતાં જણાવ્યું હતું કે રાજ સત્તા અને ધર્મ સત્તા બંને હાજર છે. લોકોના દિલો પર શાસન કરનારા અને લોકો પર રાજ કરનાર બંને શક્તિઓનું અમે સ્વાગત કરીએ છીએ. આ ખરેખર ગર્વથી ભરપૂર અને અભૂતપૂર્વ ક્ષણ છે.

છેલ્લાં ૬૫ વર્ષમાં મહારાષ્ટ્રને મળેલા સૌથી શક્તિશાળી તેમ જ સતત વિઝન સાથે કામ કરનારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસજીનું મુંબઈ સમાચારના તંત્રી નીલેશ દવેએ માતૃભાષા પ્રતિષ્ઠાન વતી સ્વાગત કર્યું હતું. ભાગવત કથાના મુખ્ય મનોરથી સૌરભ મહેતા, સહ મનોરથી રમેશભાઈ પારેખે મોમેન્ટો આપીને મુખ્ય પ્રધાન દેવેન્દ્રજી ફડણવીસનું સન્માન કર્યું હતું. ભાગવત સપ્તાહનું વ્યવસ્થાપૂર્વક આયોજન બદ્દલ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે રાજુભાઈ સાવલા અને સંતોષ સિંહનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

માતૃભાષા ભાગવત સપ્તાહમાં છઠ્ઠા દિવસે યોગેશ સાગર વિધાનસભ્ય કાંદીવલી, સંજય ઉપાધ્યાય વિધાનસભ્ય બોરીવલીની ખાસ ઉપસ્થિતિ જોવા મળી હતી.

## સ્વાસ્થ્ય એ જ સાચી સંપત્તિઃ પૂજ્ય ભાઈશ્રી

પૂજ્ય ભાઈશ્રીએ વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. આપણે ગુજરાતીમાં તો કહેવાય છે કે પહેલું સુખ તે જાતે નર્યા. સ્વાસ્થ સારું છે તો બધું સારું છે. પરંતુ ઘણા લોકોને સ્વાસ્થ્ય સારું હોય ત્યારે એની કદર કરતાં નથી અને જ્યારે સ્વાસ્થ્ય કથળે છે ત્યારે એની કિંમત થાય છે.

## સંત એટલે શું?

સંત કોને કહેવાય એ વિષય પર પ્રકાશ પાડતા પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ જણાવ્યું હતું કે જેમની સામે બેસીને શાંતિ મળે, શાંતિનો અહેસાસ થાય એ એ સંત કહેવાય. સંત તમને શાતાની અનુભૂતિ કરાવે છે.

ભાગવત સપ્તાહના વિરામ પછી 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવે ભાઈશ્રીનું સન્માન કરવા તેમને પાઘડી પહેરાવવા અને શાલ ઓઢાડવા ગયા ત્યારે ભાઇશ્રીએ એ જ પાઘડી નીલેશ દવેને પહેરાવી એ 'મુંબઈ સમાચાર' માટે ગર્વ આને આનંદની વાત હતી. માતૃભાષા ભાગવત સપ્તાહના આયોજનની આ ઉચ્ચ ક્ષણ હતી.



વર પક્ષના મનોરથી શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી



રુક્મિણી વિવાહના કન્યા પક્ષના મનોરથી શિતલ બિરેન સંઘવી



મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે શ્રી રાજુ સાવલાનું સન્માન કરાયું હતું.



મુખ્ય મનોરથી સૌરભ મહેતા, મિતેશ શાહના હસ્તે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનું સન્માન કરાયું હતું




મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે શ્રી સંતોષ સિંહનું સન્માન કરવામાં આવ્યું હતું


































# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by:


adani

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

## આજે પૂર્ણાહુતિ

**બોરીવલી ભક્તિરંગે રંગાયું**

## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી



**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ)
બોરીવલી (પશ્ચિમ)

આજે બપોરે ૪.૩૦ બાદ પ્રવેશ બંધ

૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:



SKYLINE INFRA FORGE

**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)



gandhar Group of Companies

**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા - દૈનિક દર્શન

**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર

YouTube ગુજરાતી

वसुधैव कुटुंबकम् Sandipani · आस्था · धर्म संदेश · आस्था भजन

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંહ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા ★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી જગદીશ ઓઝા ★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી શોભિત દેસાઈ ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

**વિશેષ આભારઃ** ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST · MICL LIVE BETTER · Showglitz Events & Entertainment Private Limited · JVM CHARITABLE FOUNDATION · MUNJAL · HEM AGARBATTI · hitech events & exhibition · RUDRAAMAR GROUP · RAJSHREE BUILDERS Building A Future Into Every Home · ARVINDBHAI KHATRI SONS · BRIGHT OUTDOOR MEDIA LIMITED · Neela Film Productions · NATUREPURE Wellness Pvt. Ltd. · WellPure | Keshasvi · APAR ADVERTISERS PRIVATE LIMITED · NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. · SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ · SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ગુવાહાટીમાં વરસાદ પછી વૈભવ નામનો વંટોળ, યશસ્વીની પણ ધમાલ

ગુવાહાટીઃ અહીં મંગળવારે વરસાદને કારણે મુંબઈ સામેની રમત બે કલાક અને ૪૦ મિનિટ મોડી શરૂ થયા બાદ રાજસ્થાને પ્રથમ બૅટિંગ મળ્યા બાદ નિર્ધારિત ૧૧ ઓવરમાં ત્રણ વિકેટે ૧૫૦ રન કરીને મુંબઈને ૧૫૧ રનનો મુશ્કેલ લક્ષ્યાંક આપ્યો હતો. યશસ્વી જયસ્વાલ (૭૭ અણનમ, ૩૨ બૉલ, ચાર સિક્સર, દસ ફોર) ટૉપ-સ્કોરર હતો.

મુંબઈએ ફીલ્ડિંગ પસંદ કરી હતી અને રાજસ્થાનના બન્ને ઓપનર્સે (વૈભવ અને યશસ્વીએ) મુંબઈના બોલર્સ પર વરસવાનું શરૂ કરી દીધું હતું. તેમની વચ્ચે પાંચ ઓવરમાં ૮૦ રનની ભાગીદારી થઈ હતી. મૅચનો પ્રારંભ થતાં જ પહેલાં તો રાજસ્થાનનો યશસ્વી જયસ્વાલ ત્રાટક્યો હતો અને ત્યાર બાદ ૧૫ વર્ષનો વૈભવ સૂર્યવંશી (૩૯ રન, ૧૪ બૉલ, પાંચ સિક્સર, એક ફોર) છવાઈ ગયો હતો, કારણકે તેણે (વૈભવે) મોસ્ટ ડેન્જરસ બોલર બુમરાહની બોલિંગમાં પહેલા બૉલથી જ ફટકાબાજી શરૂ કરી દીધી હતી. વૈભવ-બુમરાહ વચ્ચે પ્રોફેશનલ ક્રિકેટમાં પહેલી જ વખત ટક્કર થઈ હતી અને એમાં શરૂઆતમાં વૈભવ મેદાન મારી ગયો હતો.

વૈભવે કરીઅરમાં બુમરાહનો જે પહેલા બૉલનો સામનો કર્યો એમાં તેમ જ ચોથા બૉલમાં સિક્સર ફટકારી હતી અને એ ઓવરમાં ૧૪ રન બન્યા હતા. એ પહેલાં, યશસ્વીએ દીપક ચાહરની મૅચની પહેલી ઓવરમાં ચાર ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી કુલ બાવીસ રન કર્યા હતા. યશસ્વીએ ત્રીજા પેસ બોલર ટ્રેન્ટ બૉલ્ટને પણ નહોતો છોડ્યો અને તેના પહેલા ચારમાંથી ત્રણ બૉલમાં સિક્સર ફટકારી હતી. એ ઓવરમાં પણ બાવીસ રન બન્યા હતા. ત્રણ ઓવરને અંતે રાજસ્થાનનો સ્કોર ૦/૫૮ હતો. કૅપ્ટન હાર્દિકે ચોથી ઓવર કરી હતી જેમાં રાજસ્થાનના ઓપનર્સને બ્રેક લાગી હતી અને ત્રણ રન થયા હતા. જોકે વૈભવે પાંચમી ઓવર કરનાર શાર્દુલના પ્રથમ બૉલમાં છગ્ગો અને બીજા બૉલમાં ચોગ્ગો ફટકારીને બરસાપારા સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. જોકે એ જ ઓવરમાં વૈભવ વધુ એક ચોગ્ગો માર્યા બાદ છેલ્લા બૉલમાં વિકેટ ગુમાવી બેઠો હતો. વૈભવે ૨૭૮.૫૭ના સ્ટ્રાઇક-રેટથી રન કર્યા હતા. યશસ્વીનો સ્ટ્રાઇક-રેટ ૨૪૦.૬૨ હતો.


વૈભવ સૂર્યવંશી

કૅપ્ટન રિયાન પરાગ હોમ-ગ્રાઉન્ડ પર ૨૦ રનનું જ યોગદાન આપી શક્યો હતો. જોકે એમાં તેની બે સિક્સર અને એક ફોર સામેલ હતી. જુરેલ બે રન કરીને આઉટ થયો હતો અને હેટમાયરના સાત બૉલમાં અણનમ છ રન હતા. મુંબઈના છ બોલરમાંથી અફઘાની સ્પિનર ગઝનફરને બે તથા શાર્દુલને એક વિકેટ મળી હતી. બુમરાહ, બૉલ્ટ, હાર્દિક અને ચાહર વિકેટ વિનાના રહ્યા હતા. ■

# ગુજરાત આજે જીતશે કે નહીં?

## વરસાદની સંભાવના તો છે જ

નવી દિલ્હીઃ અહીં બુધવારે (સાંજે ૭.૩૦ વાગ્યાથી) રમાનારી મૅચમાં યજમાન દિલ્હી કૅપિટલ્સ જીતીને સતત ત્રીજી મૅચમાં પણ અપરાજિત રહેવા કોઈ કસર નહીં છોડે ત્યાં બીજી તરફ ગુજરાત ટાઇટન્સ પહેલી બન્ને મૅચ હાર્યા બાદ પહેલી વખત જીતવા મક્કમ છે.

બુધવારે દિલ્હીમાં કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. ગુજરાતનો સુકાની શુભમન ગિલ ગરદનમાં દુખાવો હોવાથી પાછલી મૅચ નહોતો રમ્યો.

મિડલ-ઑર્ડર બૅટ્સમૅન સમીર રિઝવી આ વખતના ટીમના પહેલા બન્ને મુકાબલામાં મૅન ઑફ ધ મૅચ બન્યો હતો એટલે તેની પાસેથી કૅપ્ટન અક્ષર પટેલ વધુ સફળ પર્ફોર્મન્સની અપેક્ષા રાખશે જ, ઓપનર કે. એલ. રાહુલ પાસે પણ ટીમને ઘણી આશા છે. તેણે ખૂબ બૅટિંગ પ્રૅક્ટિસ કરી છે.

દિલ્હીની ટીમમાં રાહુલ ઉપરાંત ખુદ અક્ષર પટેલના તેમ જ નીતીશ રાણા અને ડેવિડ મિલર પાસે પણ દિલ્હીવાસીઓ અસલ પર્ફોર્મન્સની અપેક્ષા રાખતા જ હશે. ■


પ્રૅક્ટિસમાં ડૉગ મેદાન પર દોડી આવ્યો હતો અને ગુજરાતના રબાડાએ નજીકમાં શ્વાન દોડી રહ્યો હતો ત્યારે પણ બોલિંગ ચાલુ રાખીને સૌને હરાવ્યા હતા. (પીટીઆઈ)

# વૉર્નરની સિડનીમાં ધરપકડ!



સિડનીઃ અહીં મંગળવારે મૅરોબ્રા નામના વિસ્તારમાં દારૂ પીને કાર ચલાવવા બદલ ઑસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વૉર્નરની ધરપકડ કરવામાં આવી હતી. તેણે મર્યાદા બહાર દારૂ પીને કાર ચલાવી હતી એ બદલ તેને પકડવામાં આવ્યો હતો. જોકે પછીથી તેને જામીન પર છોડવામાં આવ્યો હતો.

વૉર્નર પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમે છે, પરંતુ આ ટૂર્નામેન્ટમાં તેની મૅચને અઠવાડિયું બાકી હોવાથી તે બ્રેક લઈને લાહોરથી સિડની પાછો આવી ગયો હતો. તે પીએસએલમાં કરાચી કિંગ્સ વતી રમે છે. તે આ ટીમનો કૅપ્ટન છે. તેણે ત્રણ મૅચમાં કુલ ૯૩ રન કર્યા છે અને તેની ટીમ બીજા નંબરે છે.

ટ્રાફિક પોલીસે તેની બ્રીથ ટેસ્ટ લીધી એમાં તેણે પરવાનિત મર્યાદાની બહાર દારૂ પીધો હોવાનું જણાતાં (તેનો રિપોર્ટ પૉઝિટિવ આવતાં) તેની ધરપકડ કરવામાં આવી હતી. એક ચૅનલના અહેવાલ મુજબ તેને આવતા મહિને વધુ તપાસમાં સહકાર આપવા બોલાવવામાં આવ્યો છે.

વૉર્નરે જે કાનૂની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે એને કારણે પીએસએલમાં તેના પ્રવાસ પર તેમ જ પાકિસ્તાનમાં રમવા પર કોઈ વિપરીત અસર નહીં થાય. ■

# સેમસનની ફ્લૉપની હૅટ-ટ્રિક શું કામ? ફ્લેમિંગ આ કારણ આપે છે...

બેંગલુરુઃ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) ના મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગે ઈન્ડિયન પ્રિમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬માં વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસનના અત્યાર સુધીના ખરાબ પ્રદર્શનનો બચાવ કર્યો હતો અને કહ્યું કે વિકેટકીપર-બેટ્સમેન ટીમના માહોલમાં એડજસ્ટ થવાની પ્રક્રિયામાં છે અને રન કરવા અને ટીમની સફળતામાં યોગદાન આપવા માટે ઉત્સુક છે.

રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) સામે સીએસકેનો ૪૩ રનથી પરાજય થયો. આ સતત ત્રીજી મેચ હતી જેમાં સેમસન ફ્લોપ રહ્યો હતો. તેણે અત્યાર સુધીની ત્રણ મેચમાં છ, સાત અને નવ રન કર્યા હતા. મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ફ્લેમિંગે કહ્યું હતું કે "જ્યારે તમે લાંબા સમયથી ફ્રેન્ચાઇઝી (આ કિસ્સામાં, રાજસ્થાન રોયલ્સ) માટે રમી રહ્યા છો ત્યારે નવા ટીમના માહોલમાં એડજસ્ટ થવામાં સમય લાગે છે. ભલે તે થોડો વધુ આરામદાયક અનુભવી રહ્યો હોય, છતાં હજુ પણ તેનામાં એકતાનો ભાવ છે અને તે હજુ પણ ટીમને અનુકૂળ થઈ રહ્યો છે. કેરળનો આ ખેલાડી પોતાની લય હાંસલ કરવા માટે ઉત્સુક છે. તે સિનિયર ખેલાડીઓ સાથે રન કરવા અને યોગદાન આપવા માટે ઉત્સુક છે.' ■

# કેન્દ્રને પૂછ્યું દિલ્હી હાઈ કોર્ટે: ઇન્ડિયન પિકલબૉલ અસોસિયેશનને તમે નૅશનલ ફેડરેશન તરીકેની માન્યતા આપી શી રીતે?

નવી દિલ્હીઃ ઇન્ડિયન પિકલબૉલ અસોસિયેશન (આઇપીએ)ને ખેલકૂદના નૅશનલ ફેડરેશન તરીકે અપાયેલી માન્યતાને પડકારતી અરજી પર દિલ્હી હાઈ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને એનું વલણ શું છે એ જણાવવાની સૂચના આપી હતી. વડી અદાલતે કેન્દ્ર સરકારને પૂછ્યું કે 'ઇન્ડિયન પિકલબૉલ અસોસિયેશનને તમે નૅશનલ ફેડરેશન તરીકેની માન્યતા આપી શી રીતે?'

અદાલતે કેન્દ્ર સરકાર પાસે આ માન્યતા આપવામાં જે નિર્ણય લેવાયો એની સંપૂર્ણ વિગત માગી છે. ખાસ કરીને ઑલ ઇન્ડિયા પિકલબૉલ અસોસિયેશન (એઆઇપીએ)ની વિનંતીને લગતી માહિતી પણ અદાલતે માગી છે. ખેલકૂદ મંત્રાલયને તેમ જ આઇપીએને ન્યાયામૂર્તિઓ ડી. કે. ઉપાધ્યાય તેમ જ તેજસ કારિયાની બેન્ચે આ સંબંધમાં નોટિસ મોકલી છે. અગાઉ એક ન્યાયાધીશની બેન્ચે ખેલકૂદ મંત્રાલયના નિર્ણયને માન્ય રાખતો જે ચુકાદો આપ્યો હતો એ સામે બે ન્યાયાધીશની હાઈ કોર્ટની બેન્ચે સવાલ ઉઠાવ્યો છે. એકમાત્ર ન્યાયમૂર્તિની બેન્ચે આપેલા આદેશ સામે ન્યૂ ઇન્ડિયન પિકલબૉલ અસોસિયેશને જે અપીલ કરી છે એ વિશે પણ બન્ને ન્યાયમૂર્તિઓની બેન્ચે નોટિસ મોકલી છે. આ કેસમાં હવે પછીની સુનાવણી આઠમી મેએ હાથ ધરાશે.

## પિકલબૉલ રમત વિશે જાણો

પિકલબૉલ રૅકેટથી રમાતી રમત છે. એમાં બે અથવા ચાર ખેલાડી (અનુક્રમે સિંગલ્સ અથવા ડબલ્સની મૅચ) રમે છે. ટેનિસ, બૅડમિન્ટન અને ટેબલ ટેનિસને સંયુક્ત ગણીએ એવી આ રમતની મૅચ બૅડમિન્ટન જેવી કોર્ટમાં નીચી નેટ રાખીને રમવામાં આવે છે. પિકલબૉલમાં ટેબલ ટેનિસથી થોડું અલગ કહી શકાય એવા રૅકેટનો અને પ્લાસ્ટિક બૉલનો ઉપયોગ કરવામાં આવે છે.



## હાઈ કોર્ટે મંત્રાલયને શું કહ્યું?

વડી અદાલતે સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીના ધારાશાસ્ત્રીને પૂછ્યું છે કે 'આઇપીએ તરફથી તમામ પ્રકારના માપદંડની પૂર્તિ કથિત રીતે નથી થઈ એમ છતાં શા માટે આઇપીએને માન્યતા આપવામાં આવી? બે અરજી કરવામાં આવી હતી. એક અરજીમાં તમામ જરૂરિયાતો પરિપૂર્ણ થયેલી છે, જ્યારે બીજી અરજીમાં નથી થઈ. તમે બીજીવાળી અરજીને ધ્યાનમાં લીધી અને એને જરૂરિયાતોને લગતી બાબતમાં મુક્તિ આપી. આવી છૂટ કઈ રીતે મળે? આનાથી વધુ મનમાની બીજી કઈ કહેવાય? એઆઇપીએને તમે જણાવ્યું હતું કે તમે જરૂરિયાતો પરિપૂર્ણ નથી કરી એટલે તમારી અરજી નકારવામાં આવે છે? એ સંદેશવ્યવહાર થયો હોય તો ક્યાં છે બતાવો!'

સરકારના ધારાશાસ્ત્રીએ જણાવ્યું, 'આઇપીએને નૅશનલ ફેડરેશન તરીકેની માન્યતા આપી, કારણકે ફક્ત એક જ અસોસિયેશન માન્યતા મેળવી શકે.' ■

# 30 લાખવાળા અર્જુને ૨૭ કરોડના પંતને યૉર્કરથી પરેશાન કરી મૂક્યો!

કોલકાતાઃ આઇપીએલ-૨૦૨૬માં અર્જુન તેન્ડુલકરને હજી સુધી લખનઊ સુપર જાયન્ટ્સની બેમાંથી એકેય મૅચની પ્લેઇંગ-ઇલેવનમાં કે ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે મોકો નથી મળ્યો અને ગુરુવારે અહીં ઈડન ગાર્ડન્સમાં કોલકાતા નાઇટ રાઇડર્સ સામે રમાનારી મૅચ (સાંજે ૭.૩૦ વાગ્યાથી)માં તેને રમવા મળશે કે કેમ એ હજી નક્કી નથી, પરંતુ એ પહેલાં તે નેટ પ્રૅક્ટિસમાં તો છવાઈ જ ગયો છે. એક વીડિયો અને ફોટો મુજબ તેણે કૅપ્ટન રિષભ પંતને એક પછી એક યૉર્કરથી પરેશાન કરી દીધો હતો.

અર્જુન અગાઉ મુંબઈ ઇન્ડિયન્સમાં હતો, પણ હવે લખનઊની ટીમમાં છે. આ ટીમ તેને એક સીઝન રમવાના ૩૦ લાખ રૂપિયા આપે છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ તે મુંબઈ છોડીને ગોવા વતી રમે છે. કોલકાતા સામેની ગુરુવારની મૅચ માટે લખનઊના ખેલાડીઓ ઈડન ગાર્ડન્સમાં પ્રૅક્ટિસ કરી રહ્યા છે. લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર અર્જુને પંત ઉપરાંત ટીમના બીજા બૅટ્સમેનોને પણ નેટમાં છોડ્યા નથી. તેઓ પણ અર્જુનના યૉર્કર સામે સાવધ થઈને રમ્યા હતા અને સંઘર્ષ કરી રહ્યા હતા. એક સીઝન રમવાના ૨૭ કરોડ રૂપિયા મેળવતો રિષભ પંત તો અર્જુનના યૉર્કર સામે ડિફેન્સિવ મોડમાં આવી ગયો હતો. કહેવાય છેને કે બ્લૉકહૉલમાં (ચોક્કસ જગ્યાએ) બૉલ ફેંકનાર અર્જુન સામે પંત જાણે લાચાર હતો. અર્જુનની સચોટ બોલિંગથી ટીમના સૌ કોઈ પ્રભાવિત થઈ ગયા હતા.



અર્જુનની સચોટ બોલિંગ જોઈને સોશ્યલ મીડિયામાં તેના ચાહકો સવાલ કરી રહ્યા છે કે 'શા માટે હજી સુધી અર્જુનને તક નથી આપવામાં આવી?' તાજેતરમાં જ ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહે અર્જુનની બોલિંગના ખૂબ વખાણ કર્યા હતા. યુવીએ કહ્યું છે, 'અર્જુન ખૂબ શાર્પ છે અને ગેમ પ્રત્યે તેની પ્રતિબદ્ધતા શાનદાર છે.' ■

# વાનખેડેમાં ગુરુવારે રવિ શાસ્ત્રી સ્ટૅન્ડનું અનાવરણઃ ત્રણ ગેટને સરદેસાઈ, સોલકર અને એદલજીના નામ

મુંબઈઃ મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ) દ્વારા વાનખેડે સ્ટેડિયમમાં એક સ્ટૅન્ડને રવિ શાસ્ત્રીનું નામ આપવામાં આવ્યું છે અને ગુરુવારે એ સ્ટૅન્ડની નામકરણ વિધિ યોજાશે. સ્ટેડિયમના ત્રણ ગેટને ત્રણ મહાન ખેલાડીઓ દિલીપ સરદેસાઈ, એકનાથ સોલકર તેમ જ ડાયેના એદલજીના નામ મળ્યા છે અને એની પણ નામકરણ વિધિ કરવામાં આવશે. આ પ્રસંગે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, એમસીએ પ્રમુખ અજિંક્ય નાઇક તેમ જ ઍપેક્સ કાઉન્સિલના મેમ્બર્સ, હોદ્દેદારો તેમ જ ક્રિકેટરોના સમુદાયના અન્યો ઉપસ્થિત રહેશે. અજિંક્ય નાઇકે કહ્યું હતું કે 'અમે આ આઇકૉનિક ખેલાડીઓની વિરાસતને વાનખેડેમાં સેલિબ્રેટ કરવાની સાથે ભાવિ પેઢીના ખેલાડીઓને આવા જ મૂલ્યો જાળવીને મહાન બનવા માટે પ્રેરણા આપવા માગીએ છીએ.' ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| QUACK | ગુણવત્તા |
| QUAIL | વિલક્ષણ |
| QUAINT | ઊંટવૈદ |
| QUALITY | પાત્ર |
| QUALIFY | તીતર |

## માતૃભાષાની મહેક

સીંદરી બળે પણ વળ ન છોડે કહેવતમાં જિદ્દી સ્વભાવની વ્યક્તિ ગમે એવું નુકસાન થાય એ સહન કરી લે પણ પોતાનો સ્વભાવ ન છોડે એ ભાવ છે. હિન્દીમાં પણ આ કહેવત કોઈપણ વળ વિના સીધી દોરી જેવી **रस्सी जल गई पर ऐंठन न गई** તરીકે નજરે પડે છે. ઐંઠન એટલે મરોડ અથવા વળ.

## ગુજરાત મોરી મોરી રે

'વખત આવે ત્યારે પરચો બતાવવો' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

સોગઠી આવે મારવી ત્યારે દાવ

## ઈર્શાદ

*મજા પડે તો તરત હું મિજાજ બદલું છું,*
*ન આંખ બદલું ભલે, પણ અવાજ બદલું છું.*

-- રાજેન્દ્ર શુક્લ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ | | |
| ૫ | | | | ૬ | | ૭ | | | ૮ |
| | | ૯ | | ૧૦ | | | | ૧૧ | |
| | | | | | | | ૧૨ | | |
| | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | | |
| ૧૬ | | ૧૭ | | | ૧૮ | | | | |
| ૧૯ | ૨૦ | | | | | | | | ૨૧ |
| ૨૨ | | | ૨૩ | ૨૪ | | | | | |
| | | ૨૫ | | | | | | ૨૬ | |
| | ૨૭ | | | | | ૨૮ | | | |

### આડી ચાવી

૧ સાવજ જેવું જબરા મોં માથા વાળું (૪)
૪ ---- અને પાણીનો ભરોસો કરવો નહીં (૨)
૫ માટલું (૨)
૬ સરસામાન (૪)
૧૦ વૈરાગ્ય (૩)
૧૧ બંધિ, નિષેધ (૨)
૧૨ પરવાનગી (૩)
૧૩ ગપ્પા (૪)
૧૫ મન, મોતીને ---- તૂટ્યા પછી સંધાય નહીં (૨)
૧૭ તમારો મારીને લાલ રાખી શકાય નહીં તે (૨)
૧૮ સુગંધ, ફોરમ (૪)
૧૯ જાણકાર (૩)
૨૨ આબરૂ (૨)
૨૩ માણસ, મનુષ્ય (૩)
૨૫ આતુરતા, ચટપટી (૪)
૨૬ બગલો (૨)
૨૭ ---- ખેલવો=હોળી રમવી (૨)
૨૮ સંદેશ (૪)

### ઊભી ચાવી

૧ અસ્થિર (૪)
૨ મોટો સાહેબ (૨)
૩ સાસરા સુખવાસરા, દો દિન કા ---- (૩)
૪ પાણી (૨)
૬ સતત, નિરંતર (૪)
૭ ઉપવન
૮ અવજ્ઞા, અપમાન (૪)
૯ વાકેફગાર, જાણકાર
૧૧ ---- ને જીતે જીત હૈ, ---- ને હારે હાર (૨)
૧૨ સર્વત્ર (૫)
૧૪ સમડી (૨)
૧૫ કાર્ય (૨)
૧૬ શંકર, મહાદેવ (૪)
૧૮ કાવ્યોનો સંગ્રહ (૪)
૨૦ પ્રીતિ, સ્નેહ (૨)
૨૧ સંગીતના સાત સૂરોની સ્વરલિપિ (૪)
૨૩ મણકા વગેરે પોરવી કરેલો હાર (૨)
૨૪ નવવધૂ (૩)
૨૫ અંત, છેડો (૨)
૨૬ દૂબળા ઢોરને ---- ઝાઝી (૨)


### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રિ | ૨ હા | ૩ સ | | | ૪ સં | કે | ત | |
| રિ | | ૫ જ | ગ | | ૬ રં | ભા | | | ૭ ચા |
| ણી | | ર | | ૮ ક | | ૯ ર | ણ | ચં | ડી |
| ૧૦ ત | ૧૧ ક | | | ૧૨ સ | મ | ણાં | | | ખો |
| | ૧૩ દ | ૧૪ ર | બા | ર | | | ૧૫ સ | ૧૬ ભ | ર |
| ૧૭ પ | ર | ત | | | ૧૮ ખ | ળ | ખ | ળ | |
| ર | | | ૧૯ ખ | લે | લ | | | ૨૦ તું | ૨૧ ગ |
| ૨૨ ગ | ણ | ચો | ર | | વાં | | ૨૩ ની | | તા |
| જું | | | ૨૪ ગો | રી | | ૨૫ ધા | ડ | | ગ |
| | ૨૬ ર | તા | શ | | | ૨૭ મ | ર | હૂ | મ |

## ઓળખાણ પડી?

જીવન માટે આવશ્યક વાયુ પ્રાણવાયુ - ઓક્સિજનની શોધ કરનારા બ્રિટિશ પાદરી અને વૈજ્ઞાનિકની ઓળખાણ પડી?

અ) માર્કોની
બ) પ્રિસ્ટલી
ક) ન્યુટન
ડ) ફેરેડે



## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'હું સઘળી મોસમમાં માણું એક અહર્નિશ ફાગણ' વાક્યમાં અહર્નિશ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મજેદાર બ) સુગંધ ક) હોંશ ડ) નિરંતર

## માઈન્ડ ગેમ

૪૦૦ ફૂટ ઊંચા પહાડ પર આવેલું હથિયાર, શાહી પોશાક અને પાલખીઓ ધરાવતું મેહરાનગઢ મ્યુઝિયમ કઈ જગ્યાએ છે?

અ) જોધપુર બ) જયપુર ક) જેસલમેર ડ) બિકાનેર

## સુડોકુ-૯૨૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | | | | | | |
| ૯ | | | ૫ | | | ૪ | | ૧ |
| ૭ | ૮ | | | | ૧ | | | ૬ |
| | ૧ | ૭ | ૩ | ૯ | | | | |
| | | ૯ | | | | ૬ | | |
| | | | | ૪ | ૭ | ૩ | ૯ | |
| ૫ | | | ૬ | | | | ૪ | ૨ |
| ૬ | | ૪ | | | ૫ | | | ૯ |
| | | | | | | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૫ | ૬ | ૨ | ૧ | ૩ | ૪ | ૯ | ૭ |
| ૯ | ૧ | ૨ | ૭ | ૮ | ૪ | ૫ | ૬ | ૩ |
| ૭ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૨ | ૧ | ૮ |
| ૨ | ૭ | ૫ | ૬ | ૪ | ૯ | ૮ | ૩ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૩ | ૫ | ૮ | ૯ | ૭ | ૨ |
| ૩ | ૯ | ૮ | ૧ | ૭ | ૨ | ૬ | ૫ | ૪ |
| ૧ | ૨ | ૭ | ૮ | ૬ | ૫ | ૩ | ૪ | ૯ |
| ૬ | ૮ | ૯ | ૪ | ૩ | ૭ | ૧ | ૨ | ૫ |
| ૫ | ૩ | ૪ | ૯ | ૨ | ૧ | ૭ | ૮ | ૬ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PYRE | ચિતા |
| PYGMY | વેંતિયો |
| PYRAMID | બાંધકામ |
| PYRITES | અગ્નિ પાષાણ |
| PYTHON | અજગર |

**ગુજરાત મોરી મોરી રેઃ**
આપવીતી સહુ જાણે પરવીતી કોઈ ન જાણે

**ઓળખાણ પડી?**
Silverplate

**માઈન્ડ ગેમ :**
નેધરલેન્ડ્સ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
ઓળખાણ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) પ્રવીણ વોરા (૧૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) કિરીટ છેડા (૨૫) ચેતના છેડા (૨૬) નિખિલ બંગાળી (૨૭) અમીશી બંગાળી (૨૮) ભાવના કર્વે (૨૯) કમલ માતલિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અરવિંદ કામદાર (૩૨) ભાવના કર્વે (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી જયવંત ચિખલ (૩૭) અંજુ ટોલિયા (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) ડાયના સંતોકે (૪૩) નિતીન જયંતિલાલ બજરિયા (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૬) વિજય આસર (૪૭) મહેશ દોશી (૪૮) ડૉ. પ્રકાશ કટકિયા (૪૯) પ્રતિમા પમાણી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ (૫૧) જયવંત પદમશી ચિખલ (૫૨) નયના ગિરીશ મિસ્ત્રી

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# શું આરબીઆઈના ઉપચાર રૂપિયાનો રકાસ અટકાવી શકશે?

**સવાલ એ નથી કે રૂપિયો ૧૦૦ સુધી પહોંચશે કે નહીં, સવાલ એ છે કે ભારત વૈશ્વિક આંચકા ખમવા માટે પોતાની આર્થિક નીતિઓને કેટલી મજબૂત બનાવી શકે છે!**

**ટૂંકા ગાળાનાં પગલાં આવશ્યક છે, પરંતુ લાંબા ગાળાની વ્યૂહરચના વધુ મહત્ત્વપૂર્ણ છે**

અખાતી યુદ્ધમાં જો કોઇ સૌથી માઠી અસર થઇ હોય તો એ આપણાં ચલણનો રકાસ છે! રૂપિયો માંદગીના બિછાને પટકાયો છે. ઇરાનમાં યુદ્ધ શરૂ થયા બાદ વૈશ્વિક બજારોમાં જે અસ્થિરતા સર્જાઈ છે, તેની સીધી અને તાત્કાલિક અસર ભારત જેવા આયાત આધારિત અર્થતંત્ર પર જોવા મળી રહી છે. ખાસ કરીને ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા ઉછાળાએ ભારત માટે બેવડો ફટકો માર્યો છે, એક તરફ આયાત ખર્ચ વધી રહ્યો છે અને બીજી તરફ રૂપિયાની કિંમત ડોલર સામે સતત દબાણમાં આવી રહી છે. આ પરિસ્થિતી માત્ર તાત્કાલિક આર્થિક ચિંતાનો વિષય નથી, પરંતુ લાંબા ગાળાના નીતિગત પ્રશ્નો ઊભા કરે છે.

ડૉલર સામે રૂપિયાનો ઘટાડો ભારત માટે નવી બાબત નથી, પરંતુ આ વખતે તેની ગતિ અને કારણો બંને અલગ તેમ જ ચિંતાજનક છે. સામાન્ય રીતે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે અનિશ્ચિતતા વધે છે ત્યારે રોકાણકારો સલામત રોકાણ તરીકે ડૉલર તરફ વળે છે, જેના કારણે વિકસતા દેશોની કરન્સી પર દબાણ આવે છે. હાલના સંજોગોમાં પણ એ જ દૃશ્ય જોવાં મળી રહ્યું છે. પરિણામે, રૂપિયો નબળો પડી રહ્યો છે અને તેની સીધી અસર આયાત પર પડી રહી છે.



ખાસ કરીને ભારત માટે જીવનરેખા સમાન ક્રૂડ ઓઇલના ઊછળતા ભાવ અને રૂપિયાના અવમૂલ્યનને કારણે તેની બમણી અસર ભારત માટે મોટી ચિંતાનો વિષય છે. ક્રૂડ ઓઇલના ભાવથી વધતા પરિવહન ખર્ચમાં વધારો થાય છે, જે પછી મોંઘવારીના રૂપમાં સામાન્ય નાગરિક સુધી પહોંચે છે. પેટ્રોલ-ડીઝલ મોંઘું થાય તો માલવહન ખર્ચ વધે અને અંતે ખાદ્ય પદાર્થોથી લઈને રોજિંદી વસ્તુઓ સુધીના ભાવમાં વધારો થાય છે. આ રીતે, એક વૈશ્વિક ઘટનાની અસર દેશના દરેક ઘરના બજેટ સુધી પહોંચી જાય છે.

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ તાજેતરમાં નોન-ડિલિવરેબલ ફોરવર્ડ (એનડીએફ) માર્કેટમાં નિયંત્રણ, ફોરવર્ડ કોન્ટ્રેક્ટના રીબુકિંગ પર પ્રતિબંધ અને બેંકોની ફોરેક્સ પોઝિશન પર મર્યાદા જેવા કેટલાંક પગલાં લીધાં છે જેથી રૂપિયાના મૂલ્યમાં અચાનક ઘટાડો અટકાવી શકાય. આ બધા પગલાં ટૂંકા ગાળામાં અસરકારક સાબિત થયા છે. રૂપિયાની અવગતિ ધીમી પડી છે અને થોડી સ્થિરતા પણ જોવા મળી છે. પરંતુ પ્રશ્ન એ છે કે શું આ પગલાં લાંબા ગાળે અસરકારક રહેશે?

સરકાર અને આરબીઆઇ બંનેએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ કોઈ ચોક્કસ એક્સચેન્જ રેટને બચાવવાના પક્ષમાં નથી, પરંતુ અસ્થિરતા ઘટાડવા માગે છે. આ નીતિગત અભિગમ વાસ્તવિક છે, કારણ કે ઓપન માર્કેટમાં કરન્સી પર સંપૂર્ણ નિયંત્રણ શક્ય નથી. આમ છતાં, કમ્ફર્ટ ઝોન તરીકે ૯૨.૫૦થી ૯૪નો દર સૂચવવામાં આવ્યો છે, જે દર્શાવે છે કે વર્તમાન સ્તર સરકારના ગણિત માટે આદર્શ નથી. ફોરેક્સ માર્કેટના વિશ્લેષકોનું માનવું છે કે જો વૈશ્વિક પરિસ્થિતિમાં સુધારો નહીં થાય, તો રૂપિયા પર દબાણ ચાલુ રહી શકે છે. ખાસ કરીને જો ક્રૂડ ઓઇલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહે, તો ભારતની કરંટ અકાઉન્ટ ડેફિસિટ (સીએડી - ચાલુ ખાતાની ખાધ) વધશે અને તે રૂપિયાને વધુ નબળો બનાવશે. આ સ્થિતિમાં, વિદેશી રોકાણકારોનો વિશ્વાસ જાળવવો અત્યંત જરૂરી બની જાય છે.

અહીં ભારતની ઊર્જા નીતિ અને આયાત પરની નિર્ભરતા ખૂબ મહત્ત્વનાં પરિબળ છે. જો દેશને લાંબા ગાળે આ પ્રકારના વૈશ્વિક આઘાતોથી બચવવો હોય તો સોલાર, પવન અને ગ્રીન હાઇડ્રોજન સહિતના વૈકલ્પિક ઊર્જા સ્રોતો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. આત્મનિર્ભર ભારતનું સૂત્ર માત્ર ઉત્પાદન ક્ષેત્ર પૂરતો સીમિત ન રાખીને, ઊર્જા સુરક્ષા સુધી વિસ્તરવું જોઈએ.

આ ઉપરાંત, નિકાસમાં વધારો કરવા સાથે ઉત્પાદન ક્ષમતા વધારવી પણ મહત્વપૂર્ણ છે. જો ભારત વધુ નિકાસ કરશે તો વિદેશી ચલણની આવક વધશે, જે રૂપિયાને મજબૂત બનાવવામાં મદદરૂપ થશે. હાલમાં, આઇટી અને સેવાઓ ક્ષેત્ર ભારત માટે મજબૂત આધાર છે, પરંતુ મેન્યુફેક્ચરિંગ અને હાઈ-વેલ્યુ એક્સપોર્ટ્સમાં હજુ ઘણું કરવાની આવશ્યકતા છે.

મોંઘવારીનો પ્રશ્ન પણ આ સમગ્ર ચર્ચાનું કેન્દ્ર છે. જો રૂપિયો નબળો પડે અને ક્રૂડ મોંઘું રહે તો આરબીઆઇ માટે વ્યાજ દર ઘટાડવાનો અવકાશ મર્યાદિત થઈ જાય છે. આર્થિક વૃદ્ધિ માટે સસ્તી લોન જરૂરી છે, પરંતુ મોંઘવારી નિયંત્રણમાં રાખવી પણ એટલું જ મહત્વપૂર્ણ છે. આ બેધારી તલવાર જેવી પરિસ્થિતિમાં આરબીઆઇ માટે સંતુલન જાળવવું પડકારજનક બની જાય છે.

વધુમાં, સામાન્ય નાગરિક માટે આ સ્થિતિ કેવી રીતે અસરકારક છે તે પણ સમજવું જરૂરી છે. રોજિંદા જીવનમાં ખર્ચ વધે છે, બચત પર અસર પડે છે, અને રોકાણના નિર્ણયો વધુ જટિલ બને છે. મધ્યમ વર્ગ માટે આ સૌથી મોટો આર્થિક દબાણનો સમય બની શકે છે, કારણ કે આવક સ્થિર રહે છે પરંતુ ખર્ચ વધે છે.

આ પરિસ્થિતિમાં સરકાર માટે રાજકોષીય શિસ્ત જાળવવી પણ મહત્વપૂર્ણ છે. જો સરકાર વધુ ખર્ચ કરશે અથવા સબસિડીમાં વધારો કરશે તો ફિસ્કલ ડેફિસિટ વધી શકે છે, જે ફરીથી કરન્સી પર દબાણ લાવી શકે છે. તેથી સંયમ અને વ્યૂહાત્મક ખર્ચની જરૂર છે.

આખરે, સવાલ એ નથી કે ડૉલર સામે રૂપિયો ૧૦૦ની નીચી સપાટી સુધી પહોંચશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે ભારત પોતાની આર્થિક નીતિઓને કેટલી મજબૂત બનાવી શકે છે જેથી તે વૈશ્વિક આંચકાઓ સામે ટકી શકે. ટૂંકા ગાળાનાં પગલાં જરૂરી છે, પરંતુ લાંબા ગાળાની વ્યૂહરચના વધુ મહત્ત્વપૂર્ણ છે.

આજે રૂપિયો માત્ર એક કરન્સી નથી પરંતુ તે ભારતની આર્થિક શક્તિ, વિશ્વાસ અને સ્થિરતાનું પ્રતિબિંબ છે. જો આપણે આ સંકેતોને યોગ્ય રીતે સમજીને સમયસર યોગ્ય પગલાં લઈએ તો આ સંકટને તકમાં ફેરવી શકાય છે. નહીં તો આ માત્ર એક વધુ આર્થિક પડકાર બની રહેશે, જે ફરી એકવાર આપણને તૈયારીઓના અભાવની યાદ અપાવશે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# આરબ રાષ્ટ્રો અમેરિકા પરથી કેમ વિશ્વાસ ગુમાવી રહ્યા છે?



**વર્તમાન** મિડલ ઈસ્ટનું યુદ્ધ માત્ર સૈન્ય સંઘર્ષ નથી, પરંતુ તે દાયકાથી ચાલી આવતા આરબ-અમેરિકાના સંબંધોના પાયા હચમચાવી દેનારી એક મોટી રાજદ્વારી ઘટના છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં અમેરિકા અને ઇઝરાયલના સંયુક્ત સૈન્ય હુમલા બાદ ઈરાને જે પ્રકારે વળતો પ્રહાર કર્યો છે તેણે આરબ જગતને એક ભયાનક વાસ્તવિકતાનો અહેસાસ કરાવ્યો છે.

વર્ષોથી આરબ દેશો એવા ભ્રમમાં જીવતા હતા કે તેમની ધરતી પર આવેલા અમેરિકી સૈન્ય બેઝ તેમની સુરક્ષાનું કવચ છે, પરંતુ ઈરાની મિસાઈલો અને ડ્રોન હુમલાઓએ આ કવચને કાચની જેમ તોડી નાખ્યું છે. ખાસ કરીને બહેરીન અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) માં જે રીતે અમેરિકી નૌકા અને હવાઈ મથકોનો વિનાશ થયો છે તેણે સાબિત કરી દીધું છે કે અમેરિકાની હાજરી હવે આ દેશો માટે સુરક્ષાને બદલે ઈરાનના ગુસ્સાનું સીધું નિશાન બની ગઈ છે.

બહેરીનમાં આવેલું અમેરિકી નૌસેનાના પાંચમા કાફલાનું મુખ્ય મથક, જે અત્યાર સુધી પશ્ચિમના વર્ચસ્વનું પ્રતીક હતું, તે આજે ખંડેરમાં ફેરવાઈ રહ્યું છે. ઈરાની ક્રાંતિકારી ગાર્ડ્સે આ બેઝ પર હુમલા કરીને અમેરિકી ગૌરવને ઠેસ પહોંચાડી છે, જેનાથી બહેરીનની જનતામાં એવો સવાલ ઉઠ્યો છે કે શું અમેરિકા ખરેખર તેમને બચાવી શકે છે ખરા ? બહેરીન ઐતિહાસિક રીતે ઈરાનનો ભાગ રહ્યું હોવાથી ઈરાન તેને પોતાનો પ્રદેશ માને છે અને ત્યાં અમેરિકી સૈનિકોની હાજરી તેને વધુ ઉશ્કેરે છે.

કતારે આરબ દેશો તરફથી પહેલ કરી છે. કતારે અમેરિકાને તેને ત્યાંના લશ્કરી મથકો અને અમેરિકાના જવાનોને હટાવવાનો આદેશ આપ્યો છે. કતાર સમજી ગયું છે કે અમેરિકાના મથકો કતારના રક્ષણ માટેના નહીં પરંતુ ઈઝરાયલના રક્ષણ માટેના છે. આથી યુદ્ધ વકરી રહ્યું છે ત્યારે તે ઈરાનનો ખોફ વહોરી લેવા માગતું નથી.

આવી જ હાલત યુએઈની છે, જ્યાં અલ ધાફરા એર બેઝ પર થયેલા નુકસાનથી ત્યાંની સુરક્ષા અને અર્થવ્યવસ્થા બંને જોખમમાં મુકાયા છે.બીજી તરફ ઓમાન અને કતાર જેવા દેશો ઈરાનના સીધા પ્રહારથી બચી ગયા છે, કારણ કે તેમણે અમેરિકાને ઈરાન વિરુદ્ધ કોઈ મોટી સૈન્ય મદદ આપી નથી. આ વિરોધાભાસે આરબ નેતાઓને એ વિચારવા મજબૂર કર્યા છે કે જો અમેરિકા સાથેની મિત્રતા જ તેમને યુદ્ધની આગમાં હોમી રહી હોય તો બહેતર છે કે ઓમાનની જેમ તટસ્થ રહેવું વધુ હિતકારક છે.

આ યુદ્ધમાં અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભૂમિકાએ પણ આરબ દેશોના અસંતોષમાં વધારો કર્યો છે. ટ્રમ્પની વાણીમાં સંયમનો અભાવ અને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન પ્રત્યેની તેમની અપમાનજનક ટિપ્પણીએ આરબ જગતના આત્મસન્માનને ઠેસ પહોંચાડી છે.

એક બાજુ આરબ દેશો અમેરિકાનાં હિત માટે પોતાની સુરક્ષા દાવ પર લગાવી રહ્યા છે અને બીજી બાજુ અમેરિકાનું નેતૃત્વ તેમના નેતાઓનું અપમાન કરી રહ્યું છે. આ જ કારણ છે કે હવે આરબ દેશો અમેરિકાના વિકલ્પ તરીકે રશિયા અને ચીન તરફ નજર દોડાવી રહ્યા છે.

એપ્રિલ ૨, ૨૦૨૬ના રોજ ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે થયેલી ફોન વાતચીત એ નવા યુગની શરૂઆત છે. આરબ નેતાઓ હવે સમજી ગયા છે કે વોશિંગ્ટન પરનો આંધળો વિશ્વાસ તેમના માટે આત્મઘાતી સાબિત થઈ શકે છે.

યુએન સિક્યોરિટી કાઉન્સિલમાં જ્યારે ફ્રાન્સે આરબ દેશોના ઠરાવ પર વીટો વાપર્યો ત્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે પશ્ચિમી જગત માત્ર પોતાના અને ઇઝરાયલનાં હિતોને જ પ્રાધાન્ય આપે છે. આરબ દેશો જે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવાની અને પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવાની વાત કરી રહ્યા હતા, તેને ફ્રાન્સ, રશિયા અને ચીનના વિરોધને કારણે સફળતા મળી નથી, જેનાથી અમેરિકી સહયોગની નિષ્ફળતા છતી થઈ છે. આ તમામ સૈન્ય બેઝ જે મૂળમાં ઇઝરાયલના રક્ષણ માટે સ્થાપિત કરવામાં આવ્યા હતા, તે હવે આરબ દેશોના અસ્તિત્વ માટે ખતરો બની ગયા છે.

ઈરાનની વધતી તાકાત અને અમેરિકાની પીછેહઠે આ યુદ્ધમાં શક્તિના સંતુલનને બદલી નાખ્યું છે.

આજે મધ્ય પ્રાચ્યના રણમેદાનમાં જે ધુમાડો દેખાઈ રહ્યો છે, તે માત્ર વિસ્ફોટોનો નથી, પણ તે અમેરિકી વર્ચસ્વના અંતનો ધુમાડો છે. સાઉદી અરેબિયા, યુએઈ અને કુવૈત જેવા દેશો હવે પોતાની સુરક્ષા નીતિ પર પુનર્વિચાર કરી રહ્યા છે. તે જોઈ રહ્યા છે કે અમેરિકા તેમને સુરક્ષા આપવાને બદલે તેમને યુદ્ધના મેદાન તરીકે વાપરી રહ્યું છે.

ટ્રમ્પની અસંસ્કૃત વાણી અને યુરોપિયન દેશોનો દ્વિમુખી અભિગમ આરબ રાષ્ટ્રોને કૂટનીતિક રીતે વધુ સજાગ બનાવી રહ્યો છે. હવે સમય આવી ગયો છે કે આરબ જગત પોતાની એકતા બતાવે અને પશ્ચિમના ઈશારે નાચવાને બદલે પોતાના પ્રાદેશિક હિતોને સુરક્ષિત કરે.

આ યુદ્ધે સાબિત કર્યું છે કે જે દેશ અમેરિકાથી અંતર જાળવી રાખે છે, તે બધા આજે સુરક્ષિત છે. પરિણામે, મધ્ય પ્રાચ્ય (મધ્ય-પૂર્વ) માં હવે એક નવી ધરી રચાઈ રહી છે, જે અમેરિકાના પ્રભાવથી મુક્ત હશે.

બીજા શબ્દોમાં આ સંઘર્ષ આરબ-અમેરિકી સંબંધોના ઇતિહાસમાં સૌથી મોટો વળાંક સાબિત થશે. અમેરિકી બેઝોનો વિનાશ અને આરબ લીડરોનો રશિયા તરફનો ઝુકાવ એ સંકેત આપે છે કે હવે પશ્ચિમ એશિયામાં અમેરિકાનો સૂરજ આથમી રહ્યો છે. આરબ રાષ્ટ્રોએ હવે પોતાના ભવિષ્ય માટે નવી વ્યૂહરચના ઘડવી પડશે, જેમાં અમેરિકા પરની નિર્ભરતા ઓછી હોય અને પ્રાદેશિક શાંતિ પર વધુ ભાર હોય.

આ યુદ્ધમાં મળેલો બોધપાઠ આરબ જગત ક્યારેય નહીં ભૂલે કે જે બેઝ તેમને રક્ષણ આપવા આવ્યા હતા, તે જ તેમને રણમેદાનમાં એકલા છોડીને વિનાશનું કારણ બન્યા છે. ભવિષ્યમાં મધ્ય-પૂર્વની આ કૂટનીતિ હવે માત્ર તેલ કે પૈસા પર નહીં, પણ આત્મસન્માન અને વાસ્તવિક સુરક્ષા પર આધારિત હશે, જ્યાં અમેરિકાની દાદાગીરીનો કોઈ અવકાશ રહેશે નહીં.

આ પરિવર્તન અનિવાર્ય છે અને ૨૦૨૬નું આ યુદ્ધ તેનું નિમિત્ત બન્યું છે. આમ, આરબ રાષ્ટ્રો અને અમેરિકાના સંબંધો હવે ક્યારેય પહેલાં જેવા નહીં રહે અને અહીં એક નવા બહુધ્રુવીય સંબંધનો ઉદય થશે. જેમાં આરબ રાષ્ટ્રો પોતાના હિતના પોતે જ માલિક હશે. ■

## આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

# કેરળનું આઇસક્રીમ પાર્લર - સેક્સ સ્કેન્ડલ પ્રધાનની ખુરશી ખાઈ ગયું


બહુ ચર્ચિત અને અતિ બદનામ એપ્સટિન ફાઈલ જેવી દખ્ખણી રાજ્યની એક ફાઈલના પાના આજે ઉથલાવીએ. એ છે કેરળનું આઇસક્રીમ પાર્લર સેક્સ સ્કેન્ડલ. એમાં ધારીના શોષણ તો થયા જ પણ મોટા માથાની સંડોવણી નીકળતા બધું દબાવી દેવા ખૂબ ધમપછાડા થયા હતા.

આ સ્કેન્ડલ અન્વેષી નામક બિન-સરકારી સંગઠનની પહેલથી પર્દાફાશ થયું હતું.

૧૯૯૭ના ઓગસ્ટમાં કોઝિકોડ આધારિત એનજીઓ અન્વેષીએ કેરળના તત્કાલીન મુખ્ય પ્રધાન ઈ. કે. નયનારને અરજી આપી હતી કે આ પાર્લર યૌન શોષણ માટે વપરાય છે. કોઝિકોડમાં આવેલા આરકેએસ આઇસક્રીમ પાર્લરનો વેશ્યાગૃહ તરીકે દુરુપયોગ થતો હતો અને ત્યાં અનેક યુવતીઓનું યૌન શોષણ થતું હોવાનો દાવો કરાયો હતો. આ અરજી મેળવનારા ઈરમ્બાલા કૃષ્ણન નયનાર (૯ ડિસેમ્બર,૧૯૧૯થી ૧૯ મે, ૨૦૦૪) ડાબેરી લોકતાંત્રિક મોરચા (લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ-એલડીએફ) સરકારના મુખ્ય પ્રધાન હતા જે સામ્યવાદી-માર્કસવાદી પક્ષના આગેવાન નેતા હતા.

પોલીસમાં ચોથી ઓગસ્ટે એફઆઇઆર નોંધાયા બાદ આ કેસની તપાસ સત્તાવાર રીતે શરૂ થઈ હતી.

પરંતુ રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વેલીક્કાકાથુ શંકરન અચ્યુતનંદને (૨૦ ઓક્ટોબર, ૧૯૨૩થી ૨૧ જુલાઈ, ૨૦૨૫) મોટો ધડાકો કર્યો હતો. વી. એ. અચ્યુતનંદને આરોપ મૂક્યો હતો કે તત્કાલીન રાજ્ય સરકાર આરોપીઓને કાયદાની પકડમાં લાવવા માટે કોઈ ગંભીર પ્રયાસ કરી રહી નથી, કારણ કે આરોપીઓમાં વગદાર લોકોનાં નામો હતાં. મોટો આંચકો એ હતો કે આ સેક્સકાંડમાં રાજ્યના ઉદ્યોગ અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી પ્રધાન પી. કે. કુન્હાલિકુટ્ટીનું નામ બહાર આવ્યું હતું.



પી. કે. કુન્હાલિકુટ્ટી

અચ્યુતનંદને કોર્ટ પિટિશનમાં દાવો કર્યો હતો કે ખુદ કુન્હાલિકુટ્ટીના સંબંધી કે. એ. રઉફે પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું હતું કે આ પ્રધાને આ કેસના મુખ્ય સાક્ષીઓને આર્થિક લાભ આપી તેમના નિવેદન બદલી નાખવા પ્રભાવિત કર્યા હતા.

આ સનસનીખેજ વિસ્ફોટને આધારે કેરળ પોલીસે ૨૦૧૧ની ૩૦મી જાન્યુઆરીએ ૩૦ નવો કેસ નોંધ્યો હતો. એટલું જ નહિ બીજી ફેબ્રુઆરીએ વિશેષ તપાસ દળ (સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ - એસ.આઇ.ટી.) રચવાની જાહેરાત કરી હતી.

આઇસક્રીમ પાર્લર સેક્સ સ્કેન્ડલથી રાજ્યમાં શાસક અને વિપક્ષો તો સામસામે આવી જ ગયા હતા. આ સાથે શાસક યુતિ ડાબેરી લોકતાંત્રિક મોરચામાં ય ખટપટ થવા માંડી હતી. વિવાદથી ખરડાયેલા પ્રધાન કુન્હાલિકુટ્ટી સાથી પક્ષ ઈન્ડિયન મુસ્લિમ લીગના નેતા હતા. પોલીસની કેસ ડાયરી મુજબ કુન્હાલિકુટ્ટીએ સાક્ષીઓને પોતાના પક્ષમાં કરવા માટે પ્રયાસ કર્યા હતા. ખુદ સાક્ષીઓએ જણાવ્યું હતું કે અમને પોતાના અગાઉનાં નિવેદનો બદલવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા અને તેના બદલામાં આર્થિક લાભ પણ મળ્યો હતો.

જોકે સત્તાવાર રીતે કુન્હાલિકુટ્ટી ક્યારેય આરોપી બન્યા નહોતા પણ આ સેક્સ સ્કેન્ડલને કારણે તેમને પ્રધાનપદ છોડવું પડ્યું હતું.

સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપો થયા હતા કે ડાબેરી લોકતાંત્રિક મોરચા સરકારે તપાસમાં ઈચ્છાપૂર્વક અવરોધ ઊભા કર્યા હતા જેથી તેઓ પોતાને, તેમના સંબંધીઓને અથવા મિત્રોને બચાવી શકે.

આ મામલો મીડિયામાં ખૂબ ગાજે એ સ્વાભાવિક હતું. એવી બદનામી ત્યારે ખૂબ ગંભીર અને બહુ મોટી બાબત ગણાતી હતી. સદનસીબે હજી એપ્સટિન ફાઈલ યુગની નફફટાઈ જોજનો દૂર પણ દેખાતી નહોતી.

આ સમગ્ર મામલો કોઝિકોડસ્થિત આરકેએસ આઇસક્રીમ પાર્લરમાં ૧૯૯૦ના પ્રારંભમાં એક સંભવિત વેશ્યાવૃત્તિના જાળ સાથે સંબંધિત છે. છેક ૧૯૯૭માં એક સ્થાનિક એનજીઓની ફરિયાદ પછી આ કેસ જાહેર ધ્યાનમાં આવ્યો હતો.

આ વિવાદાસ્પદ પાર્લરની માલિક શ્રીદેવી(ના, ફેમસ અભિનેત્રી નહિ) હતી. તેમાં યુવતીઓને નોકરીનાં વચનો અથવા મફત આઇસક્રીમના લોભથી આકર્ષવામાં આવતી હતી. ત્યારબાદ નશીલી દવાઓ આપીને તેમનું યૌન શોષણ કરવામાં આવતું હતું. એટલું જ નહિ, અશ્લીલ ફોટોગ્રાફ પાડવામાં આવતા અને એ જાહેર કરી દેવાની ધમકી દ્વારા લાચાર શોષિતોને બ્લેકમેલ કરવામાં આવતી હતી.

આ આઇસક્રીમ પાર્લર સેક્સ સ્કેન્ડલથી હજી રાજ્યના રાજકારણ, પોલીસ તંત્ર અને ન્યાય વ્યવસ્થામાં ભારે ગરમાટો આવવાનો હતો. (ક્રમશઃ)■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## કન્યા કુબેરણી તો કુંવરનો કલરવ



રણછોડભાઈ ઉદયરામ દવે લિખિત ‘લલિતા દુ:ખદર્શક’ નાટકમાં બાળલગ્નથી અને વરમાં ગુણને બદલે કુળ જોવાથી કેવાં માઠાં પરિણામો આવે છે એ દર્શાવી કજોડાંની વાત કેન્દ્રમાં હતી.

જોકે, એકવીસમી સદીમાં કજોડાં સહજ અને સ્વાભાવિક લાગે ત્યાં સુધી વાત પહોંચી ગઈ છે. ૭૦ - ૮૦ વર્ષના વડીલ સાથે ૨૦ - ૨૫ વર્ષની યુવતી કે પછી ૭૦ - ૭૫ની જૈફ મહિલા કોઈ તરુણ સાથે વિવાહ કરે એવા ઘણા પ્રસંગો વારે તહેવારે બનતા રહે છે. એમાં સ્નેહ - લાગણી ઉપરાંત આર્થિક સમૃદ્ધિ પણ ભાગ ભજવતી હોય છે. ચીનમાં ૫૫ વર્ષની બિઝનેસવુમનના ૨૫ વર્ષના યુવાન સાથેના લગ્નની ચર્ચા મીડિયામાં ફેરા લઈ રહી છે. હેરત પમાડનારી વાત તો એ છે કે આગલા લગ્નથી ૧૭ વર્ષનો પુત્ર ધરાવતાં પંચાવન વર્ષનાં આંટીએ ભત્રીજાની ઉંમરના પતિને ૫૦ મિલિયન યુઆન (આશરે પોણા સાત અબજ રૂપિયા) દહેજ પેટે આપ્યા હોવાના અહેવાલ છે. એટલું જ નહીં, રોલ્સ રોયસ, મર્સિડીસ સહિત અનેક ગિફ્ટનો ઢગલો કરી દીધો છે.

યુવાને મહિલાની ઉંમર નહીં એની મિલકત જોઈને લગ્ન કર્યાં છે. ‘આવા ભપકાવાળા જીવનની તો મેં કલ્પના પણ નહોતી કરી’, યંગ હસબન્ડ કહે છે, ‘આવી તક કોણ ગુમાવે અને કેટલા જણના નસીબમાં આવી લાઈફ હોય છે.’ વાત સ્પષ્ટ છે કે પૈસાના ચળકાટ સામે બીજું બધું ગૌણ છે. રસપ્રદ વાત તો એ છે કે મેડમના આ પાંચમા લગ્ન છે, પણ અગાઉના ચારેય પતિની વાત પાતાળમાં પધરાવી દેવામાં આવી છે.

## ગરજ સરી કે વૈદ વેરી



‘ગરજ સરી કે વૈદ વેરી’ કહેવતથી વાચકવર્ગ વાકેફ હશે. કામ પત્યું એટલે તું કોણ ને હું કોણ એ એનો ભાવાર્થ છે. અમેરિકાના ઓછા જાણીતા મેરીલેન્ડ રાજ્યમાં આ કહેવતનો પરચો પેટ માટે વેઠ કરતા મજૂરોને થયો છે.

બન્યું એવું કે રહેતા ઘરની છત પર સમારકામની જરૂરિયાત હોવાથી મહિલાએ કેટલાક મજૂરોને બોલાવ્યા હતા. યુએસમાં અસ્થાયી મજૂરો (માઈગ્રન્ટ વર્કર્સ)ની સળગતી સમસ્યા છે. એને કાબૂમાં રાખવા સરકારે ‘ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ’ (આઈસ) એજન્સી બનાવી છે.

ગેરકાનૂની રીતે વસવાટ કરતા લોકોની અટક કરી તેમને વતન મોકલી દેવાનું કામ આ એજન્સી કરે છે. મહિલાએ રિપેરિંગ માટે માઈગ્રન્ટ વર્કર્સને બોલાવ્યા અને કામ પૂરું થઈ ગયું એટલે સન્નારીએ ‘આઈસ’ને ફોન કરી પોતાને ત્યાં બોલાવી મજૂરોને તેમના તાબામાં સોંપી દીધા હોવાનો આક્ષેપ છે.

સમારકામ માટે દસ હજાર ડૉલર (આશરે નવ લાખ વીસ હજાર રૂપિયા) ચૂકવવા ન પડે એટલે મેડમે ‘ગરજ સરી વૈદ વેરી’ જેવું કર્યું હોવાની ચર્ચા છે. જોકે, મહિલાએ આરોપોનો અસ્વીકાર કર્યો છે. સોશ્યલ મીડિયામાં મહિલા પર માછલાં ધોવાયા છે. અમેરિકન ઈમિગ્રેશન કાઉન્સિલના અધિકારીના કહેવા અનુસાર જો ઘર માલકણ સામેના આરોપો સત્ય સાબિત થશે તો એની સામે કાનૂની પગલાં લેવામાં આવશે.

## પાણીના ભાવે પેટ્રોલ, હોય નહીં!



આ વાત સોશ્યલ મીડિયાના ફોરવર્ડથી કે પછી ટાઢા પહોરનું ગપ્પું કે એવી કોઈ વાત નથી. globalpetrolprices.com નામની વેબસાઈટ પર આપેલી ખાતરીલાયક માહિતીના આધારે આ રજૂઆત કરી છે.

આજે વિશ્વના અનેક દેશ યુદ્ધજન્ય પરિસ્થિતિમાં પેટ્રોલના ભાવવધારાના સંકટ અને અછતથી પરેશાન છે ત્યારે ૭૩ લાખની વસતિ ધરાવતા ઉત્તર આફ્રિકાના લીબિયા નામના દેશમાં પાણીના ભાવે પેટ્રોલ મળી રહ્યું છે...

આ વાંચીને ચોંકી જશો કે આંખ ચોળવા મંડશો, પણ હકીકત એ છે કે વેબસાઈટ અનુસાર ૩૦ માર્ચ, ૨૦૨૬ના દિવસે પેટ્રોલનો ભાવ હતો પ્રતિ લિટર ૦.૧૫ લિબિયન દિનાર. એક લિબિયન દિનારનો વિનિમય દર છે ૧૪.૫૭ રૂપિયા. એ હિસાબે એક લિટર પેટ્રોલનો રૂપિયામાં ભાવ થયો ૨.૨૦ (ફક્ત બે રૂપિયા વીસ પૈસા) રૂપિયા.

‘હોય નહીં!’ એવી પ્રતિક્રિયા સાહજિક કહેવાય. વિશ્વમાં સૌથી સસ્તા દરનું મુખ્ય કારણ છે સરકાર તરફથી વિપુલ માત્રામાં મળતી સબસિડી - આર્થિક સહાય, જેને કારણે દેશના નાગરિકોને પેટ્રોલ - ડીઝલ વૈશ્વિક કિંમતની સરખામણીએ ખૂબ જ રાહતના ભાવે મળી શકે છે. બીજું મહત્ત્વનું કારણ એ છે કે લીબિયા પાસે ૪૮.૪ બિલિયન બેરલ્સ તેલનો અનામત જથ્થો છે. લીબિયાનું અર્થતંત્ર મુખ્યત્વે આ તેલના અનામત જથ્થા પર નિર્ભર છે. ભારતીયો પર લીબિયામાં જવા અંગે પ્રતિબંધ છે, પણ આપણે લીબિયાથી ખનિજ તેલની આયાત કરતા રહીએ છીએ.

બીજી તરફ યુકેમાં એક મહિલાની પેટ્રોલ માટે અજીબોગરીબ હરકત સોશ્યલ મીડિયામાં ચર્ચાસ્પદ બની છે. સંકટ સમયે લોકોમાં સંગ્રહખોરી વધી જાય એ આપણે જોયું છે. જોકે કોઈએ સપનામાં પણ નહીં વિચાર્યું હોય કે સામાન્ય માણસ કારની ટાંકી ફૂલ કરાવ્યા બાદ પોલીથીન બેગમાં પેટ્રોલ ભરીને લઈ જશે. મહિલાના આ કરતૂતની તીવ્ર ઝાટકણી કાઢવામાં આવી છે.

## ચોરલોકોની નવી તરકીબ



વાઘ આવ્યો વાઘ, પોલીસને બોલાવું? પકડી જશે, માં કહતી હૈ બેટે સો જા નહીં તો ગબ્બર આ જાયેગા... એક જમાનાની સામી વ્યક્તિને અને ખાસ તો બાળકોને ડરાવવાની ટેક્નિક હતી આ બધી. જમાનો બદલાયો છે એની સાથે ઘણું બધું બદલાયું છે અને એની સાથે ડરાવવાની શૈલી પણ બદલાઈ છે.

ઈટલીના પાટનગર રોમમાં સ્થાનિક બદમાશો - ધુતારાઓએ જેમને ત્યાં ખાતર પાડવું હોય એ લોકોને બીવડાવવા ખતરનાક પ્રાણીઓનો ઉપયોગ કરતા હોવાની ચોંકાવનારી જાણકારી બહાર આવી છે. પોલીસે એક એપાર્ટમેન્ટની તલાશી લેતા એક છૂપા ભોંયરામાં સંઘરી રાખેલા સરીસૃપ પ્રાણીઓ - રેપ્ટાઈલ્સ મળી આવ્યા હતા.

આ પ્રાણીઓમાં વિશાળકાય અજગર એનાકોન્ડા, બિનઝેરી બોઆ કોન્સ્ટ્રીકર તરીકે ઓળખાતા સાપ તેમજ મગરમચ્છનો સમાવેશ થતો હતો. આ સિવાય મોટા કદની એશિયન વોટર મોનિટર તરીકે ઓળખાતી ગરોળી અને બર્મીઝ અજગર પણ મળી આવ્યા હતા. આસપાસના વિસ્તારમાં ધાક જમાવવા અને ત્યારબાદ જનતાને ગભરાવી એમને લૂંટી લેવાની આશાથી આ અનોખું મિની રેપ્ટાઈલ સંગ્રહાલય ઊભું કરવામાં આવ્યું છે. આ પ્રાણીઓનો સંગ્રહખોર ગુનાઈત રેકોર્ડ ધરાવે છે અને પોલીસથી બચવા નાસતો ફરી રહ્યો છે.

## લ્યો કરો વાત

*તમે વોલેટ લીધા વિના નાઈટ સૂટમાં લટાર મારવા નીકળ્યા હો અને અચાનક કોઈ વસ્તુ લેવાની ઈચ્છા થાય તો પાસે પૈસા નથી એની જરાય ચિંતા ન કરવી પડે એ હદે આપણા દેશમાં ડિજિટલ સર્વિસનો ફેલાવો થયો છે.*

*નાનકડા ગામમાં પણ કેશલેસ પેમેન્ટ સરળતાથી થાય છે. ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રાએ સોશ્યલ મીડિયા પર રજૂ કરેલા વીડિયોમાં ડિજિટલ ક્રાંતિનું એક અલગ જ ઉદાહરણ જોવા મળ્યું છે. કેરળમાં નારિયેળીનો પાક ધરાવતી જૈફ વ્યક્તિએ ઊંચાઈ પરના નારિયેળ કેમ તોડવા એની ચિંતા નથી કરવી પડતી. ‘હેલો નારિયેલ’ નામની સર્વિસ પર તમારે ટેક્સી બુક કરતા હોય એમ કોકોનટ હાર્વેસ્ટર - નારિયેળ ઉતારી આપનારને બુક કરવાનો. બુકિંગ કર્યા પછી નિર્ધારિત સમયમાં એક યુનિફોર્મમાં સજ્જ પ્રશિક્ષિત વ્યક્તિ આવી જાય અને પોતાના ઉપકરણોની મદદથી ઝાડ પર સડસડાટ ચડી નારિયેળ ઉતારી આપે છે.* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પત્ની ગૃહ લક્ષ્મી કહેવાય તો પ્રેમિકા?**

* ઓપશ્નલ અર્થાત મરજિયાત (મહા) લક્ષ્મી...

**પરમાનંદની પત્નીને શું કહેવાય?**

* પ્રેમાનંદી...

**માનવ શરીરમાં સાત ચક્ર હોય છે તો નવું આઠમું ચક્ર કયું?**

* વિષચક્ર...

**બુલબુલના પતિને શું કહેવાય?**

* બિગબુલ...

**પત્ની એનર્જી કે એલર્જી?**

* સમજીને એનો ઉપયોગમાં લાવો તો સીનર્જી...

**ડોક્ટરનું ફેવરિટ આસન?**

* દવાસન અને ઈન્જેક્શન (એ કારગત ન નીવડે તો શવાસન તો છે જ ...)

**મણથી વધુ વજન કયા મણનું હોય?**

* ભલામણનું.

**ઘરવાળીને ઘરવ્હાલી કેમ ના કહેવાય ?**

* કહેવાય તો પછી બહારવાળીને શું કહેશો?

**ખાડો ખોદનાર ખાડામાં કેમ પડતો નથી?**

* કારણ કે એને બીજા ખાડા ખોદવાનો કોન્ટ્રાકટ હોય છે...

**લેપ અને લપમાં શું ફરક?**

* લેપ લગાવવો પડે... લપ લાગી જાય. લેપથી દર્દ ઘટે અને લપથી ઝંઝટ ...

**નેતાનાં વચન કેવા હોય?**

* પ્રેમીનાં વચનને ઝાંખાં પાડે એવાં...

**ભૂલી જવાનો ગેરફાયદો કોને થાય?**

* નેતાને... જ્યારે પ્રજા ભૂલી જાય.

કચ્છી ચોવક___કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ઈશ્વર સમયથી પહેલાં નથી આપતો ધીરજ ધરવી પડે

‘વાત વિજણી’ જેવો એક શબ્દ પ્રયોગ કચ્છીમાં થતો હોય છે. અહીં ‘વાત’નો અર્થ થાય છે ઝઘડો કરવો પણ મૂળ અર્થ થાય છે કોઈને બચકાં ભરવાં ! કોઈ કાર્યનો પ્રારંભ થતો હોય ત્યારે ઝઘડો થાય કે, કોઈને ‘તોડી પડાય’ ત્યારે પ્રયોજાતી એક ચોવક છે : **‘અચેતી રાત, ને વિજેતી વાત’** હવે આ આખી ચોવકનાં બંધારણને સમજીએ. ગુજરાતીમાં કહેવું હોય તો એમ કહેવાય કે, ‘રાત પડી નથી ને (તેણે) ઝઘડો શરૂ કર્યો નથી.’ હવે અહીં ‘તેણે’ની જગ્યાએ પત્ની શબ્દ મૂકીને આખી ચોવક ફરીથી વાંચો! કેન્દ્રમાં સ્ત્રીને રાખીને ચોવક બની: ‘અચેતી રાત, ને વિજેતી વાત.’ ‘અચેતી’ એટલે આવે છે અને ‘વિજેતી’ એટલે કરે છે, નાખે છે. પ્રેમ કરવો તો કોરાણે રહ્યો પણ રાત પડે અને મિલન થાય કે ઝઘડાની શરૂઆત થાય. હવે અહીં ‘રાત’ની જગ્યાએ કોઈ ‘મહત્ત્વની વાત’ કે ‘મહત્ત્વનું કામ’ એ શબ્દોનો પ્રયોગ પણ કરી શકાય. એમ કરતાં ‘પત્ની’ ચોવકમાંથી નીકળી જાય અને અન્ય કોઈ વ્યક્તિ તેનું સ્થાન લઈ લે!

હવે, આવા કજિયા કે કટુવેણનું પરિણામ તો સારું ન જ આવે, એટલે એવી ચોવક બની કે, ‘કજિયેમેં લડું નવે’ મતલબ કે, કજિયામાં કે ઝઘડામાં કે કટુવેણમાં મિઠાસ તો ન જ હોયને? ‘લડું’ મિઠાસની જગ્યાએ મુકાયેલો શબ્દ છે, ગુજરાતીમાં આપણે ‘લાડું’ કહીએ છીએ. અહીં સંબંધોમાંથી મિઠાસની વિદાય અને કંકાસના પ્રવેશની વાત બેખૂબીથી વણાઈ ગઈ છે!

આવા કજિયા - કંકાસ અટકે કઈ રીતે? બેમાંથી એક જણે તો નમતું જોખવું જ પડેને? વાતનો નિવેડો તો લાવવો જ પડેને? એવો નિવેડો લાવવાની વાતને વણી લેતી એક ચોવક પણ પ્રચલિત છે: ‘કાં રબ ડે ને કાં રજા ડે’ સમાધાનનો માર્ગ છે. અર્થ થાય છે: કાં તો રાબ (મિઠાસ) આપ અને કાં તો મને રજા આપ. રજા આપ એ છૂટા પડવાની વાત નથી પરંતુ ‘તારી કડવી જબાન હવે બંધ કર’ એ અર્થમાં છે.

ઘણીવાર એવું બને છે કે, આવા ઝઘડા તરત શમી પણ જતા હોય છે. તેને, દૂધને ગરમ કરતાં જે ઉફાણા આવે તેની સાથે સરખાવવામાં આવે છે. એ અર્થમાં ચોવક પણ છે કે, ‘ખીર વારા ઉફાંણ, સે કિતરી વાર?’ ખીર એટલે દૂધ, ‘ઉફાંણ’નો અર્થ થાય છે ઉફાણું અને ‘કિતરી વાર’ એટલે કેટલી વાર કે કેટલો સમય! દૂધમાં આવેલું ઉફાંણ કેટલીવાર ટકે? બસ એટલી વાર જ ઝઘડો ચાલ્યો.

સમયથી પહેલાં ઈશ્વર પણ કંઈ આપતો નથી, પરંતુ માણસ કલ્પના કરીને સમયથી પહેલાં જ મેળવી લેવા હવાતિયાં મારે છે, અથવા તો ‘મળી ગયાની’ કલ્પના કરીને તેનો આનંદ લે છે. ચોવક છે: ‘કપા કાલે મેં નેં ચોફાર જો જગડો’ આવું ઘણી જગ્યાએ જોવા મળતું હોય છે. અહીં ઉદાહરણ ‘કાલાં’ અને ‘કપાસ’નું આપવામાં આવ્યું છે. કપાસ ઉગે પણ એ કાલામાં ભરાયેલો હોય! ઉગતા કપાસને જોઈને કલ્પનાના ઘોડા દોડવા લાગે કે મબલખ ઊતરશે તો આમ કરશું... તેમ કરશું! અહીં ‘ચોફાળ’ શબ્દનો ઉપયોગ થયો છે. તેનો અર્થ થાય છે ‘ચોફાળ’... જે કપાસમાંથી જ બનતો હોય છે. તો આખી ચોવકનો અર્થ એ રીતે પણ થઈ શકે કે, કપાસ ઊગશે ઊતરશે, કાલાં ફોલાશે પછી... ઘરના સભ્યો વચ્ચે એવો ઝઘડો થાય કે, એ કપાસમાંથી મારો ચોફળ બનાવડાવીશ!

ચોવકોમાં ઊંડાણ હોય છે અને જેટલા ધારો એટલા અર્થ કાઢી શકાય છે. ઉદાહરણ આપું છું: ‘અધમેં હારી, ને અધમેં આકાય’ ‘અધમેં’ એટલે ‘અડધામાં’, ‘હારી’ એટલે કામ પર રાખેલો નોકર કે મજૂર. ‘આકાય’ એટલે પરિવાર હવે એ મજૂર કે નોકરનો ખોરાક એટલો હોય છે કે, એ એકલો જ અડધા પરિવાર જેટલું ખાઈ જાય છે! પણ આ ચોવકના વ્યાપક અર્થ અને પ્રયોગ થઈ શકે છે, અને થાય છે. ■

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# આત્મવિશ્વાસ પાંખ છે તો સપનું છે અનંત આકાશ!

‘ઊંચી રહે ઉડાન, સફર રહે આસાન’ આ સરળ વાક્ય નથી, માત્ર પ્રેરણા નથી, પરંતુ જીવનનો એક સોનેરી સિદ્ધાંત છે - જીવનની ફિલોસોફી છે. માણસને સામાન્યમાંથી અસામાન્ય બનવાની દિશામાં ધપાવવા માટેનો ફોર્સ છે. આ વાક્ય આપણને સમજાવે છે કે, જેનું સ્વપ્ન ઊંચું હોય છે, એની સફર ભલે લાંબી હોય, પરંતુ આસાન બની જ જાય છે, કારણ કે ઉડાનની ઊંચાઈ જ આપણી દિશાનું બળ બને છે.


જીવનમાં દરેકને ઉડાન ભરવાની તક મળે છે. કોઈકને નાની, કોઈકને મોટી. પરંતુ જે લોકો પોતાની જાતને તૈયાર રાખે છે, જે લોકો સતત પરિશ્રમ કરે છે અને જે લોકો પોતાના સપનાંની પાંખ ફેલાવતાં રહે છે, તેમને સફળતા મળે છે.

* ઉડાન માત્ર સપનું નથી, એ તો સંકલ્પ છે.

‘ઉડાન ઊંચી રાખો’ એનો અર્થ માત્ર મોટાં સપનાં જોવાં નહીં, પરંતુ તમારા જીવન માટે એવી દૃષ્ટિ વિકસાવો જે તમને રોજ પ્રેરણા આપે. મોટાં સપનાં જોવાં સરળ છે, પણ સાકાર કરવા માટે મક્કમતા, દૃઢ મનોબળ અને સતત મહેનત કરવી જોઈએ.

ઊંચી ઉડાન માટે પ્રથમ શરત છે: ‘આત્મવિશ્વાસ.’ આત્મવિશ્વાસ જીવનનો પ્રાણ છે. વિશ્વાસ જ ના હોય તો સપનાં ક્યાંથી સાકાર થાય? જે વ્યક્તિને પોતાનામાં વિશ્વાસ નથી તે બીજાને કેવી રીતે સાબિતી આપી શકે ? આત્મવિશ્વાસનો અર્થ અહંકાર નથી. આત્મવિશ્વાસનો અર્થ - ‘હું કરી શકું છું.’! બીજા શબ્દોમાં કહેવું હોય તો, ‘આત્મવિશ્વાસ એ પાંખ છે અને સપનું એ આકાશ.’ બેમાંથી કોઈ એક નબળું પડે તો ઉડાન ઊંચી જઈ શકે નહીં.

ઊંચી ઉડાન એટલે મૂલ્યોની ઊંચાઈ. માત્ર સફળતા મેળવવી એ ઉડાન નથી. સફળતા સાથે સંસ્કાર અને મૂલ્યો જળવાય




એ જ સાચી ઊંચાઈ છે.

માનવતાના મૂલ્યો, સત્યનો માર્ગ, ઈમાનદારી, પરિશ્રમ, સૌજન્ય આ બધા માનવીય મૂલ્યો જાળવણી એ જ સાચી ઊંચાઈ, ખરી ઉડાન !

દરેક ઊંચી ઉડાનની પાછળ પડકારો હોય છે. આ પડકારો જ ઉડાનને મજબૂત બનાવે છે. આકાશ તરફ જોતી ચકલીને પલટતી હવાઓ સામનો કરવો પડે છે. જીવન પણ એવું જ છે. ઊંચી ઉડાનનું લક્ષ્ય રાખવામાં ક્યારેક મુશ્કેલીઓ, નિષ્ફળતાઓ અને અવરોધો પણ આવી શકે છે, પરંતુ જે વ્યક્તિ પોતાના સંકલ્પ પર અડગ રહે છે, તેના માટે અવરોધો પણ પગથિયાં બની જાય છે. કેટલાક લોકો પડકારોને કારણ બનાવીને અટકી જાય છે, જ્યારે ઊંચી ઉડાન રાખનાર લોકો તો પડકારને પણ પ્રેરણા બનાવીને આગળ વધે છે.

ઊંચી ઉડાન માટે માર્ગ નિયત કરો. ઘણા લોકો ઊંચાં સપનાં તો રાખે છે, પણ એની સફર ક્યાંથી શરૂ કરવી એ નક્કી નથી કરતા. માર્ગ સ્પષ્ટ ન હોય તો સફર આસાન નથી રહેતી. ઉડાન જ મોટી હોય તો માર્ગ પણ પ્રગતિશીલ રાખવો પડે.

ઊંચી ઉડાન માટે સંગત પણ ઊંચી જોઈએ. આપણે જેમની સાથે સમય વ્યતિત કરીએ છીએ, તેમનો પ્રભાવ આપણાં વિચારો અને લક્ષ્ય પર પડે છે. ઊંચી ઉડાન માટે ઊંચા વિચારો ધરાવતા લોકોની સંગત જરૂરી છે. નકારાત્મક સંગત ઉડાનની પાંખ કાપી નાખે છે. ધનાત્મક સંગત ઉડાનમાં ખાસ બળ આપે છે, પ્રાણ પૂરે છે.

ઉડાન ઊંચી રાખવી હોય તો શરીર અને મન બંને તંદુરસ્ત હોવાં જરૂરી છે. યોગ, પ્રાણાયામ, નિયમિત ચાલવું, હળવો વ્યાયામ, સકારાત્મક વિચારો, આધ્યાત્મિકતા જીવન, ધીરજ - આ બધું મળીને આપણાં મનને એવું બળ આપે છે કે, કેટલીય મુશ્કેલી હોય તો પણ મન નબળું નથી પડતું.

સફર આસાન ત્યારે જ બને જ્યારે ઉત્સાહ જીવંત રહે. આ સફર આસાન બનાવવા માટે ઉત્સાહ અને આનંદ ખૂબ જરૂરી છે. જે સફરમાં આનંદ છે, ઉત્સાહ છે, મનનો રંગ છે.

અંતમાં ઊંચી ઉડાન જ યોગ્ય દિશા આપે છે.

આજે આપણા જીવનમાં વ્યક્તિગત, વ્યાવસાયિક, સામાજિક જેવાં અનેક પ્રકારનાં લક્ષ્ય હોય છે, પરંતુ જુદી જુદી જિંદગીઓમાં એક વાત સામાન્ય છે - જે વ્યક્તિ પોતાની ઉડાન ઊંચી રાખે છે એની સફર આસાન થઈ જ જાય છે. જેમની સૌથી ઊંચી ઉડાન એ બને સૌથી આસાન ઉડાન. ■

સિક્કાની ત્રીજી બાજુ
__જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# ઈરાનને યુદ્ધ સમયે કેમ યાદ આવ્યો સાયરસ- ધ ગ્રેટ?

**ઈરાનમાં સાયરસ નામના પર્શિયન સમ્રાટ થઈ ગયા. આ સમ્રાટે ઈરાક, તુર્કીયે સહિત અનેક પ્રદેશો જીતી વિશાળ સામ્રાજ્ય ઊભું કર્યું હતું. અમેરિકાના સ્થાપક પિતા થોમસ જેફરસન, ઈઝરાયલના પ્રથમ વડા પ્રધાન ડેવિડ બેન ગુરિયોન અને ઈરાનના રાજા પહલવી વગેરે અનેક લોકો તેમનાથી પ્રભાવિત હતા. કોણ હતા એ સાયરસ ધ ગ્રેટ?**

અમેરિકા-ઈરાન વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને પાષાણ યુગમાં ધકેલી દેવા ધમકી આપી છે. આવામાં ઈરાનના સત્તાધીશો અને ઈરાન સમર્થકોએ અમેરિકાને બરાબરનું રોકડું પરખાવ્યું કે 'અમારી સભ્યતા જ્યારે ધમધમતી હતી ત્યારે તમે જ પાષાણ યુગમાં હતા, ગુફામાં રહેતા હતા. અમારા સાયરસ ધ ગ્રેટે વિશાળ અકાએમેનિડ સામ્રાજ્ય સ્થાપ્યું હતું...'

આ જ રીતે ભારતનું 'ગ્રાન સાન્વી' જહાજ એલપીજી લઈને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થઈ આગળ વધી રહ્યું હતું ત્યારે ગુજરાતના ઉપ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ 'ઍક્સ' પર લખ્યું, 'ભારતનો કૂટનીતિક વિજય'. આના ઉત્તરમાં મુંબઈના ઈરાનના વાણિજ્યિક દૂતાવાસે લખ્યું કે આપણા (ઈરાન અને ભારતના) સંયુક્ત ઇતિહાસમાં ભારત અને વિશેષતઃ ગુજરાત અગત્યનું સ્થાન ધરાવે છે.'

આમ યુદ્ધ સમયે ઈરાનને પોતાનો પારસી ભૂતકાળ યાદ આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈરાન ઇસ્લામિક દેશ છે અને આરબોએ તેના પર આક્રમણ કર્યું તેના લીધે જ પારસીઓને ત્યાંથી ભાગી જવું પડ્યું હતું, પરંતુ પારસી સાયરસ રાજા કેવા હતા જેમના માટે ઈરાન અત્યારે ગર્વ લે છે?

આવો, જાણીએ...

'જો જિતા વો હી સિકંદર'નું સૂત્ર કહેવાય છે, પરંતુ અનેક ઇતિહાસકારો માને છે કે સિકંદર અને નેપોલિયન બોનાપાર્ટ કરતાંય સાયરસ ધ ગ્રેટ વિજેતા રાજા હતા અને તેમની નીતિઓ પણ ઉત્તમ હતી. ઈરાન પર આરબોના આક્રમણથી ત્રસ્ત થઈને પારસીઓ ગુજરાત આવ્યા અને દૂધમાં સાકરની જેમ ભળી ગયા. ક્યારેય તેમણે અન્ય પંથીઓની જેમ રેલી નથી કાઢી, સૂત્રોચ્ચાર નથી કર્યા, કોઈ માગણીઓને લઈને પ્રદર્શન નથી કર્યા. બસ, ચૂપચાપ ભારતની પ્રગતિમાં યોગદાન કરે રાખ્યું. એટલે પારસીઓના આગમનથી લઈને અત્યાર સુધીનો ઇતિહાસ જોઈને કોઈને માનવામાં પણ આવે કે પારસી રાજા મહાન યૌદ્ધા અને ઉત્તમ શાસક પણ હોઈ શકે?! એટલું જ નહીં, એ સિકંદર અને નેપોલિયન કરતાંય મહાન હોઈ શકે...



સાયરસ મહાનનો જન્મ ઈ. સ. પૂર્વે ૬૦૦ આસપાસ થયો હતો. ગ્રીક ઇતિહાસકાર સ્ટ્રેબો મુજબ, તેમનું મૂળ નામ આગ્રાડેટ્સ (અગ્રદૂત?) હતું. તે પ્રથમ પર્શિયન સામ્રાજ્યના સ્થાપક હતા. આ સામ્રાજ્યને અકામિનીડ (Achaemenid) સામ્રાજ્ય પણ કહે છે.

તે અકામિનીડ રાજવી પરિવારમાં પરણ્યા હતા. ઈ. સ. પૂર્વે ૫૫૯માં સત્તામાં આવ્યાનાં પાંચ વર્ષ પછી સાયરસે વિજય અભિયાન શરૂ કર્યું. શરૂઆત પર્શિયાના મેડિયન સામ્રાજ્યને જીતવાથી કરી. બાદમાં લિડિયા, બેબિલોન, મધ્ય એશિયા અને દક્ષિણ એશિયામાં તેમણે યુદ્ધો જીતી પોતાનું સામ્રાજ્ય વિસ્તાર્યું. આમાંથી મેડિયન અને લિડિયા તો સામે ચાલીને યુદ્ધ કરવા આવ્યાં હતાં. સાયરસે લિડિયાની પ્રજાને તેના શાસકો સામે બળવો કરવા કહ્યું હતું, પરંતુ તેમ ન થતાં સાયરસે તેને પાઠ ભણાવ્યો.

ખ્રિસ્તી અને મુસ્લિમ આક્રમણકારીઓ કરતાં સાયરસ અલગ હતા. હિન્દુ રાજાઓની જેમ જ એ નીતિથી યુદ્ધ કરતા. માત્ર સામેના રાજા અને તેની સેના સામે જ લડતા. દુશ્મન પ્રજાને કોઈ નુકસાન ન પહોંચાડતા. એટલું જ નહીં, પ્રજાને તેનો પંથ, તેના રીતરિવાજ અનુસરવા દેતા.



તેમણે મેડિયન સામ્રાજ્યના સમ્રાટ અસ્ત્યાગેસને એક રાજાની જેમ નિવૃત્ત થવા દીધા હતા. મેડિયન લોકોને પોતાના દરબાર અને સેનામાં ઊંચાં પદો આપ્યાં હતાં. લિડિયા જીતી લીધા પછી તેમણે લિડિયાના લોકોને સ્થાનિક સંસ્કૃતિ, પંથ અને વિધિ (કાયદા) પાળવા દીધા હતા, જેના કારણે લિડિયાની પ્રજાનો પ્રેમ અને નિષ્ઠા તેમણે જીતી હતી.

ઇઝરાયલ પર બેબિલોનના ક્રૂર શાસક નેબુચડનેઝર દ્વિતીયએ આક્રમણ કરી તેને જીતી લીધું હતું. તેણે જેરુસલેમ અને રાજા સોલોમનનું મંદિર તોડી પાડ્યાં હતાં એટલે યહૂદીઓને ત્યાંથી બેબિલોન ભાગીને જવું પડ્યું હતું.

મહાન સાયરસે બેબિલોન તો લડાઈ વગર જીત્યું હતું ! અને જીત્યા પછી ત્યાં રહેલા યહૂદીઓને મુક્ત કર્યા અને તેમના પવિત્ર જેરુસલેમ શહેર જવા દીધા.

આમ આજના સંદર્ભમાં કહીએ તો ઈરાન અને ઇઝરાયલ ભાઈ-ભાઈ હતા, જ્યારે બેબિલોન (ઈરાક) બંનેનું શત્રુ હતું.

યહૂદીઓના પવિત્ર ગ્રંથ 'ઑલ્ડ ટેસ્ટામેન્ટ'માં ઉલ્લેખ છે કે ભગવાને સાયરસને અલગ-અલગ દેશો જીતવા અને તેના રાજાઓના બખ્તર ઉતારી લેવા મોકલ્યા હતા.

બ્રિટિશ ઇતિહાસકાર ચાર્લ્સ ફ્રીમેને લખ્યું છે કે સામ્રાજ્યના વ્યાપ અને તેની સિદ્ધિઓની રીતે સાયરસ ધ ગ્રેટ એ એલેક્ઝાન્ડર (સિકંદર) કરતાં અનેક ગણા ઊંચા હતા...' અમેરિકાના સ્થાપક પિતા ગણાતા થોમસ જેફરસન (ખ્રિસ્તી), ઈરાનના છેલ્લા રાજા મોહમ્મદ રઝા પહેલવી (મુસ્લિમ) અને ઇઝરાયલના સ્થાપક પિતા તેમજ પ્રથમ વડા પ્રધાન ડેવિડ બેન ગુરિયોન (યહૂદી) સહિત અનેક લોકો માટે અંગત નાયક હતા. એટલે કે ખ્રિસ્તી, મુસ્લિમ અને યહૂદી બધા માટે તે હીરો હતા.

ભારત અને આખા વિશ્વ માટે સિકંદર ભલે મહાન છે, પણ સિકંદર માટે તો સાયરસ મહાન હતા. સિકંદરે સાયરસના જીવનચરિત્ર પરનું પુસ્તક 'સાયરોપીડિયા' વાંચ્યું હતું (મહાન શાસકો સારા વાચક અને ઇતિહાસના અભ્યાસુ હોય છે) અને તે સાયરસથી પ્રભાવિત હતા. સાયરસની પ્રશંસા સિકંદર માત્ર યૌદ્ધા તરીકે જ નહીં, તેમના વહીવટ અને રાજા તેમજ કાયદા ઘડનાર તરીકે પણ કરતા હતા. રોમન જુલિયસ સીઝરે પણ સાયરસનો અભ્યાસ કર્યો હતો.

સાયરસે જીતેલા પ્રદેશો પર જો પોતાના પંથને થોપ્યો હોત તો ઈરાન ઉપરાંત તૂર્કીયે, ઈરાક, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન પણ પારસી હોત, પરંતુ તેમણે તેમ ન કર્યું. એ રીતે તે સાચા અર્થમાં સેક્યુલર રાજા હતા, જેમને હારેલી પ્રજા પણ પસંદ કરતી હતી. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# આર્ટ ઓફ વોરઃ ઈરાન યુદ્ધ હોય કે પછી કોર્પોરેટ જગત...

કલ્પના કરો કે એક નાનકડું પુસ્તક, માત્ર તેર પ્રકરણનું. અઢી હજાર વર્ષ પહેલાં ચીનના સન ત્ઝૂ નામના જનરલે લખ્યું. આજે ઈરાન વિરુદ્ધ અમેરિકા-ઇઝરાયલનું યુદ્ધ વિશ્વને હચમચાવી રહ્યું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બ્લોક, તેલના ભાવ આકાશે, મિસાઇલો અને ડ્રોનના હુમલા, નેતૃત્વની હત્યા અને વૈશ્વિક અર્થતંત્રની અસ્થિરતા આ બધું એક જ પુસ્તકમાંથી નીકળતું લાગે.

સન ત્ઝૂનું ધ આર્ટ ઓફ વોર. પુસ્તકના પ્રથમ પ્રકરણમાં જ જંગમાં કેવું આયોજન હોવું જોઈએ એ વાતે સન ત્ઝુ કહે છે કે યુદ્ધ જીતવા માટે પાંચ મુખ્ય તત્ત્વનું વિશ્લેષણ કરવું જરૂરી છે :

મોરલ લો, હેવન, અર્થ, કમાન્ડર અને મેથડ એન્ડ ડિસિપ્લિન...

ઈરાન માટે આ પાંચમાંથી ત્રણ તત્ત્વ અત્યંત મજબૂત છે. એક તો મોરલ લો, નેતૃત્વની હત્યા બાદ પણ રાષ્ટ્રીય ગર્વ અને વિદેશી આક્રમણની લાગણીએ લોકોને એક કર્યા છે. સન ત્ઝૂ કહે છે કે જો લોકો પોતાના નેતાને અનુસરે છે તો પ્રજા અસંખ્ય યુદ્ધોમાં લડી શકે છે.

બીજું: અર્થ એટલે કે તમારી ધરતી. વિશાળ ભૂપ્રદેશ, પહાડો અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એ ઈરાનનું મોટું હથિયાર છે. તેને વાપરીને વિશ્વભરને કાબૂમાં રાખી શકે છે. ત્રીજું પરિબળ છેઃ સમય, જે તેની તરફેણમાં છે. વરસાદી ઋતુ, તેલના ભાવ અને વૈશ્વિક અર્થતંત્રની અસ્થિરતા તેને લાંબા યુદ્ધ માટે અનુકૂળતાઓ કરી આપી છે.

આ બધા વચ્ચે કમાન્ડર અને ડિસિપ્લિનમાં ઈરાનને હજુ સુધારો કરવો પડશે, પરંતુ સન ત્ઝૂ કહે છે કે જો ત્રણ તત્ત્વ મજબૂત હોય તો બાકીના બેને સમય સાથે મજબૂત કરી શકાય.



પુસ્તકનાં પહેલા જ પ્રકરણમાં શાનદાર વાત કરી છે કે જો તમે આક્રમક છો તો લડાઈને જેમ બને તેમ ઝડપભેર જીતવાનો પ્રયાસ કરો અને તમે સંરક્ષક છો તો સામાને થકવી નાખે એટલી લડાઈને લંબાવો.

ઇઝરાયલ અને અમેરિકા સામે ઇરાન યુદ્ધ ખેંચી રહ્યું છે. યુદ્ધ લંબાવો તો પણ હરીફ આપોઆપ ભાગી-ડગમગી જશે - નબળો પડશે. બીજી તરફ, પાકિસ્તાન જંગ વખતે ઇન્દિરા ગાંધી અને માણેક શોની સ્ટ્રેટેજી હતી, શક્ય એટલી ઝડપે લડાઇ પૂરી કરવી...

કોર્પોરેટ જગતમાં હોય કે યુદ્ધ, આર્ટ ઓફ વોર શીખવે છે કે ઝડપી માર્કેટ કબ્જે કરવું, ધીમે ધીમે તાકાત વધારવા જશો તો દશ હરીફો પેદા થશે. સુન ત્ઝુ કહે છેઃ 'દુશ્મનના દેશને અખંડિત કબજે કરવું શ્રેષ્ઠ છે; તેને તોડી નાખવું નહીં.' અને હા, લડાઈ વગર દુશ્મનને ભ્રમમાં નાખીને જીતતા શીખવું એ સૌથી મોટી કળા છે.

હરીફના સપ્લાય જેવા માર્કેટ પર કબ્જો જમાવવો. સરવાળે જીતને તમારું મુખ્ય લક્ષ્ય બનાવો, લાંબા થકવી નાખે તેવા અભિયાનને નહીં ઈરાન આનો અક્ષરશઃ અમલ કરી રહ્યું છે. તે ઝડપી જીતની રાહ નથી જોઈ રહ્યું. તે મિસાઇલ, ડ્રોન અને પ્રોક્સી ફોર્સ દ્વારા અચાનક હુમલા કરીને અમેરિકા-ઇઝરાયલને આર્થિક રીતે થકવી રહ્યું છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝને અસર કરીને તે વૈશ્વિક અર્થતંત્રને લડાઈ વિના નુકસાન પહોંચાડી રહ્યું છે.

જગતમાં તમારી તાકાત તમારા હરીફ કરતાં દસ ગણી હોય તો માર્કેટનો મોટો હિસ્સો ખૂંચવી લો, પાંચ ગણી હોય તો જબરજસ્ત હરીફાઈ આપો, પરંતુ જો સમાન હો તો લડાઈ આપો અને તમે હરીફ કરતા નબળા હો તો લડવા જશો તો જે છે એ પણ ગુમાવશો

આથી સન ત્ઝૂ કહે છેઃ પાણીની જેમ બનો, જે પરિસ્થિતિ અનુસાર માર્ગ બદલતા રહેવું. અર્થાત તમે લડત હારવાના હોય તો ફટાફટ માર્ગ બદલી નાખો જગતના બધા યુદ્ધ છેતરપિંડી પર આધારિત છે અને દુશ્મનને ભ્રમમાં રાખવા જોઈએ : જેમ કે તમે નબળા હો ત્યારે મજબૂત દેખાવો અને મજબૂત હો ત્યારે નબળા...

સન ત્ઝૂ નવ પ્રકારની વિષમ પરિસ્થિતિનું વર્ણન કરે છે અને અંતે લખે છે, જ્યાં તમે ફસાયેલા છો એ દુનિયામાંથી બહાર નીકળવાની લડાઈ અને અંતિમ લડાઈ એટલે જ્યાં અસ્તિત્વ માટેનો જંગ છે... ઈરાન હોય કે યુક્રેન.. એ બન્ને અસ્તિત્વ માટે લડી રહ્યા છે. જીવનમરણ આખી વાતનો બોધપાઠ એટલો જ છેઃ પરિસ્થિતિને જાણ્યા પછી તમારી વ્યૂહરચના બનાવો; દરેક માર્કેટ અને યુદ્ધ માટે અલગ રણનીતિ અપનાવો.

એકબીજાને પાડી નાખવા પડોશી દુકાનદારથી માંડીને દેશો વચ્ચે લડાઈ ચાલતી હોય છે અને બરબાદ થઇ જતા કેટલાય વેપારીઓને જોયા છે. આપણી નજર સામે પાકિસ્તાનને બરબાદ થતા જોયું છે. રશિયા જેવો દેશ એક નાનકડા યુક્રેન સામે લડતા થાકી ગયો છે. અમેરિકા વિયેતનામ અને અફઘાનિસ્તાનમાં હાંફી ગયું હતું.

સન ત્ઝુનું આર્ટ ઓફ વોર કહે છે કે વિજય મેળવવા જબરદસ્ત લડાઈ કરો અથવા માર્કેટમાં ટકવા સંઘર્ષ કરજો. એ હરીફાઈના અંતે ટકી રહેવાની તાકાત રાખજો, નહીંતર એ આગ તમને જ ભરખી જશે બીજા વિશ્વયુદ્ધ પછી જર્મની અને જાપાન ખતમ થઇ ગયા હતા.

અંતિમ અધ્યાયમાં આ ચીની લેખક એક જ વાત પર મહત્ત્વ આપે છે કે માહિતીની શક્તિ પર ધ્યાન આપો. આ સ્રોત થકી માહિતીનો ઉપયોગ અને વિશ્લેષણ કરીને ઉપયોગ કરતા શીખો. માહિતી એકઠી કરવાથી કલ્યાણ નહીં થાય પણ આ ખર્ચાળ વિષય માટે ઇન્વેસ્ટમેન્ટ કરો ઈરાને એક જ કામ કર્યું. અમેરિકાને માહિતી આપતા અબજો ડૉલરના સાધનોને બરબાદ કરી નાખ્યા. ક્રૂર દુનિયામાં ટકી રહેવું હોય તો નાગરિકોને તૈયાર કરો, ઇરાન અને ઇઝરાયલ વર્ષોથી તૈયાર કરે છે.

ફાઈનલી, શ્રેષ્ઠ જીત એ છે જે લડ્યા વિના મળે. અમેરિકા પાસે તક હતી પણ આવડ્યું નહીં. જ્યાં દુશ્મન મજબૂત હોય ત્યાં બચો, જ્યાં નબળો હોય ત્યાં પ્રહાર કરો. ઈરાને અમેરિકાના અનેક મહત્ત્વના વ્યૂહાત્મક થાણા, પેટ્રોલિયમ મથકો અને ઓફિસોને ટાર્ગેટ કર્યા.

વાત લડાઈની છે, પણ આપણે એમાંથી બોધપાઠ શીખવાનો છે. આપણી આસપાસ દુશ્મનોની ખોટ નથી પણ કેવી રીતે લડવું એ ઈરાન જેવા દેશ પાસેથી શીખવું જોઈએ અને એ પણ ઇઝરાયલ કે અમેરિકા પાસેથી હાઈ ટેક હથિયારો ખરીદીને. સન ત્ઝૂનું આર્ટ ઓફ વોર આપણને વિચારવા મજબૂર કરે છે કે આજના વિશ્વમાં શક્તિ કરતાં બુદ્ધિ વધુ મહત્ત્વની છે. ઈરાન આર્ટ ઓફ વોરને અનુસરીને દુનિયાને બતાવી રહ્યું છે કે નાનો પક્ષ પણ મોટા પક્ષને થકવી શકે છે. આ યુદ્ધ કોણ જીતશે એ નક્કી કરવાનું હજુ બાકી છે, પરંતુ એક વાત નક્કી છે કે જે પક્ષ સન ત્ઝૂને વધુ સારી રીતે સમજશે તે જ વાસ્તવમાં જીતશે. ■

**ધ એન્ડઃ**

***સન ત્ઝૂના શબ્દોમાંઃ જીત એ યુદ્ધમાં નથી, જીત એ મનમાં હોય છે.***

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# જામનગરનો ભૂજિયો કોઠોઃ નવા રંગ રૂપ સાથે તૈયાર...

જામનગર (નવાનગર)માં આમ તો અસંખ્ય પ્રાચીન સ્થળો આવેલા છે. એટલે જ જામનગર છોટા કાશી તરીકે ઓળખાય છે. જામનગરમાં આમ તો અનેક જોવાલાયક સ્થળો આવેલાં છે. અહીં રાજાશાહી વખતની અનેક ઇમારતો અને મહેલો આજે પણ અડીખમ ઊભી છે. આ ઐતિહાસિક સ્મારકને કારણે જામનગરની સુંદરતમાં ચાર ચાંદ લાગી રહ્યાં છે. જો કે આ બધા સ્મારકમાં સૌથી ખાસ છે ભૂજિયો કોઠો. (Bhujiyo Kotho) અંદાજે ૧૭૪ વર્ષ પહેલા બનેલા આ ઐતિહાસિક સ્થળનું કામ પૂર્ણ થઈને ૧૯ મી માર્ચ ૨૦૨૬ નાં પબ્લિક માટે ખુલ્લો મુકાયેલ છે, પરંતુ ભૂજિયો કોઠોની ઇમારત પોતાના ઘેરાવ અને ઊંચાઇને કારણે ખૂબ જ લોકપ્રિય છે. ભૂજિયો કોઠા રાજ્યનું સૌથી ઊંચું રક્ષિત સ્મારક છે જેની ઉંચાઈ ૨૦૦ ફૂટ છે.

વર્ષ ૨૦૦૧માં ૨૬મી જાન્યુઆરીએ આવેલા ભયાનક ભૂકંપના આંચકાને કારણે ભૂજિયો કોઠાની ઇમારતને ઘણું નુકસાન પહોંચ્યું હતું. ત્યારબાદ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી યોજના અંતર્ગત આ ઇમારતનું રેસ્ટોરેશન, રિહેબિલિટેશનનું કામ પૂર્ણ થતા. જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ સમગ્ર પ્રોજેક્ટ પાછળ અંદાજે ૨૩.૭૫ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ મનાય છે. જામનગરના હેરિટેજ વારસાને સંરક્ષિત કરવા માટે આ કામગીરીના ફેઝ-૨માં ખંભાળીયા ગેટ, ભૂજિયો કોઠો અને રણમલ તળાવ વચ્ચેના લાખોટા મ્યુઝિયમને હેરિટેજ ચેઇન દ્વારા જોડવામાં આવી રહ્યા છે.



વાત કરવામાં આવે ભૂજિયો કોઠાની તો અહીં પાંચ માળનું બાંધકામ છે અને છઠ્ઠો માળ વોચ ટાવર છે. જ્યાંથી ચારેય બાજુ વોચ રાખવામાં આવતી હતી. વર્ષો પહેલા અહીં રાજાઓ દ્વારા શસ્ત્રો રાખવામાં આવતા હતા. વર્ષ ૧૮૯૦, ૧૮૯૫ અને ૧૯૦૨માં જામનગરમાં કાળમુખા દુષ્કાળ પડ્યા હતા. એ વખતના રાજાઓ દ્વારા દુષ્કાળમાં પ્રજાને રોજીરોટી મળી રહે તે હેતુથી શહેરમાં અનેક બાંધકામ કરાવવામાં આવ્યા હતા. જેમાં ભૂજિયો કોઠોનો પણ સમાવેશ થાય છે. ભૂજિયો કોઠોના બાંધકામમાં અંદાજે ૧૩ વર્ષ લાગી ગયા હતા. જામનગરની ઐતિહાસિક ઈમારત પ્રવાસીઓ માટે ખુલ્લી મૂકાતા પ્રવાસીઓમાં ખુશીનો માહોલ છે.

કહેવાય છે કે આ સ્મારકની ટોચ પર ઊભા રહીને જોતા કચ્છનું ભુજ શહેર દેખાતું હતું. આથી જ આ ઇમારતનું નામ ભૂજિયો કોઠો રાખવામાં આવ્યું છે. જામનગરનો ૧૭૪ વર્ષ જૂનો ઐતિહાસિક ભૂજિયો કોઠો હવે તેની ભવ્યતા સાથે નવા રંગરૂપમાં તૈયાર થઈ ગયો છે, અને તા.૧૯મી માર્ચ ૨૦૨૬નાં પ્રવાસીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. લાંબા સમયથી ચાલતી રિસ્ટોરેશન કામગીરી પૂર્ણ થતાં શહેરને એક મહત્ત્વપૂર્ણ હેરિટેજ ભેટ મળી છે. તસવીરમાં ધરતીકંપ પહેલા, ધરતીકંપ પછી અને અત્યારે બનેલ ભજિયો કોઠો જુઓ. ■

શરદ જોશી સ્પીકિંગ ___સંજય છેલ
feedback@bombaysamachar.com

# પ્રજાતંત્રની સમસ્યાઓઃ પર્દે મેં રહને દો, પર્દા ના ઉઠાઓ...

જ્યારથી ભારતનાં વડા પ્રધાને નક્કી કર્યું કે તે વિદેશ પ્રવાસોની વચ્ચે વચ્ચે દેશનાં પછાત ગરીબ વિસ્તારોની મુલાકાત લેશે, ત્યારથી મુખ્ય મંત્રીઓમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો છે, કારણ કે નોર્મલી મુખ્ય મંત્રીઓનું મુખ્ય કામ તો પોતાની રાજધાનીથી દિલ્હીનાં સતત આંટાફેરા મારવાનું હોય છે અને બાકીના સમયમાં તો સત્તાનું ગુલાબ સૂંઘીને ટાઇમપાસ કરવાનું જ હોય છે. જ્યારથી સમાચાર આવ્યા કે પી.એમ. આવવાનાં છે ત્યારથી દરેક સી.એમ. રાજ્યનાં અલગ-અલગ એરિયામાં ત્યાંની હાલત જાણવા હચમચી ઉઠ્યા છે કે રખેને પી.એમ.ને, પછાત વિસ્તારની હાલત છે એનાં કરતાં યે વધુ ખરાબ હાલત જોઈને હાર્ટ-એટેક ના આવે!




હવે બિચારા સી.એમ. માટે ત્યાં વૃક્ષો વાવવા, રસ્તાઓ સુધારવા કે પી.એમ.ના લંચ-ડિનરમાં ચિકન-ચમચમ પિરસવા પૂરતી વાત નથી રહી.

હવે અહીંયા જેમ બને તેમ ફટાફટ સરકારી પૈસા વહેંચવાની વાત છે. રાતોરાત જનતામાં લાભની લોલીપોપ આપવાની છે, જેથી પ્રધાનમંત્રી પધારે ત્યારે ગરીબોના ચહેરા પર સ્મિત હોય અને વડા પ્રધાનના જય-જયકારના અવાજો ધીમા ને બદલે બુલંદ હોય. પ્રજાની ઢગલાબંધ ફરિયાદોને છૂપાવવા પાર્ટીનાં ચમચાઓ સતત તહેનાત હોય છે અને લાચાર આદિવાસીઓ બસ નાચતા-ગાતા જ દેખાય, જેથી ત્યાંનું અસલી ચિત્ર, વડા પ્રધાનને જોવા ન મળે અને નઠારા મુખ્યમંત્રીની ઇમેજ ઉજળી લાગે. ગરીબ ઇલાકામાં એવો તે મોંઘો ને શાનદાર તમાશો યોજવામાં આવે કે બસ પી.એમ. સામે સી.એમ.ની ખુરશી સલામત રહે.

આ દેશમાં જ્યાં મોટા નેતાની નેતાગીરી પાછળ બીજા નેતાઓની સત્તા લંગડાઇને જીવતી હોય ત્યાં પછાત વિસ્તારોમાં વડા પ્રધાનની મુલાકાત બહુ ખાસ મહત્ત્વ ધરાવે છે. વડા પ્રધાન ત્યાં આવીને ભાષણમાં રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનો ગોવર્ધન પર્વત પોતાની આંગળી પર ઉઠાવી લે છે અને સ્થાનિક સમસ્યાઓ એમની છત્રછાયામાં છુપાઇ જાય છે. જ્યારે પ્રધાન મંત્રી કહે છે, 'ગરીબી આખા દેશમાં છે અને આપણે એની સામે લડવું પડશે' ત્યારે સ્થાનિક ગરીબોને ધરપત થાય છે કે હાશ, ગરીબી માત્ર આપણી જ નહીં આખા દેશની સમસ્યા છે.

એટલે જ્યારે એનો ઉકેલ આવવાનો હશે ત્યારે આવશે! એનાથી લોકો એમની ગરીબીનાં લોકલ પ્રશ્નો માફ કરી દે છે. જો કે આમ તો એકવાર વડા પ્રધાન કોઈ વિસ્તારમાં પધારે પછી લોકોની સમસ્યાઓ દૂર થઈ છે કે નહીં?- એને ફરી જોવા કદી ફરકતા નથી, કમસેકમ આગલી ચૂંટણી સુધી!

આમ વડા પ્રધાનના આગમનમાં એક ભવ્ય ઉત્સવ જેવું વાતાવરણ હોય છે ત્યારે સ્થાનિક નેતાઓ, નાયબ મામલતદાર, કલેકટર, લોકલ એમ.એલ.એ., એમ.પી., મંત્રી, મુખ્યમંત્રી, પોલીસ કમિશનર બધા એક થઈ જાય છે, એ શરતે કે 'તું મારા વિશે ફરિયાદ નહીં કરે અને હું પણ તારા વિશે ફરિયાદ નહીં કરું' એવી સેટિંગ વડે બધાં એકબીજાના કામ ફટાફટ કરી નાખે. પછી પી.એમ. વિઝિટ બાદ, લોકલ (ભ્રષ્ટ) સંસ્થાઓને સરકારી પૈસા મળી જાય એટલે બધાં જ વડા પ્રધાનના સ્વાગતમાં રાતોરાત ખભેખભો મિલાવીને જોડાઇ જાય. વડા પ્રધાન જ્યારે કોઇ વાવાઝોડાની જેમ ત્યાંથી પસાર થાય ત્યારે બધા માથું નમાવીને ઊભા રહી જાય ને પછી જેવા પી.એમ.જાય કે સૌ ફરીથી માથું ઊંચુ કરી લે.

આ દેશમાં સરપંચ, ગામનું સત્ય મામલતદારથી છુપાવે છે, કલેક્ટર જિલ્લાનું સત્ય, સી.એમ.થી છુપાવે, સી.એમ. રાજ્યનું સત્ય પી.એમ.થી છુપાવે કે અહીં તો બધું સરસ જ છે, બધે લીલાલહેર છે. આ જૂઠનો પડઘો ત્યાં સુધી ગુંજતો રહે છે, જ્યાં સુધી ત્યાં ગોળીબાર ન થાય, લોકો વિરોધમાં રસ્તા પર ના ઊતરી આવે. આઝાદી અગાઉ વાઈસરોયના આગમન પર રાજાઓ એમનાં રાજ્ય વિશે જૂઠી માહિતીઓ આપીને ગોરા અંગ્રેજ અમલદારને શિકારબાજી, મુજરાઓ અને શબાબ-કબાબની પાર્ટીઓમાં બીઝી રાખતા. એ જ રીતે આજે વડા પ્રધાનને આદિવાસી નૃત્યો, ભવ્ય ભાષણો અને કાર્યક્રમોથી આંજી દેવાની યોજનાઓ બનાવવામાં આવે છે. વડા પ્રધાન જ્યારે ત્યાંની વાસ્તવિકતા જોવા આવે ત્યારે લોકલ નેતાઓ ઘરેઘરે બારીઓનાં કાચને અરીસામાં ફેરવી નાખે છે જેથી ત્યાંની દરિદ્રતાનું કડવું સત્ય, અરીસા પાછળ ઢંકાય જાય અને વડા પ્રધાનને ત્યાં ખુદનો જ ચહેરો દેખાય અને પછી સરકારી સ્માઇલ સાથે તેઓ દિલ્હી પાછાં જતા રહે. કામનાં કે નક્કામાં પાર્ટી-વર્કરો માટે આ જ તો દેશની કે પાર્ટીની સેવા છે. એ લોકોની એક જ ફોર્મ્યુલાઃ 'ગામની ગંદકી ઢાંકવા એના પર મખમલ બીછાવી દો'. એટલે કે પી.એમ. સામે વરવી વાસ્તવિકતાને રેશમમાં લપેટીને ઢાંકી દો.

ખરેખર તો ટોપ-ટુ-બોટમ દરેક નેતાઓના રિપોર્ટનો એક જ આશય હોય છેઃ 'દેશમેં સબ કુછ ચંગા હૈ!' ■

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૯૩૬-બી)

**પરિચય મિલન મેળાવડો**

**શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ દ્વારા આયોજિત લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે ૧૪મો પરિચય મિલન મેળાવડો શુક્રવાર તારીખ 1-5-2026. સંપર્ક: અનસુયાબેન ચોથાણી - 9221238188. (દહેજ નહીં). (૯૬૫/એ)**

■ **સોઢા પરિવાર દ્વારા સંચાલિત અંજળ અને અવસર (નિઃશુલ્ક) લગ્ન વિષયક માહિતી કેન્દ્ર આયોજિત ૧૯૮૫ Onwards હાઈલી પ્રોફેશનલી ક્વોલિફાઈડ ગુજરાતી કુંવારા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે પરિચય મિલન રવિવાર ૧૯ એપ્રિલ ૨૦૨૬, સવારે ૮.૩૦ થી સાંજે ૬. જલારામ હોલ, જુહુસ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ. ઉમેદવારની પ્રત્યક્ષ ઉપસ્થિતિ તેમજ અમારી વૅબસાઈટ www.anjalavsar.com ઉપર નોંધણી કરાવવી ફરજિયાત. વડીલોને બપોરના ૪.૩૦ વાગ્યા પછી જ પ્રવેશ દરેક ઉમેદવારે નોંધણી માટે રૂા. ૧૦૦૦/- (એક હજાર - નોન રિફંડેબલ) ઓનલાઈન Saraswat Co.op. Bank Saving A/c. No. 41020310000202. IFSC Code: SRCB0000410 Beneficiary: Jayendra Sodha, બૅંક દ્વારા ભરવાના રહેશે. Paymentનો Screenshot - નામ અને પ્રોફાઈલ ID No સાથે ૯૧૩૭૩૯૫૨૯૮ મોકલવો જરૂરી. ઉમેદવારોને નાસ્તા - જમવાનું અને વડીલો માટે હાઈ-ટી. રજિસ્ટ્રેશન સંપર્ક: શ્રી જયેન્દ્ર સોઢાઃ ૯૧૩૭૩૯૫૨૯૮: સમય સવારે ૧૦ થી ૫. શ્રી અશોકભાઈ ઠક્કર: ૯૮૬૯૦૩૩૯૯૩, શ્રીમતી આશાબેન પંચમતીયાઃ ૯૯૨૦૭૦૩૩૨૭. (દહેજ નહીં.) (બી-૧૭૩૦૪)**

■ મુંબઈની CA કન્યા 1990 DIVORCE રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૩૮૪)

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**

દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૨૨૫)

**15000 કમાવો**

ઘરબેઠા જામનગરવાળા SUTARIA's મસાલા અથાણાનું વેચાણ કરી સ્વતંત્ર બનો 8200644970/ 9426239355. (બી-૧૭૧૯૯)

**શુદ્ધ ખાઓ**

દેવગઢ હાફૂસ કુદરતી પકવેલી પાયરી, કેસર, ઑર્ગેનિક ફ્રુટ્સ, વેજીટેબલ. રાજેશભાઈ - 9076133255. (જેપી/૪૫૫૫-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**EXCELLENCY HOLIDAY**

દુબઈ, મોરેશિયસ, સિંગાપોર, થાઈલેન્ડ, સાઉથ આફ્રિકા, કાશ્મીર, હિમાચલ, ગોવા. 9820002810. (૯૪૦-જી)

**મહાબળેશ્વર બંગલો**

ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગ પૂલ. Cham House: 9820065681. (૫૩૧/સી)

**લોનાવાલામાં**

**ફેમેલી, સીનીયર સીટીઝનને DAILY, WEEKLY, MONTHLY રૂમ ભાડેથી મળશે. (શુધ્ધ શાકાહારી જમવાનું). પ્રેમ નિવાસ 7977986364, 8169392216. (૯૫૯/એ)**

## ૧૪. નોકરી ખાલી છે

**''કાંદિવલીમાં પાર્ટટાઈમ...''**

સવારેઃ ૧૦થી ૧માં ફીમેલ કોમ્પ્યુટર આસિસ્ટન્ટ આવકાર્ય... (પગાર - ૪૦૦૦/-) 9819314587. (બી-૧૭૩૬૩)

**આસનગાંવમાં**

**પ્લાસ્ટીક ડ્રમ બનાવતી ફેક્ટરી માટે 30-50- 84-100 લિટરનાં પ્લાસ્ટીકનાં ડ્રમમાંથી કચરો સાફ કરવા ત્રણ વિશ્વાસુ માણસની જરૂર છે. ઓળખાણપત્ર જરૂરી (સમય 10 થી 6, શુક્રવારે બંધ) સંપર્કઃ 9821022911- 9820069549. (૯૭૩-એ)**

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**FEMALE ACCOUNTANT**

**Part / Full Time required for Finance Company, Fresher can apply. Send your resume on Whatsapp or Call 9819801111. (SDBG-3191)**

**REQD. ACCOUNTANT FOR Real Estate Developer Office at Opera House with knowledge in Tally & Account Finaliasation GST & TDS - Excel & Word. Email:- happyhome01@gmail.com (338)**

**FOR VARDHMAN SEVA**

**Cheritable Foundation Require Dentist for 6 Pm to 9 Pm, Lab Technician (For Blood Collection), Nephrologist, Urologist, Gynecologist, Dental Assistant, Man for Marketing (Age Between 25 to 50) & Accountant (Age upto 45) Contact:- 9773999855, 9867995060. (981-A)**

**50,000/=**

**Malad: 2nd Income Opportunity - Graduates, Marketing. 9930774809. (975-A)**

## ૧૫. નોકરી જોઈએ છે

A WELL EXPERIENCED TYpist, Knowing Independent Correspondence, Computer, Export Procedures, Complete Office Routine, Seeks Part Time Job. Please Contact 9930461779 Gadadhar Chandra Das. (B-17381)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર ઈસ્ટ વેચાણથી**

લાયન્સ ગાર્ડન પાસે 3 BHK ૧૧૦૦ કારપેટ વ્યાજબી ભાવે તુરંત કબજો 9820345511. (૯૬૭/એ)

**અંધેરી (ઈસ્ટ)**

**પારસી પંચાયત રોડ, (આર. કે. સિંગ રોડ) આંબાવાડી, 1 બેડરૂમ , 604' કારપેટ, હાયર ફ્લોર રોડ ફેસિંગ. (1.55 CR) (ઓનર) પ્રવિણભાઈ: 9930189656. (૯૫૯/એચ)**

**અંધેરી (વેસ્ટ)**

2 બેડરૂમ, 1050' - 1100' કાર્પેટ, અને ૩ બેડરૂમ 1250' - 1700' કાર્પેટ, ભાડેથી. એજન્ટ: -8850666935. (બી-૧૭૩૩૭)

**પ્રભાદેવી**

**નવા ટાવરમાં - OC છે, 3 બેડરૂમ - સિદ્ધિવિનાયક નજીક (Brokers Excuse):- 8591254627. (૯૪૦-ઈ)**

**ખાર (વેસ્ટ)**

ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' તથા ૬ બેડરૂમની જોડી ૨૩૦૦' કારપેટ એરિયા, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોઇલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ઓનર:- 9820156133. (બી-૧૭૩૨૦)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

ઈસ્ટ એવન્યુ - ૪ બેડરૂમ એરિયા આશરે ૧૮૦૦' કારપેટ, ૪ બાથરૂમ, ૩ લિફ્ટ, ૩ પાર્કિંગ, સ્વતંત્ર સર્વન્ટ ટોઇલેટ, વેસ્ટ ઓપન, રોડ ફેસીંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, ટેરેસ, નવું બિલ્ડિંગ, વેચવાનો ફોન:- 9820156133. (બી-૧૭૩૧૯)

**વિરાર (ઈસ્ટમાં)**

વજ્રેશ્વરી રોડ, નિસર્ગરમ્ય જગ્યામાં, સિનિયર સિટીઝનને રહેવાની /જમવાની વીકલી - મંથલી બેસીસ પર જગ્યા મળશે. સંપર્ક - 9820049194. (૯૪૦-એ)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

૩ બેડરૂમ- ૯૫૬' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેલ ડનઅપ, હાયર ફ્લોર, ૧ પાર્કિંગ સાથે તુરંત વેચવાનો. ''રશ્મિભાઈ'' ૯૩૨૩૩૧૯૦૫૬ ''દ્રુપદભાઈ'' ૯૮૨૦૧૫૦૪૫૩. (બી-૧૭૩૪૫)

**વિલેપાર્લે વેસ્ટ**

**ઓનરશીપથી 2 બેડરૂમનો ફ્લેટ ૭૪૦' ૧૦મો માળ, 4 બેડરૂમ્સનો ફ્લેટ 1305' 12મો માળ બજાજ રોડ, આપવાનો છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ- ૯૮૧૯૮૭૪૫૧૫. (૯૪૯/એ)**

**સાન્તાક્રુઝ પૂર્વ**

1 બેડ ફુલ્લી ફર્નિશ્ડ વેચાણથી હાયરફ્લોર એરપોર્ટ વ્યુ 10 વર્ષ જુની બિલ્ડીંગ કાર પાર્કિંગ રૂા. 1.80 કરોડ અનીલ નાગપાલ મોબાઈલ - 9892718032. (બી-૧૭૩૫૧)

**કાંદિવલી (વેસ્ટ)**

૨ બેડરૂમનો ફ્લેટ ૬૮૦' કારપેટ + ૭૨૦' ટેરેસ કારપેટ, ''વૈશાલી એપાર્ટમેન્ટ'', એમ. જી. રોડ, ૨ બેડરૂમનો ફ્લેટ ''રોયલ સમર્પણ'' સાંઈનગર ઓફ એમ. જી. રોડ, વેચવાના. ઓનર:- 9082319764 / 97735 26697. (બી-૧૭૩૪૯)

■ **સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૭૦૧-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

વેચાણથી. પ્રાઈમ લોકેશન, ૩ બેડરૂમ, હોલ, કિચન, નવું બિલ્ડિંગ, હાયર ફ્લોર, ફક્ત કચ્છી અને ગુજરાતી જૈન માટે, કબજો ટૂંક સમયમાં. બ્રોકર- 8169019857, 9323030141. (૯૫૧/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**REDEVELOPMENT ગયેલા**

**બિલ્ડિંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે). 7666644727. (૯૫૨/ઇ)**

**GREEN RIDGE**

**કમ્પાઉન્ડમાં દેરાસર જૈન મારવાડી ગુજરાતી લોકાલીટી બોરીવલી (વેસ્ટ) લીંક રોડ 2 બેડરૂમ 900' યુઝેબલ (2.90 Cr.). 7666644727. (૯૫૨/સી)**

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ, 630' @ 2.35 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-ડી)

**બોરીવલી વેસ્ટ**

દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં, SVP રોડ, 2 બેડરૂમ જોડી, 1232' @ 4.60 CR પઝેશન નવેમ્બર 2026. બિલ્ડર - 8291699699. (૯૧૭-એ)

**MALAD WEST**

**1 BHK-1.15 Cr.(All Incl.)**

**2 BHK-1.60 Cr.(All Incl.)**

AMENITIES: • Walk of 8 • Sun Deck • Fitness Center • Game Zone • Yoga • Rain Water Harvesting & Many More.

Opp Jain Derasar, Nr. Shiv Shakti Mandir

**Possession May 2026**

A Project By: Imperial Group -

**75069 53114**
**98212 91100**

RERA NO.PR1180002500372

(B-17332)

**વિલેપાર્લે (વેસ્ટ)**

**૨ બેડરૂમનો ફર્નિશડ ફ્લેટ, ૨ બાથરૂમ + ૩૦૦ ફૂટ એટેચડ ટેરેસ, દાદાભાઈ રોડ, ચત્રભુજ સ્કૂલ પાસે, ૧ પાર્કિંગ સાથે વેચવાનો છે. સંપર્ક : 9892245522. (એસડીબી-૩૧૯૬)**

**તારદેવ**

2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કીંગ 4,50,00000/= શાહ - 9820068382. (૫૩૩/એ)

**ગોવાલીયા ટેંક**

3 બેડરૂમ - 1300' - કાર્પેટ - 7,00,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૩૩/બી)

**વાલ્કેશ્વર**

પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૨૦૪)

**તારદેવ**

કન્વર્ટેડ બે બેડરૂમ (૫૦૦ કાર્પેટ) (હાયર ફ્લોર) (ફર્નીશ્ડ) ૨૨૫ લાખ (નેગોશીએબલ) હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૨૦૫)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**

જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) વેચાણથી ૧૫૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૩૨૦૬)

**બોરીવલી (વેસ્ટ)**

**દેવીદાસ લેન, ગ્રાન્ડ એકવીરીઆ ટાવરની સામે, (કમ્પાઉન્ડમાં જૈન શિખરબંધી દેરાસર) RAJ MADHUR બીલ્ડીંગમાં, 1300' કારપેટ- જૈન-મારવાડી- ગુજરાતી લોકાલીટી (4.70 CR) આપવાનો. સંપર્કઃ 7666644727. (૯૭૯-એ)**

**ઘાટકોપર- વિદ્યાવિહાર- ચેમ્બુર- તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા- વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૯૮૦-એ)

**વિલેપાર્લે વેસ્ટના**

**દાદાભાઈ ક્રોસ રોડ નંબર 3 પર, પ્રીમિયમ 870 સ્કવેર ફીટ RERA કાર્પેટ 3 બેડરૂમ અપાર્ટમેન્ટ વેચાણ માટે. OC સાથે, આખા પ્રોજેક્ટનો છેલ્લો યુનિટ, હાયર ફ્લોર, પ્રીમિયમ રેસિડેન્શિયલ બિલ્ડીંગ સ્પેસિઅસ લેઆઉટ અને ઉત્તમ વેન્ટિલેશન. કોલઃ 9987464111. (૯૭૮-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**

મહાવીર નગરમાં VAASTU COMPLIANCE 2 બેડરૂમ (3 કરોડ) એજન્ટઃ 9320070883. (૯૭૭-બી)

**જુહુ**

1 બેડરૂમ, 630', 500' કાર્પેટ અને 3 બેડરૂમ 1100' કાર્પેટ ભાડેથી. એજન્ટઃ 8850666935. (બી-૧૭૩૮૩)

**''બાંદ્રાથી બોરીવલીમાં''**

તૈયારમાં- બંધાતામાંઃ ફ્લેટો- દુકાનો- ઓફીસો- ગોડાઉન પ્રિલીઝડ લેવાં/ વેચવા/ ભાડેથી- 9869463304, 7738151065. (બી-૧૭૩૮૭)

**ખાર/ શાંતાક્રુઝ/ વિલેપાર્લા**

**૨/૩/૪/૫ બેડરૂમના ફ્લેટો- વેચાણથી/ લીઝથી. રેડી પઝેશન/ બંધાતામાં વ્યાજબી ભાવે મળશે. ફોનઃ ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૭૩૮૬)**

**JUHU - 3 BED**

નવા બિલ્ડિંગમાં જીમ એમેનીટીઝ સાથે (6 Cr) અનિલભાઈ - 9004900290.(૯૫૪/એ)

**વાના પ્રોપર્ટી**

૨/૩/૪ બેડરૂમ, વાલકેશ્વર રીજ, નેપિયન્સી, વોર્ડન અલ્ટામાઉન્ટ, પેડર રોડ, કેમ્પસ કોર્નર, ગોવાલીયા ટેન્ક, તાડદેવ, વ્યાજબી ભાવે લેવા/ વેચવા/ લીઝ 'મુકુન્દ ત્રિવેદી' 9821036556. (બી-૧૭૩૮૫)

## ૧૭. જગ્યા આપવી છે

**VIRAR PROPERTY**

1 Room Kitchen - 2500000/-
1 Bed Kitchen - 4000000/-
Tejas 8806349777. (B-17382)

**"FAIR DEALS"**

**From Team UnitedOne for Purchase / Lease / Sale of Apartments and Shops. Configuration: 1 BHK to 6 BHK. Location - Bandra to Dahisar Value - 1.50 Cr. to 8 Cr. 9867634743/ 9820333451. (978-C)**

**MALAD**

Andheri to Borivali Flats / Office's / Industrial Properties Required and Available Kunwaria - 9819208224. (JP/4556-C)

## ૧૮. જગ્યા જોઈએ છે

**3 બેડરૂમનો**

ફર્નિશ્ડ ફ્લેટ વિલેપાર્લે વેસ્ટ/ ગુલમોહર રોડ/ જુહુમાં ભાડેથી જોઈએ છેઃ- 9819445558. (૯૪૦-સી)

A JEWELLER FROM DUBAI Requires 2/3 BHK on Ownership in South Mumbai. Preferably Seafacing. Can Pay Fancy Price. Brokers Welcome. Contact: 9987310819. (938-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

■ **નાસિક હાઈવે, અટગાંવ સ્ટેશન પાસે, ઔદ્યોગિક પ્લોટ, ૧૫૦૦ મીટરથી આગળ, ખેતીની જમીન ૨.૫/ ૧૭ એકર. મધુકર ઠક્કર 9820016348. (બી-૧૭૩૪૦)**

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

રૂષભ ઉપાધ્યાય **9049625073**

હિતેષ ઉપાધ્યાય **9326470109**

(એસડીબી-૩૨૦૨)

**VASAI EAST**

Available NA Plots for Industrial Purpose. Rs. 11 Lakhs for 1000 sqft. for more details Call - 9869873769. (B-17357)

**BUY/RENT**

Vasai Kaman Industrial Gala 40 Ft Road - 9892999112. (JP/4552-B)

## ૨૦. ધંધાદારી જગ્યા

**''ઓપેરા હાઉસ''**

ઓફિસ લીઝ - 312' ગોડાઉન - ડિસ્ટ્રીબ્યુટર, આંગડિયા (બેઝમેન્ટ) લેવા - આપવા - લીઝ - રિડેવલપમેન્ટઃ 9867222020. (૯૪૫-એ)

**દુકાન વેચાણથી**

અંધેરી ઈસ્ટ, 160' કાર્પેટ 1.75 નેગોશિયેબલ, મથુરાદાસ વસનજી રોડ, પ્રાઈમ લોકેશન, સ્ટેશન પાસે, રાજમહલ શોપિંગ સેન્ટર, રિડેવલપમેન્ટ જલ્દી. ઓનર 9820234434. (બી-૧૭૩૬૮)

**વિલેપાર્લે વેસ્ટ**

**લીવ લાઈસન્સથી ઓફિસો 1136' ફર્નિશ્ડ ઓફિસ ડી જે રોડ અને 1008' સ્ટેશન સામે આપવી છે. એજન્ટઃ અશ્વિન મરચન્ટ - 9819874515. (૯૪૯-સી)**

**WANTED PRELEASED COMMERCIAL PROPERTY**

**ભાડેથી લાગેલી કમર્શિયલ જગ્યા બેંક, બ્રાન્ડ, કોર્પોરેટ ઓફિસ, રેસ્ટોરન્ટ માટે સંપૂર્ણ મુંબઈમાં વેચાણથી જોઈએ છે. સોદાની ખાત્રી (બજેટ 2 કરોડથી 50 કરોડ) 7666644727. (૯૫૨/ડી)**

**ઝવેરીબજાર - બોરીવલી (વેસ્ટ)**

**એલ.ટી.રોડ, નવા બિલ્ડીંગમાં, ફુલ્લી ફર્નિશ્ડ જ્વેલરી શોરૂમ, 460' કારપેટ (ભાડું - 3,90,000/-) આપવાનો. 7666644727. (૯૫૨-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**

SV રોડ, 400' કોર્નર શોપ વેચાણથી/ ભાડેથી. 9324614243. (૯૭૭-એ)

**શોરૂમ**

**મુંબઈમાં બ્રાન્ડેડ કંપનીઓ માટે ૧૫૦' થી ૧૧૦૦' મેન રોડ પર ગ્રાઉન્ડ ફ્લોર શોરૂમ ભાડેથી જોઈએ. 9820153208. (૯૭૬-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**અંધેરી ઈસ્ટ**

નાગરદાસ રોડ ૩૦૦ ફૂટ દુકાન ભાડે આપવી છે. ૩૦૦ વેચાણથી દુકાન. 9820613128. (એસડીબી-૩૨૦૩)

## ૨૦. ધંધાદારી જગ્યા

**RETAIL SHOWROOMS & WAREHOUSES REQUIRED ON RENT**

For known Retail Brand. Sizes 1000 to 15000 sqft all over Mumbai / Navi Mumbai. Owners Whatsapp 8655200823 / 8870839840. Send Location & Photos. Brokers excuse. (SDB-3192)

BKC GRD FLR: 3200'+4300' Separate / Jodi. Ideal for Restaurant, Banquet, Office, Bank. Sale / LL. Call 9820094585 / 9821053128 / 9821400366. (948/A)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા 3500/- થી 7250/- (બોરીવલીથી મલાડ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, સાંજી, BABY SHOWER, ANNIVERSARY. બજેટથી. મનસુખભાઈ 9326801860/ 8169552801. (૯૩૪/એ)**

**''રણજીત ભરત ડોસા''**

**''પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ'', ''જૈન'', ''અગ્રવાલ'', ''મહેશ્વરી'' - ગુજરાતી, હિંદી પ્રાર્થના માટે - 9821172223. (૯૫૬/એ)**

**પ્રાર્થના - 6,500/-**

દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૯૪૦-આઈ)

## ૩૧. નાણાંકીય

**GREAT OPPORTUNITY**

મ્યુચલફંડમાં પૈસા રોકવાની ઉત્તમ તક, આપનો શુભચિન્તક અભય - 9223481847. (બી-૧૭૩૫૮)

## ૩૨. જમીન - મિલકત

**રાજકોટમાં જમીન**

રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના-મોટા પ્લોટ લેવા-વેચવા દિલીપ ઠક્કર - 9324076621. (૯૫૧-બી)

WEEKEND HOME PROJECT for Sale 25 NA Plots + 1 Bungalow & Clubhouse (Ready) on 2,09,000 sq.ft. Land. Prime Location: 73 kms from Statue of Unity / Kevadia, 32 kms from Vadodara Airport. High Growth Investment. Call: 99136 32165. (B-17342)

## ૩૩. ધંધાદારી

**WATER PROOFING**

**ટેરેસ, બહારની દિવાલ, છજ્જા, ALL CHEMICAL TREATMENT. (10% બાકી). 7977141377. (૯૮૨-એ)**

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટસ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૭૩૫૪)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જુના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401 (મુંબઈ). (બી-૧૭૩૪૩)

**સચોટ જ્યોતિષ**

**જન્મ તારીખ - સમય વોટ્સએપ કરો, લગ્નયોગ, ક્યારે કયાં વર્ષમાં તેનું માર્ગદર્શન, વાતો ન કરો રિઝલ્ટ માંગો - ફી - આપના આશીર્વાદ 7304586200. (૯૭૦-સી)**

**સમર્થ જ્યોતિષ**

**જન્મ તારીખ - સમય વોટ્સએપ કરો, કઠિનમાં કઠિન પ્રશ્નોનું માર્ગદર્શન, ઘોર અંધકારમાં આશાનું એક કિરણ, વાતો ન કરો. રિઝલ્ટ માંગો ફી - આપના આશીર્વાદ 9702993707. (૯૭૦-ડી)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ PREMIUM ૧૯૮૩થી વિશ્વાસુ - વાંદા, ઉધઈ, ઉંદરનો ઉપાય. PESTIGUARD - 8169473531 / 9898637635. (બી-૧૭૩૪૮)

**ACE પેસ્ટીસાઈડ**

**(1993થી), ઉધઈ, વાંદા, માંકડ, કાંદિવલી 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૯૫૯/ડી)**

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯/બી)

# મણિપુર ફરી સળગ્યું, બે બાળકનાં મોતઃ ઈન્ટરનેટ બંધ

ઇમ્ફાલઃ ભારતના ઇશાનના રાજ્ય મણિપુર છેલ્લા ત્રણ વર્ષથી વંશીય હિંસાની આગમાં સળગી રહ્યું છે, સરકારના તામામ પ્રયસો છતાં સમયાંતરે હિંસા ભડકી ઉઠે છે. આજે બે બાળકોના મોતની ઘટના બાદ ફરી હિંસા ફાટી નીકળી છે. સુરક્ષા કારણોસર મણીપુર સરકારે પાંચ જિલ્લાઓમાં ત્રણ દિવસ માટે ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સેવાઓને કામચલાઉ રીતે સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે.

અહેવાલ મુજબ આજે મંગળવારે વહેલી સવારે મણિપુરના વિષ્ણુપુર જિલ્લામાં એક ઘર પર શંકાસ્પદ રોકેટ હુમલામાં એક પાંચ મહિનાના શિશુ અને પાંચ વર્ષના બાળકના મોત થતાં, રાજ્યમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા છે.

મણિપુર સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ઇમ્ફાલ પશ્ચિમ, ઇમ્ફાલ પૂર્વ, થોઉબલ, કાકચિંગ અને બિષ્ણુપુર જિલ્લામાં તાત્કાલિક અસરથી ઇન્ટરનેટ અને મોબાઇલ ડેટા સર્વિસ કામચલાઉ ધોરણે સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે.

અહેવાલ મુજબ મંગળવારે સવારે લગભગ ૧.૦૩ વાગ્યે શંકાસ્પદ કુકી ઉગ્રવાદીઓએ એક બોર્ડર સિક્યુરિટી ફોર્સના એક કર્મચારીના ઘર પર રોકેટ વડે હુમલો કર્યો હતો, જેમાં એક મહિલા અને બે બાળકોને ઈજા પહોંચી હતી.

હુમલા બાદ ઘાયલોને તાત્કાલિક ઇમ્ફાલની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જોકે, પાંચ મહિનાની એક છોકરી અને પાંચ વર્ષના છોકરાને બચાવી ન શકાય, હુમલામાં બંનેની માતાને સામાન્ય ઇજાઓ પહોંચી હતી.

ઘટના સ્થળેથી બીજી રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ મળી આવ્યો હતો. આ વિસ્તારમાં સુરક્ષા દળોની તહેનાતી વધારી દેવામાં આવી છે, જેના કારણે પ્રદેશને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યો છે. હુમલાખોરોની ઓળખ કરવા અને પકડવા નજીકના પહાડી વિસ્તારોમાં ઓપરેશન શરૂ કરવામાં આવ્યો છે. ■

# નફરતભર્યાં વિધાનોઃ ખડગે સામે ભાજપની ફરિયાદ

ગુવાહાટી : આસામમાં એક ચૂંટણી રેલીમાં કૉંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નિવેદનનો ભાજપે સખત વિરોધ કર્યો છે. આ મામલે ભાજપે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ભાજપે મંગળવારે જણાવ્યું હતું કે તેણે રાજ્યમાં એક ચૂંટણી રૅલીમાં કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કથિત દ્વેષપૂર્ણ ભાષણ આપવા બદલ આસામ પોલીસ અને ચૂંટણી પંચમાં ફરિયાદો નોંધાવી છે.

આસામ ભાજપના પ્રવક્તા પ્રાંજલ કલિતાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે કૉંગ્રેસના નેતાઓ વારંવાર બંધારણનું પાલન કરવાનો દાવો કરે છે, પરંતુ તેમના કાર્યો બંધારણીય સ્વતંત્રતા અને તમામ ધર્મો માટે આદરની ભાવનાથી બિલકુલ વિપરીત હોય છે. તેમણે કહ્યું હતું કે એક ફરિયાદ ગુવાહાટીના બશિષ્ઠ પોલીસ સ્ટેશનમાં અને બીજી ફરિયાદ ચૂંટણી પંચમાં દાખલ કરવામાં આવી છે.

કલિતાએ કહ્યું હતું કે ખડગેની આરએસએસ-ભાજપ પર પ્રતિબંધ લગાવવાની માંગ રાજકીય અસહિષ્ણુતાને જ પ્રતિબિંબિત કરે છે. સાથે સાથે પક્ષના ટોચના નેતૃત્વની અંદર બૌદ્ધિક નાદારીને પણ ઉજાગર કરે છે. આસામ પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ૬ એપ્રિલના રોજ શ્રીભૂમિ જિલ્લાના નીલમબજારમાં એક ચૂંટણી રેલી દરમિયાન કરવામાં આવેલી અપમાનજનક અને બેજવાબદાર ટિપ્પણીઓની સખત નિંદા કરે છે, જે હિન્દુ માન્યતાઓ અને પરંપરાઓનું સ્પષ્ટ અપમાન હતું. આવા નિવેદનો માત્ર નિંદનીય જ નથી, પરંતુ સામાજિક સંવાદિતા માટે ખતરનાક પણ છે.

તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ ફક્ત રાજકીય લાભ મેળવવા માટે સનાતન સંસ્કૃતિને નબળી પાડવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે ''અન્ય ધર્મોને સારા બતાવી' રહી છે. તેમણે દાવો કર્યો કે આ વિભાજનકારી અભિગમને આસામના લોકો અને સમગ્ર દેશના લોકોએ પહેલાથી જ નકારી કાઢ્યો છે.

કલિતાએ જણાવ્યું હતું કે આ ઉશ્કેરણીજનક અને વિભાજનકારી નિવેદનની ગંભીર નોંધ લેતા આસામ ભાજપે ગુવાહાટીના બશિષ્ઠ પોલીસ સ્ટેશનમાં ઔપચારિક એફઆઈઆર નોંધાવ્યો છે અને આસામ રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ પણ દાખલ કરી છે. ૧૨૬ સભ્યોની આસામ વિધાનસભાની ચૂંટણી ૯ એપ્રિલે યોજાશે અને ૪ મેના રોજ મતગણતરી થશે. ■

# પોલીસ સ્ટેશનોમાં સીસીટીવીના પ્રશ્નનો ઉકેલ બે સપ્તાહમાંઃ કેન્દ્રનો સુપ્રીમને જવાબ

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે મંગળવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે દેશભરના પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવા સંબંધિત તમામ મુદ્દાઓને બે સપ્તાહમાં ઉકેલી દેવામાં આવશે. એટોર્ની જનરલ આર. વેંકટરમણીએ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચને જણાવ્યું હતું કે તેઓ આ મુદ્દાની સમીક્ષા કરી રહ્યા છે અને આ દિશામાં અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહ સચિવ પણ કોર્ટમાં હાજર થયા હતા. ૬ એપ્રિલના રોજ સુપ્રીમ કોર્ટે તેમને મંગળવારે કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપ્યો હતો જેથી પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરા લગાવવાની યોજનાને અમલમાં મૂકવા માટે તેમની સહાય લઈ શકાય. દેશના ટોચના કાયદા અધિકારીએ બેન્ચને જણાવ્યું હતું કે તેઓ ખાતરી કરશે કે બે અઠવાડિયામાં તમામ મુદ્દાઓનું નિરાકરણ આવે અને એમિકસ ક્યુરી અને અન્ય અધિકારીઓ સાથે નિયમિત બેઠકો યોજવામાં આવશે. બેન્ચે આ મામલે આગામી સુનાવણી ૨૮ એપ્રિલના રોજ કરશે. સુપ્રીમ કોર્ટ પોલીસ સ્ટેશનોમાં કાર્યરત સીસીટીવી કેમેરાના અભાવ અંગે સુઓ મોટો કેસની સુનાવણી કરી રહી છે. એટોર્ની જનરલે બેન્ચને કહ્યું હતું કે ''હું આ મુદ્દાઓનો અભ્યાસ કરી રહ્યો છું,'' જસ્ટિસ નાથે કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલતે અગાઉ આ મામલામાં એમિકસ ક્યુરીને બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો (યુટી) સાથે બેઠકો યોજવા કહ્યું હતું અને આ ચર્ચામાં ભારત સરકાર તરફથી એક અંડર સેક્રેટ હાજર હતા. જસ્ટિસ નાથે સવાલ કર્યો હતો કે ''શું આ સારું લાગે છે?''

દેશના સૌથી મોટા કાયદાકીય અધિકારીએ કહ્યું કે આ મામલે ઘણું બધું થઈ રહ્યું છે અને તેઓ એમિકસ અને ગૃહ સચિવ સાથે બેઠકો કરશે. ■

# બંગાળમાં પરિવર્તન અનિવાર્યઃ અમિત શાહ

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૨૦૬)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

સિલચર (આસામ): કેન્દ્રના ગૃહપ્રધાન અમિત શાહે મંગળવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં પરિવર્તન અનિવાર્ય છે. તેમણે દાવો કર્યો હતો કે એક વાર ભાજપ પૂર્વના રાજ્યમાં સત્તા પર આવે ત્યાર બાદ ઘૂસણખોરને તેમના દેશમાં પાછા મોકલવામાં આવશે.પથરકાંડી અને હૈલાકાંડી સહિત આસામની બરાક વેલીમાં સભાને સંબોધતાં અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસે વિસ્તારમાં ગેરકાયદે ઘૂસણખોરોને આશરો આપ્યો હતો. ■

# સેન્સેક્સ સતત ચોથા દિવસની આગેકૂચમાં ૫૦૦ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૩,૧૦૦ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ઇરાની યુદ્ધ ઠંડું પડી રહું હોવાના આશાવદા વચ્ચે વૈશ્વિક ઇક્વિટી બજારમાં સુધરેલા સેન્ટિમેન્ટ સાથે સ્થાનિક બજારમાં પણ સતત ચોથા દિવસે ચાલું રહેલી આગેકૂચમાં સેન્સેક્સ ૫૦૦ પોઇન્ટ ઊચળ્યો હતો જ્યારે નિફ્ટી ૨૩,૧૦૦ની ઉપર પહોંચ્યો હતો. આઇટી શેરોની લેવાલીએ પણ બેન્ચમાર્કને સારો ટેકો આપ્યો હતો.

મંગળવારે ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ દિવસ દરમિયાન ૧,૪૦૩.૯૧ પોઈન્ટની અફડાતફડી મચાવતો ૭૪,૬૮૬.૩૨ની ઊંચી સપાટી અને ૭૩,૨૮૨.૪૧ની નીચી સપાટી વચ્ચે ફંગોળાઇને અંતે ૫૦૯.૭૩ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકા વધીને ૭૪,૬૧૬.૫૮ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. એ જ રીતે, પચાસ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૧૫૫.૪૦ પોઈન્ટ અથવા ૦.૬૮ ટકા વધીને ૨૩,૧૨૩.૬૫ના સ્તર પર બંધ થયો હતો.

સેન્સેક્સ કંપનીઓમાંથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એચસીએલ ટેક, ઇન્ફોસિસ, ભારતી એરટેલ, સન ફાર્મા અને હિન્દુસ્તાન યુનિલિવર સૌથી વધુ વધનારા વટોચના શેરોમાં સામે હતા. જ્યારે ઇન્ટરગ્લોબ એવિએશન, અદાણી પોર્ટ્સ, મહિન્દ્રા અને મહિન્દ્રા અને ટાઇટન સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા.

ઓમ પાવર ટ્રાન્સમિશન રૂ. ૧૫૦.૦૬ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ લાવી રહી છે, જે નવમી એપ્રિલ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩ એપ્રિલના રોજ બંધ થશે. શેરની ફાળવણી માટે ૧૫ એપ્રિલ, જ્યારે એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૭ એપ્રિલ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૬૬થી રૂ. ૧૭૫ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૮૫ શેર છે.

સેબીના ડેટા અનુસાર માર્ચ ૨૦૨૫માં ૨૨ આઇપીઓ માટે ફાઇલિંગ થયું હતું. મર્ચન્ટ બેંકિંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, એનએસઇ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ટેલિકોમ આર્મ જિયો સહિત ઘણી હાઇ-પ્રોફાઇલ કંપનીઓ આ અઠવાડિયામાં તેમના ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કરવાની તૈયારી કરી રહી છે, જેમાં ગતિ ચાલુ રહેવાની અપેક્ષા છે.માર્ચ ૨૦૨૬માં ૩૮ જેટલી કંપનીઓએ સેબી સમક્ષ પ્રારંભિક આઇપીઓના દસ્તાવેજ સેબી પાસે ફાઇલ કરાવ્યા છે.

માર્ચ ૨૦૨૬માં ૩૮ જેટલી કંપનીઓએ સેબી સમક્ષ પ્રારંભિક આઇપીઓના દસ્તાવેજ સેબી પાસે ફાઇલ કરાવ્યા છે. ઇન્ટેલિયસ રીકોડ લિમિટેડ, રેન્ટોમોજો લિમિટેડ, કોસ્મિક પીવી પાવર, ગુજરાત વિક્ટરી ફોર્જિંગ્સ લિમિટેડે, કોરફોર એન્જિનિયર્સ અને સથ્યા એજેન્સીએ સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

પાછલા સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે પાવરિકા લિમિટેડના શેર તેના ઇશ્યૂ ભાવથી સાત ટકા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. અમીરચંદ જગદીશ કુમાર એક્સપોર્ટના શેર તેના ઇશ્યૂ ભાવ સામે આઠ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. એકમાત્ર સાઇ પેરેન્ટરલ્સના શેરમાં ત્રણ ટકા પ્રીમિયમ જોવા મળ્યું હતું! ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૦.૭૧ ટકા ઘટીને ૧૦૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ભારતીય બજારોમાં ઇન્ટ્રા-ડેમાં તીવ્ર રિકવરી જોવા મળી, નિફ્ટીએ શરૂઆતના નુકસાનને ઉલટાવીને ઉચ્ચ સ્તરો પર પાછા ફર્યા હતા જોકે, માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે ા રિકવરી મુખ્યત્વે વ્યાપક લેવાલીને કારણે નહીં પરંતુ પસંદગીયુક્ત ક્ષેત્રના શેરોમં શોર્ટ-કવરિંગને કારણે જોવા મળી હતી. આજની તેજીનું મુખ્ય કારણ આઇટી ક્ષેત્રમાં મજબૂત પ્રદર્શન હતું, જેણે રક્ષણાત્મક એન્કર તરીકે કામ કર્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો બેન્ચમાર્ક કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચા સ્તરે બંધ રહ્યો હતો. હોંગકોંગમાં બજારો રજા માટે બંધ રહ્યા હતા. સોમવારે યુરોપિયન બજારો સકારાત્મક વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે યુએસ બજારો સોમવારે ઊંચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૮,૧૬૭.૧૭ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ ૮,૦૮૮.૭૦ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. સોમવારે, સેન્સેક્સ ૭૮૭.૩૦ પોઈન્ટ અથવા ૧.૦૭ ટકાના ઉછાળા સાથે ૭૪,૧૦૬.૮૫ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૨૫૫.૧૫ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકાના ઉછાળા સાથે ૨૨,૯૬૮.૨૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે એચસીએલ ટેકનોલોજી ૨.૭૭ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૨.૬૮ ટકા, ઈન્ફોસિસ ૨.૬૦ ટકા, ભારતી એરટેલ ૨.૧૩ ટકા, સન ફાર્મા ૧.૬૭ ટકા, ટેક મહિન્દ્ર ૧.૫૮ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૩૦ ટકા આઈટીસી ૧.૨૭ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૨૧ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ડિગો ૦.૮૭ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૫૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૦ ટકા, ટાઈટન ૦.૩૧ ટકા ટ્રેન્ટ ૦.૨૭ ટકા, અને સ્ટેટ બેન્ક ૦.૨૩ ટકા ઘટ્યા હતા.

દરમિયાન, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે ફુગાવાના ભયને ધ્યાનમાં રાખીને એપ્રિલ પોલિસી સમીક્ષામાં ચાવીરૂપ વ્યાજ દર યથાવત્ત જાળવી રાખે તેવી શક્યતા અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યાં છે. યુદ્ધને કારણે ક્રૂડ ઓઇલ અને અન્ય આયાતી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થવાની અને તેને કારણે ફુગાવો વધતો રહેવાની ભીતિ છે.

અર્થશાસ્ત્રીઓના મતે, રિઝર્વ બેંક એપ્રિલ નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં બેન્ચમાર્ક પોલિસી રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત રાખે તેવી શક્યતા છે, કારણ કે પશ્ચિમ એશિયામાં સતત ભૂ-રાજકીય તણાવ, કોમોડિટીના ભાવમાં અસ્થિરતા અને ચલણની તીવ્ર હિલચાલને કારણે રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો છે, જેના કારણે નીતિ દૃષ્ટિકોણ જટિલ બન્યો છે અને વૃદ્ધિ, ફુગાવા અને નીતિના વલણ પર તેના અંદાજો પર નજીકથી નજર રાખવામાં આવશે.

# સ્થાનિકમાં વધ્યા મથાળેથી ચાંદીમાં ₹ ૩૧૬૨નો અને સોનામાં ₹ ૧૧૧૩નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન ખાતે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં ગઈકાલે વિશ્વ બજારથી વિપરીત બન્ને કિંમતી ધાતુઓના ભાવ વધી આવ્યા બાદ આજે ઊંચી સપાટીએથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૧૬૨નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૯થી ૧૧૧૩નો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા ગબડ્યો હોવાથી સોનાની આયાત પડતરો વધવાને કારણે ભાવઘટાડો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની ઊંચી સપાટીએથી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૧૬૨ના ઘટાડા સાથે રૂ. ૨,૩૦,૮૮૧ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૧૦૯ ઘટીને રૂ. ૧,૪૭,૧૯૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૧૩ ઘટીને રૂ. ૧,૪૭,૭૮૬ના મથાળે રહ્યા હતા.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૨ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૬૭૪.૧૯ ડૉલર અને જૂન વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૪૭૦૦.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૭૨.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં ગત માર્ચ મહિનામાં ચીનની સોનામાં ખરીદી જળવાઈ રહેતાં તેની સોનાની અનામત જે ફેબ્રુઆરી મહિનામાં ૭.૪૨૨ કરોડ ફાઈન ઔંસની હતી તે વધીને ૭.૪૩૮ કરોડ ફાઈન ઔંસની સપાટીએ રહી હોવાના અહેવાલ હતા. નોંધનીય બાબત એ છે કે આ સાથે જ ચીનની ૧૭માં મહિનામાં ખરીદી જોવા મળી છે.

એકંદરે હાલના તબક્કે સોનાને ભૂરાજકીય સ્થિતિ અને યુદ્ધને ધ્યાનમાં લેતા આર્થિક અનિશ્ચિતતાનો ટેકો મળી રહ્યો હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ ઊંચી સપાટી આસપાસ રહેતી હોવાથી સુધારો મર્યાદિત જોવા મળી રહ્યો હોવાનું એક્ટિવ ટ્રેડ્સનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવતા ઉમેર્યું હતું કે અત્યારે તેજીના ખેલાડીઓ પણ નવી લેવાલીથી દૂર રહ્યા છે અને યુદ્ધની સ્થિતિ થાળે પડે અને ચિત્ર સ્પષ્ટ થાય તેની રાહ જોઈ રહ્યા હોય તેમ જણાય છે. રહેતું હોવાથી સુધારો મર્યાદિત રહેતો

દરમિયાન અમેરિકાના શાંતિ પ્રસ્તાવ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ ખોલવાની માગ સ્વીકાર્ય ન હોવાનું આજે તહેરાને જણાવતાં ઈરાન અને ઈઝરાયલના એકમેક પરનાં હુમલા ચાલુ રહ્યાના અહેવાલ છતાં આજે પાકિસ્તાન ખાતેના ઈરાનના રાજદૂતે જણાવ્યું હતું કે યુદ્ધ વિરામ માટે પાકિસ્તાનની મધ્યસ્થીના પ્રયાસો મહત્ત્વના તબક્કામાં છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને અત્યાર સુધીમાં સોનાના વૈશ્વિક ભાવમાં અંદાજે ૧૨ ટકા જેટલો ઘટાડો આવી ગયો છે.

આમ ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા વધારાને કારણે ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ નહીં મૂકે એવી ધારણા બજાર વર્તુળો મુકી રહ્યા છે.

# એલ્યુમિનિયમ, ઝિન્ક અને કોપરની અમુક વેરાઈટીમાં ધીમો સુધારો

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે આજે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને કોપરની અમુક વેરાઈટીઓમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦, રૂ. આઠ અને રૂ. સાતનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની નવેસરથી લેવાલી નીકળવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૩૬૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૧૭૭, રૂ. ૧૧૭૩ અને રૂ. ૩૩૧ તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૧૬૯ના મથાળે રહ્યા હતા.


## પશ્ચિમ રેલવે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોની ચાર જોડીની ટ્રીપ લંબાવશે

| ટ્રેન નં. | થી | સુધી | દોડવાના દિવસ | નીચેની તારીખ સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| ૦૯૧૮૯ | મુંબઈ સેન્ટ્રલ | કટિહાર | શનિવાર | ૧૬.૦૫.૨૬થી ૨૫.૦૭.૨૬ |
| ૦૯૧૯૦ | કટિહાર | મુંબઈ સેન્ટ્રલ | મંગળવાર | ૧૯.૦૫.૨૬થી ૨૮.૦૭.૨૬ |
| ૦૯૧૮૩ | મુંબઈ સેન્ટ્રલ | બનારસ | બુધવાર | ૨૦.૦૫.૨૬થી ૨૯.૦૭.૨૬ |
| ૦૯૧૮૪ | બનારસ | મુંબઈ સેન્ટ્રલ | શુક્રવાર | ૨૨.૦૫.૨૬થી ૩૧.૦૭.૨૬ |
| ૦૯૦૯૩ | ઉધના | અયોધ્યા કેન્ટ | શુક્રવાર | ૧૫.૦૫.૨૬થી ૩૧.૦૭.૨૬ |
| ૦૯૦૯૪ | અયોધ્યા કેન્ટ | ઉધના | શનિવાર | ૧૬.૦૫.૨૬થી ૦૧.૦૮.૨૬ |
| ૦૯૦૯૭ | ઉધના | અયોધ્યા કેન્ટ | મંગળવાર | ૧૯.૦૫.૨૬થી ૨૮.૦૭.૨૬ |
| ૦૯૦૯૮ | અયોધ્યા કેન્ટ | ઉધના | બુધવાર | ૨૦.૦૫.૨૬થી ૨૯.૦૭.૨૬ |

સમય, થોભવાના સ્થળો અને સંરચના અંગેની વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપયા www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.

ટ્રેન નં. ૦૯૧૮૯, ૦૯૧૮૩, ૦૯૦૯૩ & ૦૯૦૯૭ ની વિસ્તૃત ટ્રિપ માટે બુકિંગ ૦૮.૦૪.૨૦૨૬થી PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ ભાડા પર સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો: facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટિકિટો પર અસલ ID પ્રૂફ સાથે રાખશોજી


# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૨૦ની પીછેહઠ

મુંબઈ: ગુજરાતનાં મથકો પર આજે સતત બીજા સત્રમાં ખાસ કરીને સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઘટાડો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦નો આવ્યો હતો. આ ઉપરાંત સરસવના ભાવ પણ રૂ. ૨૦ ઘટી આવ્યા હતા. જોકે, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૫નો સુધારો આવ્યો હતો.

વધુમાં ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૦૧ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ પર ક્રૂડ પામતેલના વાયદામાં ૪૫ રિંગિચ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ તેમ જ સ્થાનિકમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજ પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૪૦નો ઘટાડો અને આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૮૫ અને રૂ. ૧૭૫૦ અને મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૫૨૫ અને મે-જૂન ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૬૫ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૨૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ગોકુલ એગ્રોની પામોલિનમાં મે કોન્ટ્રાક્ટમાં બાયબેકમાં રૂ. ૧૪૫૫ના મથાળે લેવાલી નીકળી હતી.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૮૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૬૦૦માં અને રાજકોટ મથકે ૪૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૮૦માં થયા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૨૫માં થયાના અહેવાલ હતા.

# ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલમાં તેજી રહેતાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા પટકાયો

મુંબઈ: વૈશ્વિક બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં મજબૂત વલણ રહેવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૮૬૧૭.૧૭ કરોડની ચોખ્ખી વેચવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ૧૭ પૈસા પટકાઈને ૯૩.૦૬ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસી કમિટીની નાણાંનીતિની સમીક્ષાની બેઠકની ફળશ્રુતિ પૂર્વે ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૨.૯૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૩.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૩.૦૭ અને ઉપરમાં ૯૨.૦૮૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૬ પૈસાના ઘટાડા સાથે ૯૩.૦૬ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે રિઝર્વ બૅન્કે ગગડતા રૂપિયાને અટકાવવા માટે પગલાં લીધા હોવાથી ગઈકાલે (સોમવારે) રૂપિયામાં ૨૮ પૈસાનો ઉછાળો આવ્યો હતો. તાજેતરમાં રિઝર્વ બૅન્કે સટ્ટાને ડામવા માટે બૅન્કોની નેટ ઓપન પોઝિશનની મર્યાદા ઘટાડીને ૧૦ કરોડ ડૉલર કરી હતી. તેમ જ ગત સોમવારથી શરૂ થયેલી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની ત્રણ દિવસીય નીતિવિષયક બેઠક પર ટ્રેડરોની નજર હોવાથી અમુક અંશે આજે બજારમાં સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે વધ્યા મથાળેથી સાધારણ ૦.૧૫ ટકાના ઘટાડા સાથે ૯૯.૮૩ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫૯ ટકા વધીને બેરલદીઠ ૧૧૦.૩૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૫૦૯.૭૩ પૉઈન્ટ અને ૧૫૫.૪૦ પૉઈન્ટ વધીને બંધ રહ્યા હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે ભાવનગર ડિવિઝન**

**ઓફ ગ્રીડ સોલાર પેનલ્સની જોગવાઈ**

**નંબર. DRM/EL/BVP/2025-26/29 તારીખ 06/04/2026;** ડિવિઝનલ રેલવે, મેનેજર (EL), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામો માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: ટેન્ડર વિગતો નીચે મુજબ છે:- **અનુ ક્રમ (1); ઇ-ટેન્ડર નંબર: BVP-EL-P-44-2025-26; કાર્યનું નામ:** ભાવનગર મંડળ:- વિવિધ એલસી ગેટ સ્થળોએ ઓફ ગ્રીડ સોલાર પેનલ્સની જોગવાઈ; **ટેન્ડર મૂલ્ય:** ₹ 13744575; **ઇએમડી:** ₹ 274900; **ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 14/04/2026; **બિડિંગ બંધ થવાની તારીખ:** 28/04/2026; વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** પર લોગ **ઇન કરો.** BVP – 323

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**TENDER NOTICE**

**" SHREENATH NAGAR CO-OPERATIVE HOUSING SOCIETY LTD. "**

invites bids from reputed developers for the redevelopment of their existing Residential Premises to Residential cum Commercial Redevelopment Project of their society's land & building under prevailing applicable DCR of DCPR 2034. The society is situated, lying and being at Shiv-Vallabh Road, Ashokvan, Dahisar (East), Mumbai – 400068 situated on land bearing Survey No-176 and Hissa No-06, CTS No. 2501, 2502, 2503, 2504, 2504/1 to 2504/4 and 2505 of Village - Dahisar, Taluka-Borivali Mumbai Suburban District admeasuring **6719.90 Sq. Mtrs** and out of which society is in possession of **land admeasuring 5222.23 Sq. Mtrs** and encroached area / set back area of land admeasures **1497.67 Sq.Mtrs** both along with the "Society's Building" and Encroachments / Set Back standing thereon., adjacent to 18.30 Mts. wide Shiv Vallabh Road, and 6.10 Mts. wide Road Line Between Shiv Vallabh Road and Shukla Compound, Dahisar East.

The Blank Tender Forms are available at PMC's Office from Wednesday, **08/04/2026 to Thursday, 30/04/2026 From 11:00 am To 5:00 pm (Excluding Sundays & Public Holidays) on payment of Non-Refundable Fees of Rs. 25,000/-** (Rupees Twenty Five Thousand Only) payable in the form of Demand Draft / Pay Order only in favor of the Society

**SOCIETY : SHREENATH NAGAR CO-OPERATIVE HOUSING SOCIETY LTD**
**Shiv-Vallabh Road, Near Gokul Anand Hotel, Dahisar (East), Mumbai – 400068**
**Hon. Chairman : Mr. Rajaram Bhosle - 9967471002**
**Hon. Secretary : Mr. Nirmal Lodha - 9821286844**

**Location Highlights :** Strategically located near the Western Express Highway, with Ovaripada Metro Station less than 2-minute walk. Nensey Colony ST Stand is at 5-minute walking distance. The property is situated near well-known Sanjay Gandhi National Park, which is just 1.5 KMS. The area is well-developed, with multiple Schools, Hospitals, Medical and essential facilities, banks, etc. in extreme close proximity, ensuring excellent connectivity and everyday convenience

**PMC: M/S.PRISM CONSORTIUM**
**114, Corporate Avenue, Sonawala Road, Next To Udyog Bhawan, Goregaon East, Mumbai - 400063.**
**Tel.: 9323562151/9987564444**
**Email: info@prismgroup.biz / pmcbyprism@gmail.com / www.prismgroup.biz**

**ADVOCATES**
**Advocate Nevil Pravin Chheda, Advocate Sejal Nevil Chheda, Chheda and Associates, Shop No.7, 8, Ground Floor, Madhur Apartments, TPS Road, Borivali West, Mumbai 400 092**

**Note:**
1)The Society has obtained the ownership of the Plot under Reference bearing CTS No. 2501, 2502,2503, 2504, 2504/1 to 2504/4 and 2505 **admeasuring 6719.90 Sq.Meters** vide Registered Deemed Conveyance Deed dated 20.06.2019 and Order of Deemed Conveyance dated 14/08/2018
2) The Property Register Card stands as Agricultural Land and yet is to be transferred in the name of the Said Society and it shall be mandatory for the successful bidder/ promoter to make necessary changes and bring effect of transfer at his resources, cost, expenses and consequences before obtaining IOD/IOA.
3) As per All Station Survey Plan out of the total land admeasuring **6719.90 Sq. Meters, the Land admeasuring 5222.23 Sq. Mtrs is in possession of the Society and balance 1497.67 Sq. Meters** is encroached by various structures, different individuals, using it as residential and commercial users / set back, and as per such facts mentioned in the last approved /sanctioned plans dated 05/10/1987 (OC Plan).
4) The said society consists of 04 Wings viz. A, B, C, D Wing consisting of 133 no. of. Residential Units having total MOFA Carpet area of 58851.68 Sq. Ft. (5467.45 Sq. Mt) inclusive of the Balcony. Out of 133 flats, 13 flats are in possession of Commissioner of Police, Brihanmumbai.
5) **The EMD of Rs. 5,00,000/- (Rupees Five Lakhs Only)** shall become due and payable in the Form of Demand Draft/ Pay Order In Favor of the Society While Submitting the Tender.
6) Sealed Tender to be submitted on **Saturday, 30/05/2026 between 11:00 am to 06:00 pm** at Society's Office.
7) Society Reserves Its Right to Reject/ Refuse/ Cancel Any/ All Tenders without assigning any reason of whatsoever nature.

**Dated: 08/04/2026** **Sd/-**
**Place: Mumbai** **The Secretary**



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટિસ**

| | |
|---|---|
| વિભાગ | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| સબ સેક્શન | સ્ટોર પ્રસ્તાવ |
| ટેન્ડર નંબર | ૨૦૨૬_MCGM_૧૨૯૩૦૫૦_૧ |
| વિષય | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસમાં મોનોક્રોમ ડિઝિટલ પ્રિન્ટિંગ સર્વિસેસની જોગવાઈ. |
| ટેન્ડર ફોર્મનું વેચાણ | તા. ૦૮.૦૪.૨૦૨૬ સમય ૧૧.૦૦ કલાકથી તા. ૧૬.૦૪.૨૦૨૬ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| સ્થળ | http://portal.mcgm.gov.in/ www.mahatenders.gov.in |
| લાયઝન અધિકારી | |
| A) નામ | શ્રીમતી સ્વપ્ના ઘુલે ડે. મેનેજર, મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| B) ટેલિ. નં. (ઓફિસ) | ૦૨૨-૨૩૦૨૩૪૩૨ |
| C) મોબાઈલ નંબર | ૯૭૦૨૪૯૫૫૪૪ |
| D) ઈમેલ id | dymmp1.mpp@mcgm.gov.in |

સહી/-
મેનેજર
મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ

PRO/43/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**

**પબ્લિક નોટીસ**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૯ સુધી સુધારિત)ની કલમ ૮(૩)(C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન-Iમાં **'A'** વૉર્ડમાંથી ૦૧ પ્રસ્તાવ, 'D' વૉર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ, ઝોન-IIમાં 'G/સાઉથ' વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવ, કુલ ૦૫ પ્રસ્તાવો વૃક્ષોને હટાવવા માટે મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રી ઓથોરિટી/ BMC's ટ્રી ઓથોરિટી/ મ્યુનિસપલ કમિશનર, ચેરમેન ટ્રી ઓથોરિટી (BMC)ની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- www.mcgm.gov.in → About us → Wards/Departments → Department Manuals → Gardens & Tree Authority → Tree Authority → Public notice 7 days → **341- Adv-7 days-Z- I & II** ઉપર ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ પ્રસ્તાવો માટે નાગરિકોના વાંધા/ સૂચનો જો કોઈ હોય તો, સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટીસ છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરેલ ફોર્મેટમાં મંગાવાય છે.

તમે તમારા સૂચનો/ વાંધાઓ આ ઈમેલ- dysg.ta@mcgm.gov.in પર નિયત કરેલ ફોર્મેટમાં સુપ્રત કરી શકો છો. નિયત કરેલ ફોર્મેટમાં તમારા સૂચનો / વાંધાઓ જણાવેલ સમયમાં પ્રાપ્ત થશે તેની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલ ઈમેલ અથવા લેખિત સૂચનો/ વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મેળવવામાં આવેલ સૂચનો/ વાંધા માટેની સુનાવણી ૧૭/૦૪/૨૦૨૬ના સાંજે ૪.૩૦ ક. સાંજે ૫.૦૦ ક. સુધી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને આ સુનાવણીમાં હાજર રહેવું જરૂરી જણાય છે તેઓ તેમના ઈ-મેલ, સૂચનો/ વાંધાઓની નકલ સાથે હાજર રહે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ,
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ. નં. ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
સુપ્રી. ઓફ ગાર્ડન્સ ઓફ ટ્રી ઓફિસર

PRO/35/ADV./2026-27

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનીયરિંગ કાર્યો**

**નં. W/118/NIT/E-Tender/2026-27/WA/01 તારીખ : 06/04/2026; ઈ-ટેન્ડર નં. 01-2026-27 થી 04-2026-27; ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 01-2026-27 | ભાવનગર મંડળ:- સિનિયર ડીઇએન (સી) ના અધિકારક્ષેત્ર હેઠળ 9 નંબરના લેવલ ક્રોસિંગને કનેક્ટિંગ રોડ આપીને બંધ કરવા. | 7,46,23,309.94 | 14,92,500.00 |
| 02 | 02-2026-27 | સિનિયર ડીઇએન (સી) અધિકારક્ષેત્ર - મંજૂર કામ સામે ટ્રેક મેન (37 નંગ) માટે ટૂલ રૂમ સાથે રેસ્ટ રૂમ ની વ્યવસ્થા કરવી; ભાવનગર મંડળ - ટ્રેક મેન (81 નંગ) માટે ટૂલ રૂમ સાથે રેસ્ટ રૂમ ની વ્યવસ્થા કરવી. | 4,49,64,542.32 | 8,99,300.00 |
| 03 | 03-2026-27 | ભાવનગર ટર્મિનસ (બીવીસી) યાર્ડ રિમોડેલિંગ અને ઇન્ટરલોકિંગના સુધારણાના સંદર્ભમાં પુલ વિસ્તરણ કાર્ય. | 3,35,41,760.07 | 6,70,800.00 |
| 04 | 04-2026-27 | ભાવનગર ટર્મિનસ યાર્ડ રિમોડેલિંગ અને ઇન્ટરલોકિંગના સુધારણાના સંદર્ભમાં સિવિલ કાર્ય. | 19,42,65,298.74 | 38,85,300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 15/04/2026; **બિડિંગ બંધ થવાની તારીખ:** 29/04/2026; વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** પર લોગ ઇન કરો. BVP – 322

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# મુંબઈમાં કુલ છ મેટ્રો રૂટ કાર્યરત

## ▸ આખરે મેટ્રો-૯ અને મેટ્રો ટૂ-બીના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન ▸ આજથી પ્રવાસીઓની સેવામાં સામેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહિસર(પૂર્વ)થી મીરા રોડના કાશીગાંવ સુધીની મુંબઈ મેટ્રો લાઈન-નવ અને માંડલેથી ચેમ્બુર સુધીની લાઈન ટૂ-બીના પહેલા તબક્કાની મેટ્રો રેલનું મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ઘાટન કર્યું હતું. બુધવારથી આ બંને લાઈન પર નિયમિત મેટ્રો રેલ સેવા શરૂ થશે. મંગળવારના બે મેટ્રો રેલ સેવાના ઉદ્ઘાટન સાથે જ હવે મુંબઈમાં કુલ છ મેટ્રો રૂટ કાર્યરત થઈ ગયા છે, જેમા મેટ્રો લાઈન-વન (ઘાટકોપર-અંધેરી-વર્સોવા), મેટ્રો લાઈન-ટૂએ (અંધેરી પશ્ચિમ-દહિસર-પૂર્વ), મેટ્રો લાઈન-૭ (દહિસર પૂર્વ અને અંધેરી પૂર્વ) અને મેટ્રો લાઈન -૩ એક્વા લાઈન (કોલાબા-બાન્દ્રા કૉમ્પ્લેક્સ-શીપ્ઝ) નો સમાવેશ થાય છે.


(અમય ખરાડે)

મુખ્ય પ્રધાને મંગળવારે મેટ્રો લાઈન-નવના પહેલા તબક્કાની મેટ્રો રેલની ઉદ્ઘાટન કર્યું હતું. દહિસર પૂર્વથી ટ્રેનને તેમણે લીલી ઝંડી આપી હતી. એ બાદ નાયબ મુખ્ય પ્રધાન અને મુંબઈના મેયર સાથે મેટ્રો રેલમાં તેઓ કાશીગાવં સુધી ગયા હતા. આ લાઈન મુંબઈના છેડા દહિસરને પડોશી થાણે જિલ્લાના મીરા-ભાયંદર સાથે જોડે છે. અગાઉ આ પટ્ટામાં પ્રવાસ કરવા માટે એકથી બે કલાકનો સમય લાગતો હતો તે હવે આ મેટ્રો લાઈનથી પ્રવાસનો ઘટીને ૩૦ મિનિટ પર આવી

(જુઓ પાનું ૪) ▸▸

### ગુંદવલી-કાશીગાંવ

મેટ્રો લાઈન સાત અને નવ કોરિડોર (ગુંદવલી-કાશીગાંવ) પહેલી મેટ્રો સવારના ૫.૫૦થી રાતના ૧૧ વાગ્યા સુધી કાર્યરત રહેશે. પીક અવર્કસમાં મેટ્રો રેલની ફ્રીકવન્સી છ મિનિટથી ઓછી રહેશે. આ રૂટ પર અઠવાડિયામાં દિવસના ૨૭૬ સર્વિસ રહેશે, જેમાં શનિવારે ૨૨૩ અને રવિવારે ૨૦૫ ફેરી થશે.

### મેટ્રો- સાત અને મેટ્રો-નવને જોડવામાં આવશે

મેટ્રો લાઈન-નવ લોન્ચ થવાની સાથે જ લાઈન ટૂ-એ અને મેટ્રો લાઈન-સેવન સ્વતંત્ર કોરિડોર તરીકે સ્વતંત્ર રહેશે. અગાઉ આ લાઈન પર સેવા અંધેરી પૂર્વથી દહિસર પૂર્વ થઈને અંધેરી પશ્ચિમ સુધી એક જ સ્ટ્રેચ તરીકે ચલાવવામાં આવતી હતી. મેટ્રો લાઈન-સાતને મેટ્રો લાઈન-નવ સાથે જોડવામાં આવશે, જેનાથી અંધેરી પૂર્વથી કાશીગાંવ થઈને મીરા-ભાયંદર સુધી સીધી કનેક્ટિવિટી શક્ય બનશે. દહિસર સ્ટેશન પર એક ઈન્ટરચેન્જ સુવિધા પેઈડ એરિયામાંથી બહાર નીકળ્યા વગર સીમલેસ ટ્રાન્સફરની મંજૂરી આપશે. ■

# સરકારી કંપની શૅરબજારમાં લિસ્ટેડ થશે, સરકારી નોકરીઓમાં 'આઈટી કેડર'

## રાજ્ય પ્રધાનમંડળના પાંચ મોટા નિર્ણયો

મુંબઈઃ રાજ્ય પ્રધાનમંડળની મંગળવારે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી,જેમાં પાંચ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. પ્રધાનમંડળના નિર્ણય મુજબ રાજ્યમાં હવે 'ઈલેક્ટ્રોનિક્સ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' માટે એક અલગ મંત્રાલયનું ગઠન કરવામાં આવશે. મહાવિતરણની નાણાકીય સ્થિતિ સુધારવા માટે 'બોલ્ડ' પગલાં લેવાના સરકારના નિર્ણયને કેબિનેટે મંજૂરી આપી છે. વહીવટમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ વધારવા માટે બે મહત્વપૂર્ણ કંપનીઓની સ્થાપના કરવામાં આવશે. આ ઉપરાંત કોલ્હાપુર અને સાંગલી જેવા પૂરગ્રસ્ત વિસ્તારોને મોટી રાહત આપવા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય પ્રધાનમંડળની બેઠકમાં લેવાયેલા પાંચ મહત્વપૂર્ણ નિર્ણયોઃ

૧) મહારાષ્ટ્રમાં એક નવો સ્વતંત્ર ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિભાગ સ્થાપવામાં આવશે. વિકસિત ભારતમાં વિકસિત મહારાષ્ટ્ર ૨૦૪૭ ના લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. ઇન્ફોર્મેશન ટેકનોલોજી નિયામકમંડળને ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમિશનરેટમાં રૂપાંતરિત કરવામાં આવશે. મંત્રાલય, કમિશનર કચેરીઓ અને તમામ જિલ્લાઓ માટે કાયમી જગ્યાઓ સાથે એક નવું આઇટી કેડર બનાવવામાં આવશે. આનાથી રાજ્યમાં આઇટી, એઆઈ અને ડિજિટલ ગવર્નન્સને વેગ મળશે.

૨) મહારાષ્ટ્ર રિમોટ સેન્સિંગ એપ્લિકેશન સેન્ટર (એમઆરએસએસી) હવે એક કંપની બનવા જઈ રહી છે. સોસાયટીઝ એક્ટ ૧૮૬૦ હેઠળ નોંધણી રદ કરીને કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૮ હેઠળ કંપની બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી રોડ ઇન્ફર્મેશન સિસ્ટમ, અર્બન પ્લાનિંગ, જળયુક્ત શિવાર - વોટરશેડ ડેવલપમેન્ટ, ડોંગરી વિકાસ યોજના, ઇ-પંચનામા, મહાએગ્રી ટેક, મેન્ગ્રોવ અભ્યાસ, ભૂગર્ભજળ વ્યવસ્થાપન, ખનીજ અને ખાણ અભ્યાસને પ્રોત્સાહન મળશે.

૩) જીઓસ્પેશિયલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વહીવટમાં ગતિશીલતા લાવવા માટે મહારાષ્ટ્ર જીઓટેકનોલોજી એપ્લિકેશન સેન્ટર (મહાજીઓટેક) કંપનીની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આધુનિક ટેકનોલોજી, સંશોધન, જીઓસ્પેશિયલ ઇનોવેશન અને ઉદ્યોગસાહસિકતા વિભાગ વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો અને

(જુઓ પાનું ૪) ▸▸

# મીરા-ભાયંદરના વિવાદાસ્પદ ફલાયઓવર પર ફડણવીસે કરી સ્પષ્ટતા

મીરા-ભાયંદર : મીરા-ભાયંદરમાં મેટ્રો લાઇન પર એક ફ્લાયઓવર બનાવવામાં આવ્યો છે. જોકે આ પુલની ડિઝાઇન પર નાગરિકોએ રોષ વ્યક્ત કર્યો હતો. આ પુલ શરૂઆતમાં ચાર-લેનનો હતો. જોકે, ફાટક પાસે ઉતરતી વખતે તે અચાનક બે-લેનનો થઈ જાય છે.

નાગરિકોએ એવી આશંકા વ્યક્ત કરી છે કે આ ફ્લાયઓવરની ડિઝાઇન ભવિષ્યમાં ટ્રાફિક જામનું કારણ બનશે અને એમએમઆરડીએની આકરી ટીકા કરી હતી. મીરા-ભાયંદરમાં પુલ વિશે સ્પષ્ટતા કરતા ખુદ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, આ પુલ ખૂબ જ ભીડવાળા વિસ્તારમાં બનાવવામાં આવ્યો છે. બધા જાણે છે કે તે જગ્યાએ પુલ બનાવવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ નથી. પુલ પૂર્ણ થાય તે પહેલાં જ તેના ફોટા પાડીને વિવાદ ઉભો કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું, મેં એમએમઆરડીએ અધિકારીઓ સાથે આ અંગે વિગતવાર ચર્ચા કરી છે. હાલમાં તમે ફક્ત અડધી ડિઝાઇન જોઈ છે. હું એમ નહીં કહું કે પુલ પૂર્ણ થયા પછી તેની ડિઝાઈનમાં કોઈ મોટા ફેરફારો થશે, કારણ કે ત્યાં ખૂબ ઓછી જગ્યા છે, પરંતુ, ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિઓના આધારે પુલનું કામ પૂર્ણ કરવામાં આવશે. ■



# થાણેમાં શનિ-રવિ ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં માજિવાડા જંકશન પાસે મેઈન પાણીની પાઈપલાઈન પાસે મોટા પ્રમાણમાં પાણીનું ગળતર થઈ રહ્યું હોવાથી થાણે મહાનગરપાલિકા દ્વારા તેનું તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરવામાં આવવાનું છે. તેથી શનિવારથી રવિવાર સુધીના ૨૪ કલાક માટે થાણેના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રહેશે. થાણે પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ થાણે મહાનગરપાલિકાની પોતાની પાણીપુરવઠા યોજના અંતર્ગત આવતા માજિવાડા જંકશન ખાતે મુખ્ય પાઈપલાઈનમાં મોટા પ્રમાણમાં પાણીનું ગળતર થઈ રહ્યું છે, તેને કારણે ટ્રાફિકમાં પણ અડચણ નિર્માણ થઈ રહી છે. તેથી આ ગળતરને રોકવા માટેનું કામ શનિવાર ૧૧ એપ્રિલ,૨૦૨૬ના સવારના નવ વાગ્યાથી રવિવાર, ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના સવારના નવ વાગ્યા સુધી એટલે કે ૨૪ કલાક સુધી ચાલશે. તેથી આ સમય દરમ્યાન થાણે શહેરના અમુક વિસ્તારમાં પાણીપુરવઠો બંધ રાખવામાં આવવાનો છે. ■

### આ વિસ્તારોમાં પાણી નહીં આવે

શટડાઉન દરમ્યાન થાણે પાલિકા અંતર્ગત દત્તવાડી, બૉમ્બે કોલોની, જીવન બાગ, મુંબ્રા દેવી, શૈલેશ નગર, ઉદયનગર, રેતીબંદર, સમ્રાટ નગર, નારાયણનગર, મેક કંપની વોટર ટેન્કથી શંકર મંદિર વિસ્તાર, સંજય નગર પરિસર, રઘુકુલ, પારસિક નગર, આતકોનેશ્વર નગર પરિસર, પૌંડ પાડા, ખારેગાવ, કલવા, મનિષાનગર, ક્રાંતીનગર, સાકેત કૉમ્પ્લેક્સ, મહાગિરી, ખારટન રોડ, સિડકો, બસસ્ટોપ પરિસર, કોપરી કોળીવાડા, પંચગંગા, રાબોડી-એક અને બે, આકાશગંગા, બાળકુમ, રામ મારુતી નગર, કલ્પતરુ, બ્રહ્માંડ, ઋતુ સિટી, ગોકુળ નગર, આઝાદનગર, મસનવાડા, ઈંદિરાનગર, સાવરકર નગર, સાઠે નગર, આંબેવાડી, ડવલેનગર, રામનગર,

(જુઓ પાનું ૪) ▸▸

# થાણે-બોરીવલી ટ્વિન ટનલ ૨૦૨૮ સુધીમાં કાર્યરત થશે


(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનના નીચેથી પસાર થનારી ૧૦.૨૫ કિલોમીટર લંબાઈની મહત્ત્વાકાંક્ષી ટ્વિન ટનલ પ્રોજેક્ટનું ભૂમિપૂજન મંગળવારે સવારના પાર પડયું હતું. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ હાલ બોરીવલીથી થાણે વચ્ચેનું અંતર પૂરું કરવામાં માટે ૯૦ મિનિટનો સમય લાગે છે તે ઘટીને માત્ર ૧૫ મિનિટમાં આ અંતર કાપી શકાશે.

મુખ્ય પ્રધાને આ પ્રોજેક્ટ અંતર્ગત બનાવવામાં આવી રહેલી ટનલને મુંબઈના ઉપનગર બોરીવલીથી

(જુઓ પાનું ૪) ▸▸

# ઘાટકોપરમાં શુક્રવારથી પાણીપુરવઠો પૂર્વવત્ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઘાટકોપર (પશ્ચિમ)માં આવેલા લોવર-લેવલ ઘાટકોપર જળાશયમાં બે કમ્પાર્ટમેન્ટનું સમારકામ પાણીપુરવઠા વિભાગ મારફત પૂર્ણ કરવામાં આવ્યું છે. તેથી ૧૦ એપ્રિલ, ૨૦૨૬થી બંને કમ્પાર્ટમેન્ટમાંથી પાણી પુરવઠો કરવામાં આવવાનો છે. સમારકામ દરમ્યાન પાણીપુરવઠાના સમયમાં તાત્પૂરતો ફેરફાર કરવામાં આવ્યો હતો પણ હવે સમારકામ બાદ દરેક વિસ્તારમાં કરવામાં આવતો પાણીપુરવઠાનો સમય ૧૦ એપ્રિલથી પૂર્વવત્ કરવામાં આવ્યો છે. તકેદારીના પગલારૂપે નાગરિકોને આગામી પાંચ દિવસ સુધી પાણી

(જુઓ પાનું ૪) ▸▸







# ભારતની પહેલી ડ્રાઈવરલેસ પોડ ટૅક્સી સિસ્ટમનું ભૂમિપૂજન

## પહેલા તબક્કામાં પોડ ટેક્સી સુવિધા ૧૦ મહિનામાં ઉપલબ્ધ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના અત્યંત વ્યસ્ત વિસ્તાર ગણાતા બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ(બીકેસી)માં પોડ ટેક્સી પ્રોજેક્ટનું મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભૂમિપૂજન કર્યું હતું. કુર્લા અને બીકેસી વચ્ચે વિકસાવવામાં આવી રહેલી ડ્રાઈવર વગરની પોડ ટેક્સીનો પ્રોજેક્ટ એક ઓટોમેટેડ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ છે, જેમાં મુંબઈગરાને પ્રતિકલાકની ૪૦ કિલોમીટરની ઝડપે દોડનારી પોડ ટેક્સીની સુવિધા ઉપલબ્ધ થવાની છે.

મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું એ દરમ્યાન તેમણે કહ્યું હતું કે મુંબઈના અત્યંત વ્યસ્ત કમર્શિયલ વિસ્તારમાં ૨૦૩૧ની સાલ સુધીમાં પોડ ટેક્સીનું નેટવર્ક ૮.૮૫ કિલોમીટરથી વધુ રહેશે અને બાવીસ સ્ટેશન સુધી વિસ્તારવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ માટે જરૂરી તમામ મંજૂરીઓ મળી ગઈ છે. ટ્રાફિફ ઘટાડવાની સાથે જ મુસાફરીનો સમય બચાવવાની સાથે જ પર્યાવરણને અનુકૂળ એવી પોડ્સ ટેકસીમાં ૨૦૩૧ સુધીની દરરોજ ૧.૦૯ લાખથી વધુ મુસાફરો પ્રવાસ કરશે એવો અંદાજો છે. આ પ્રોજેક્ટ રાજ્ય સરકાર અને એમએમઆરડીએ પર કોઈ પણ નાણાકીય બોજ વિના પબ્લિક-પ્રાઈવેટ પ્રાઈવેટ પાર્ટનરશીપ ધોરણ પર અમલમાં મૂકવામાં આવશે અને તેનાથી સરકારને આવક પણ ઊભી થશે. ■

### ૧૫ સેકેન્ડમાં સ્ટેશને

આ સિસ્ટમમાં રૂટમાં લગભગ ૨૦૦ મીટરના અંતરે બાવીસ એર કન્ડિશન્ડ સ્ટેશન હશે, દરેક પોડ છ મુસાફરને લઈ જવા માટે રહેશે. ડ્રાઈવરલેસ એઆઈ-આધારિત પોડ્સ સમર્પિત ગાઈડલાઈન પર બેટરી પાવર પર તે ચાલશે. દરેક પોડ્સ ટેકસી ૪૦ કિલોમીટરની પ્રતિ કલાકની ઝડપે દોડશે, જેમાં ફક્ત ૧૫ સેકેન્ડનો સમય લાગશે. આ ટેક્સી મુસાફરો દ્વારા પસંદ કરાયેલા સ્ટેશન પર જ હોલ્ટ કરશે, તેથી ઝડપી અને વધુ કાર્યક્ષમ ટ્રાન્સપોર્ટ સુવિધા ઉપલબ્ધ થશે. ■

### પહેલા તબક્કામાં કુર્લા-બાન્દ્રા વચ્ચે ટેક્સી

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેલવપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા કુર્લા અને બીકેસી વચ્ચે પોડ ટેક્સી પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવવાનો છે. પહેલા તબક્કામાં ઓટોમેટેડ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ કુર્લા અને બાન્દ્રા પૂર્વ વચ્ચે ૩.૩૬ કિલોમીટરના પટ્ટામાં દોડશે, જેમાં બાન્દ્રા પૂર્વ, કલાનગર, એમએમઆરડીએ ઓલ્ડ બિલ્ડિંગ, એક્સાઈસ વિભાગ, ભારત ડાયંડ બુર્સ ગેટ નંબર ૧૧, એમએમઆરડીએ પૅ ઍન્ડ પાર્ક, એલબીએસ રોડ અને કુર્લા ખાતે આઠ સ્ટેશનો રહેશે. આ રૂટ મુખ્યત્વે કમર્શિયલ સેન્ટરને જોડવા માટે બનાવવામાં આવ્યો છે. એ સાથે જ બાન્દ્રા અને કુર્લા ઉપનગરીય રેલવે સ્ટેશનને પણ જોડશે. સાથે જ આ સિસ્ટમ બીકેસી ખાતે મેટ્રો લાઈન-૩ અને આઈટીઓ અને આઈએલ એન્ડ એફએસ સ્ટેશન પર મેટ્રો લાઈન ટૂ-બી સાથે સંકલિત થશે, જે શહેરના મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ નેટવર્કને મજબૂત બનાવશે. પોડ્સ ટેકસી માટે એક ડેપો પણ બનાવવામાં આવવાનો છે. ■




# સમીર વાનખેડે સામેની તપાસ ફરિયાદોને આધારે કરાઇ, નવાબ મલિકના કહેવાથી નહીંઃ એનસીબી

મુંબઈઃ નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડે વિરુદ્ધ કથિત ગેરરીતિની તપાસ 'નનામી ફરિયાદો'ને આધારે શરૂ કરાઇ હતી, રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નેતા નવાબ મલિકના કહેવાથી નહીં, એવી સ્પષ્ટતા એનસીબી દ્વારા મંગળવારે મુંબઈ હાઇ કોર્ટ સમક્ષ કરવામાં આવી હતી.

એનસીબીના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ (સાઉથ વેસ્ટ રિજન) વિશાલ સાનપ દ્વારા દાખલ કરાયેલા સોગંધનામામાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૦૦૮ની બેચના આઇઆરએસ અધિકારી વાનખેડે વિરુદ્ધ તપાસ બે ચોક્કસ નનામી ફરિયાદ પર આધારિત હતી.

વાનખેડેના ભૂતકાળના કેસોમાં ગેરરીતિની તપાસ કરવાની અમારી ફરજ હતી. મલિકે તપાસ માટે કોઇ સંદેશ આપ્યો નહોતો. મલિકે કોઇ ફરિયાદ નોંધાવી નહોતી કે તપાસ માટે કોઇ સંદેશ આપ્યો નહોતો, એમ સોગંધનામામાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વાનખેડેએ ફિલ્મ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના મૃત્યુ સહિત પોતે હાથ ધરેલી ડ્રગ્સ કેસોની તપાસને હાઇ કોર્ટમાં અરજી થકી પડકારવામાં આવી છે.

વાનખેડેએ પોતાના વકીલ રાજીવ ચવાણ થકી

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.